શુદ્ધ ત્રણ થુઇ અને કારણે ચોથી થુઇ તથા શુદ્ધ સામાચારી

શ્રીઃ

राजेन्द्र सूर्योदयः

અનાદિ ત્રણ થુઈ કમલિની વિકાસ, અને અર્વાચીન ચાર થુઇ;
કુમુદિની સંપુટન, તથા શાસ્ત્રીય સામાચારી
તત્વાવલોકનને સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ત્રણ થુઇનો સમસ્ત સંઘ

સંવત ૧૯૫૯ ભાદ્રપદ સને ૧૯૦૩ આગષ્ટ

સુરત,
"દેશી મિત્ર" પ્રેસ.

શુદ્ધિ પત્ર.

પૃષ્ઠ.	ઓળ	અશુદ્ધ	શુદ્ધ
૩	૫	ભતવન	ભગવંત
૪	૧૪	ગ્રથો	ગ્રંથો
૫	૧૫	આસક્	આસક્ત
૫	૨૪	માડી	માંડી
૮	૩	આગન્યા	આગમ્યા
૮	૧૮	ગંથાભ્યાસજ	ગ્રંથાભ્યાસજ
૧૦	૬	પ્રતિકમણ	પ્રતિક્રમણ
૧૦	૮	પ્રતિકમણ	પ્રતિક્રમણ
૧૦	૧૦	,,	,,
૧૧	૨	નિષધ્ધ	નિષિદ્ધ.
૧૧	૧૯	વિષયાશક્ત	વિષયાસક્ત
૧૧	૨૭	અર્હત	અર્હત્
૧૨	૩	ઉપાશક દશા	ઉપાસક દશા
૧૨	૪	મિથ્ય દ્ષ્ટિ	મિથ્યા દૃષ્ટિ
૧૨	૧૬	પડિકમણુ	પડિક્કમણુ
૧૪	૭	જોણે	જાણે
૧૫	૬	ઉપાશાકદસથી	ઉપાસકદશાથી
૧૫	૧૩	ઉપાશક દસા	ઉપાસકદશા
૧૫	૨૩	સુરતાલીસ	સુડતાલીસ
૧૫	૨૭	સજઝયની	સજ્ઝાયની
૨૦	૩	સાધૂ	સાધુ
૨૧	૨૭	શાસ્રોકત	શાસ્રોક્ત
૨૩	૧૫	દેખાડવતે	દેખડાવતે
૨૩	૧૭	ચઢવાઇને	ચિઢવાઇને
૨૫	૨૯	પડતો	પડદો

૨૬	૨૪	ભાહાનુ ભાવો	મહાનુભાવો
૨૭	૨	ગંથ	ગ્રંથ
૨૭	૨	સમત	સંમત
૩૩	૧	લાકિક	લૌકિક
૩૪	૧૨	તથી	નથી
૩૫	૨	શ્વાવકોનું	શ્રાવકોનું
૩૬	૧૪	આમન્યા	આગમ્યા
૩૮	૧	અર્વાનીન	અર્વાચીન
૪૬	૧૪	શૂત્રો	સૂત્રો
૫૦	૪	ચોથીસ	ચોવીસ
૫૧	૧૫	ધણી	ધણે
૫૨	૧૧	મનાથ	મનાય
૫૩	૧૮	પચમી	પંચમી
૩૪	૪	શબ્દકોધાર	શંકોધ્ધાર
૩૯	૧૧	વ્રણ	ગુંમડા
૪૩	૧૩	આજ	એજ
૪૪	૭	આવતીછે	આ વતી છે.
૪૬	૨૮	જોગ રયું ખુહા	જોગ ક્યાં રહયો.
૪૮	૧૫	પોરેસી	પોરિસી
૫૦	૧૭	સેવણાજાવમખડા	સેવણા આભવ મખંડા
૫૩	૪	ધાવન રંજન	ધોવા રંગવા
૫૪	૧૮	શ્વાવિકા	શ્રાવિકા
१	९	मवर	प्रवर
११	६	सदद्	सद्द
१२	१९	वहवध	वहवंध
१४	२०	निशिथ	निशीथ
१४	२१	महानिशिथ	महानिशीथ
१४	३	आतूर	आतुर
१४	१७	सत्र	सूत्र

१५	२३	सम्मृत्त	सम्पत्त
२३	२४	अर्थि	अर्थी
२४	८	आग्रहावत मि- मीषातियुक्तिम्	आग्रहीवत निनीषाति युक्तिं
३३	५	त्व	त्वं
३३	६	दुरिठ	दुरितं
३३	७	इंदोः	इंदो
३७	११	चेइयाणं	चेइयाणिय
३७	१२	कढइ	कड्ढई
४५	४	पृथक पृथक	पृथक् पृथक्
६३	११	अर्जित	अजित

॥ श्री ॥

॥ श्री राजेंन्द्रसुरिजीकी भक्तीरुप ॥

॥ लावणी रंगत लंगडी ॥ चोक ॥

नरभवका फल, सुफल किया, चाहोतो करो राजेन्द्र गुरु.
शुधसमकित को. लिया चाहोतो करो राजेन्द्र गुरु ॥टेक॥
कुपंथ निवारी, सुपंथ जिया चाहोतो करो राजेन्द्र गुरु
अमृत प्याला पिया चाहोतो करो राजेन्द्र गुरु
आदि, अंत, और मध्य रीया चाहोतो करो राजेन्द्र गुरु
शिव रमणीमें गीया चाहोतो करो राजेन्द्र गुरु.

॥ शेर ॥

मतमतकी खेंचाताण, छेदाछेदमें पडना नांहि ॥
कु गुरु कपटी मित्रसें, जाके कभि अडना नांहि ॥
स्तुति कही सिद्धांतमें, तीनो कहा डरना नाहिं ॥
निर्जरा मारग एईहे, जिन राजका टरना नांहि ॥

॥ चौपाई ॥

परमारथ समजे सूखपाई, नाहिं समजे मृगमदहे पराई ॥
कपोल कल्पित कहे कोइ वाणि, अभवी जीव पडे अणजाणी ॥
मिलाप ॥ भवि प्राणी तुम जो सुखिया चाहोतो करो राजेन्द्र गुरु ॥ शुधसम० ॥१॥

॥ चोक ॥

नय निक्षेप स्वरूप, हिया चाहोतो करो राजेन्द्र गुरु ॥
षट द्रव्यमें दिल दिया, चाहोतो करो राजेन्द्र गुरु ॥
पंच इन्द्रिय पोषणसें बिया, चाहोतो करो राजेन्द्र गुरु
[illegible]चारसें भिया चाहोतो करो राजेन्द्र गुरु ॥

॥ शेर ॥

कठिया तेरे अढारें पाप स्थानक तोडदो ॥
मन वचन और काय गुप्ति तिनोसें चित जोडदो ॥
व्यसन सातोंका सदा सोबतका करना छोडदो
शील और संतोष सुमता कलश उपर चोडदो

॥ चोपाई ॥

जीव अजीव जाणने जोगा, आश्रव बंद पाप पूण्य रोगा ॥
सॉबर निर्जरा मोक्ष मन धारी, हयगये उपादे लीजो विचारी ॥

॥ मिलाप ॥

रस्व दीर्घकी जोमातियां चाहोतो करो राजेन्द्र गुरु. शुधसम० ॥२॥

॥ चोक ॥

पंच महा वृत उपल धीया चाहोतो करो राजेन्द गुरू ॥
चरणकमलको छीया चाहोतो करो राजेन्द्र गुरू ॥
ज्ञान खजाना अर्माफया चाहोतो करो राजेन्द्र गुरू ॥
विश्वनाथको धीया चाहोतो करो राजेन्द्र गुरू ॥

॥ शेर ॥

पासत्थाके बचन कोइ नहि सुणनां कानमें ॥
देखलो लिक्खा हुवा, सत्रोको तुम मेदानमे ॥
साधू हुवा शोघा नहि, नीज तत्वको इस जान्हमें ॥
कपडे रंगसे क्या हुवा, फत्तर न हुवा किस खानमें ॥

॥ चोपाई ॥

दया दया सब धरम बतावे. दया धरमका मरम नपावे ॥
त्रस हिंसा त्यागोरे भाई, षट जीवनपे करुणा लाई ॥

॥ मिलाप ॥

मूल युक्ति टीका भणिया चाहोतो करो राजेन्द्र गुरू ॥ सुघसम०

॥ चोक ॥

मात पिता भ्राता तमिया, चाहोतो करो राजेन्द गुरू ॥
अंशिया उसी रटीया, चाहोतो करो राजेन्द गुरू ॥
कविता करनेकु रचिथा, चाहोतो करो राजेन्द गुरू ॥
साधु सच्चे विया, चाहोतो करो राजेन्द गुरु ॥

॥ शेर ॥

विना कारण एक कारण दो मिलावो जिसकुं समजूमें ॥
युग युग स्तुती किस ग्रंथमें महिलावो जिसकुं समजूमें ॥
आश करके शिद हुवा दिखलावो जिसकुं समजूमें ॥
निरासहे निरपक्ष शिद किज लावो जिसकुं समजूमें ॥

॥ चौपाई ॥

कृत संसार छांड दिजो पेहलां, सामायिक प्रतिक्रमणाकि वेला ॥
आरत रौद्रध्यान मत लावो, धर्म ध्यान शुध भावना भावो ॥

॥ मिलाप ॥

गांग न्याहालचंदको रमिया चाहोतो करो राजेन्द गुरू
॥ सुधसम० ॥४॥

अच्छे बुरे साधूका वर्तनकी लावणी,

रंगत जिकडी, तिन कडीकी

श्वेतांबर लिंगका जिन मारगहे अनादि,
माहाराज, पीतांबरहे इन्द्र जालीजी ॥
जठा गाल बजावे बातें करवो खालीजी ॥ टेक॥

॥ चौक ॥

निरदोष साधुकुं दोष लगावे खोटा,
माहाराज, पापकी शर बांधे पोटा,
आप मीया मिठु बनकर कहे सबसे हम मोटा,
करे कपटसें किरिया भोलोकुं भरमावे,
माहाराज, झुलममें नहि वो शरमावे.
नया नया पंथ कहे दूजेकुं अयसी फरमावे,
अपनी प्रभुताके लिये वो बात बनावे,
माहाराज, सत्यकुं छोड असत्य गावे,
काम क्रोधसें लिप्त रहे वो नरककुंड जावे,

॥ मिलाप ॥

ए राग द्वेषका मारग जैन नहिं है
माहाराज, दगाकुं दुर दो टालोजी जूठा गाल बजावे ॥१॥

॥ चौक ॥

संयम लेनेकुं पास गुरु के जाते,
माहाराज, पंचमहाव्रतसें दिलाते,
दिक्षा महोत्सव हुवे बाद फिर सब छोडना ते.
उत्कृष्ट होकर साधु पदकुं पाते,
महाराज, भजनमें रहते दिनराते,
दोष बयालिस टाल, अहारवो निरवद्यजा लाते,
एसें मुनी संयम पालके मोक्षमें जाते,
माहाराज, सत्य गुरु सच्चे केहलाते,
आपतीरे औरओरुं तिरावे भविजन गुनगाते,

॥ मिलाप ॥

मानो, मानो सत गुरुको मानो मानो
माहाराज. वचन मत कहो कुचालीजी, जूठा गाल बजावे-॥२॥

॥ चाक ॥

संयमसें शीतल, कुगुरू क्रिया नहि पालें
माहाराज, इरिया सुमती नहि संभाले
कनक कांमिनी धारण करकें, मदोन्मत्त चाले
वो अतर तैल फूलेल बालोमें घाले
माहाराज, पंच महाव्रत खुंटया झाले,
देश विदेश फिरे वो गुरूकी आज्ञा नहि पाले
साबूसें कपडा धूवे रहे गुल्लालें
माहाराज, एसें गुरुका संघसें टाले
जिन शाशनका भेष बनाके वृथा भरम डालें

॥ मिलाप ॥

दील रंगा नहिं कपडें रंगेसें क्याहें
माहाराज, भरमकी भ्रमणा डालीजी, जूठा गाल बजावे० ॥२॥

॥ चौक ॥

अब सूरि विजय राजेन्द्र गुरु शुध मानो,
माहाराज, कुपक्ष कुं मत कोइ तानो,
निग्रंथ गरुकी श्रद्धा साची, सच करके जानो,
सब समझ बूजके सभामें बेठके गानो,
माहाराज, अजिरणपर फिर नहि खानो,
कुमारगमें जाय फेर कर शुध मारग लानो,
ए इयाद वादका नयें सुणो सब कानों
माहाराज, सत्य गरुसो गरणा छानो,
सूरि विजयं राजेन्द्र परखलो, फिर दिलसें मानो

॥ मिलाप ॥

अब न्याहालचंदका कहा बूरा मत मानों
माहाराज, कहिमें देखी भालीजी जूठा गाल बजावे० ॥३॥

॥ श्रीः ॥

॥नमः परमात्मने॥

राग द्वेष विजेतारं, वेत्तारं विश्व वस्तुनः ॥
धर्म तीर्थकरं कञ्चि, दर्हन्तं प्रणिदध्महे ॥१॥
यथा च्छंदो लूकाः, कृत कपट वेषा भयवशा,
मिलीयन्ते नीडा यितकुघर गेहेषु झटिति,
प्रफुल्लन्ति श्राद्धि, प्रवर जल जानि द्रुततरं,
प्रकाशो लोकेषू, द्युति विजय राजेन्द्र तरणौ ॥२॥

અર્થ—રાગ અને દ્વેષને જીતનાર, અખિલ વસ્તુના જાણનાર, ધર્મશાસ્ત્રના રચનાર જે કોઇ અર્હત્ ભગવાન, તેનું અમે પ્રણિધાન કરીએ છઇએ. ॥૧॥

રાજેન્દ્ર રૂપી સૂર્ય ઉદય થવાથી, જેમણે કપટ વેષ કર્યો છે એવા યથાચ્છંદ (વિરૂદ્ધ પ્રરૂપણા કરનાર સ્વેચ્છાચારી સાધુ) ઘુવડો, ભય થકી નઠારા માણસોના ઘર રૂપ માળામાં તરત છુપાઇ જાય છે, ને શ્રાવક રૂપ ઉત્તમ કમળ ખીલે છે, અને જગતમાં અતિ શીઘ્રતાએ પ્રકાશ થાય છે. ॥૨॥

આજ કાલ પ્રચલિત સઘળા ધર્મોમાં, જૈન ધર્મ એક પ્રતિષ્ઠિત ગણાય છે; કેમકે એના પ્રરૂપક તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ માનવામાં આવે છે, બીજાં ધર્મ શાસ્ત્રો ઇષ્ટ ફલ સાધન સારૂ, દેવોની સેવા કરીને. તેમનાથી યાચના કરવી એવો ધર્મ બતાવે છે. પરંતુ જૈન શાસ્ત્ર સઘળાં ઇષ્ટ ફલોની સિદ્ધિ શુભ કર્માધીન માને છે, એથી જૈનોમાં કોઇ રાગી દેવની પૂજા થતી નથી. વીતરાગ ભગવાનની પૂજા નિષ્કામ ભાવથી થાય છે. રાગીદેવોને પૂજીને તેમનાથી નિત્ય સાંસારિક વસ્તુ માંગવામાં લાગ્યા રહેવું, એ વાતની જૈન શાસ્ત્રમાં મના કરી છે. પરંતું કેટલાક દેવ જૈન શાસ્ત્રમાં અધિષ્ઠાયક માનવા માં આવે છે, જૈનોમાં અથવા જૈન શાસ્ત્રપર જ્યારે કાંઇ ખામી આવે છે ત્યારે તે દેવતાઓ રક્ષા કરે છે; એવા સમ્યક્દષ્ટિ દેવોની સ્તુતિ, કોઇ કોઇ વખતે કરવી પડે છે. નિત્ય વીતરાગ ભગવાનની સ્તુતિની સાથે સાથે તે દેવોની સ્તુતિ ન કરવી, કેમકે નિત્ય દેવ પ્રાર્થનાથી નિત્ય

આશા બંધ કરવી પડે છે, જે વાતની શાસ્ત્રમાં તદન મના છે.

इहपर लोग णिमित्तं अवि तित्थगरत्त चरिमदेहत्तं,॥

सव्वत्थेसु भगवया अणिदाणत्तं पसत्थं तु ॥

આ લોકમાં ચક્રવર્ત્યાદિ ભોગ અને પરલોકમાં ઇન્દ્રસામાનિકાદી પદ મળવા સારૂ, અને ક્યાં સુધી કે તદ્દભવ મોક્ષગામી તીર્થંકર થવા સારૂ પણ આશા ન કરવી જોઇએ. કેમકે વીતરાગ ભગવાને સઘળી વસ્તુઓમાં અનિદાનપણું (આશા ન રાખવી) પ્રશસ્ત કહ્યું છે. **॥ कल्पनिर्युक्ति ॥**

ઠીકજ છે! જો ભગવાનને કોઇ પણ દેવદેવીની પ્રાર્થના અભીષ્ટ હોત તો મોટા મોટાં સૂર્ય, ચંદ્ર, ઇન્દ્ર, ઇશાનાદિ દેવોના યાગાનુષ્ઠાન બતાવીને લૌકિક વસ્તુઓની સિદ્ધિ દર્શાવતે. યામલ તંત્રોના ઢંગનું શાસ્ત્ર ચલાવતે, પરંતુ એ પ્રમાણે ન કરતાં. કેવળ નિવૃત્તિપરક નૈષ્કામ્ય ભાવનો પ્રતિપાદક ક્ષાંત્યાર્જવાદિ શુધ્ધ ધર્મબોધક શાસ્ત્ર ચલાવીને વીત-રાગ ભગવાને મોટી કરૂણા કરી છે, કે હમો સઘળી દુરાશામાં પડીને રાગી દ્વેષી દેવોની, વૃથા ખુસામત કરવાથી બચીને રાગ દ્વેષ હઠાવવાની ચેષ્ટામાં લાગ્યા છીએ અને સમભાવ વધારવાને, શ્રમ કરી રહ્યા છીએ.

એવા અવસરપર જો નિત્ય દેવોની સુશ્રૂષા કરવા સારૂ ફરજ કરીએ તો, જૈનશાશનના અભિપ્રાયથી તથા અનેક વચનોથી વિરૂદ્ધ માનવું જોઇ-એ; એમાં કાંઇજ સંદેહ નથી. એ પ્રમાણે વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરીને શ્રી રાજેન્દ્રસૂરિજીએ જે શાશન ઉદ્દીપિત કર્યું છે, તે સારૂ જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. કેમકે સૂરિજીનો ઉપદેશ થયો ત્યાર પેહલાં મારવાડ આદિના ગ્રામ્ય, નાગરિક, સઘળાં સાધુઓ તથા શ્રાવકો વીતરાગભગવાનને-જ હમો માનનારા છીએ, એવું અભિમાન ખોઇ બેઠા હતા, ત્યાં સાધુઓ મહાકાલી, ભૈરવ, યક્ષ, કૃષ્માંડ વિનાયકોના મંત્રોપદેશ કરતા હતા અને ગૃહસ્થો એજ મંત્રોના સાધનમાં પડીને વીતરાગ સેવા તો શું પણ સાંસારિક વ્યાપારાદિથી પણ વંચિત રહેતા હતા. જેનાથી તેની ઘણી હાની થતી હતી. સૂરિજીએ સકળ જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરીને સત્ય માર્ગ દરશાવ્યો કે જે શ્રાવક " **असहिज्ज देवा सुरनाग सुवन्न, जक्ख रक्खस**

किंनर किंपुरिस गरुल गंधव्व महोरगाइ देवगण " અર્થાત દેવા સુરાદિકથી સહાયતા ન લેવાવાળા કેહવડાવતા હતા, તેઓ હમણાં અતિ નિકૃષ્ટવ્યંતર દેવોની ઉપાસનામાં, અતિ દુર્લભ શ્રાવક કુલજન્મ બરબાદ કરી રહ્યા છે. અને રાત્ર દીવસ પુજા લેવાવાળા વ્યંતરદેવ, તેઓને કાંઇ ફળ પણ આપતા નથી. વીતરાગ ભતવત સેવાની વૈરિણી એ વ્યંતર દેવ પૂજાની મૂળ માતા ચોથી થુઇ છે, કેમકે પેહલાં પીસતાળીસ આગમોની પંચાગીમાં ત્રણુજ થુઇ વીતરાગની હતી. **"सव्वत्थ चेइए थुई तिन्नि" "तिन्निवाकड्ढई जाव थुइओ ति सि लोइया"** ઇત્યાદિ વ્યવહાર કલ્પસુત્રોમાં એ પ્રમાણેજ લખ્યું છે. પછી કોઇ કોઇ આચાર્યોના વિચારમાં આવ્યું કે વ્યંતરદેવ આ સમયે જો આરાધવામાં આવે તો આપણા શાશનની તેઓ રક્ષા કરે. બૌધ્ધાદિ અન્ય દર્શનીઓ આ પ્રકારે ચમત્કાર દેખાડે છે તો આપણા અનુયાયિયો જે લોક સાંસારિક વાસનામાં લાગ્યા છે તેઓ સારૂ જો કોઇ ઉપાય ન બતાવવામાં આવશે તો તેઓ પરદર્શનીઓમાં આ કામ સારૂ જઇને કેટલાક દીવસમાં સમ્યક્ત્વ ખોઇ બેશસે, એવું સમજીને પેહલવહેલાં વિ૦ સં૦ ૯૬૨માં હરિભદ્રસુરિએ લલિત વિસ્તરા ગ્રંથમાં વ્યંતર દેવોની સ્તુતિ લખી. અને તેનો હેતુ એ બતાવ્યો કે જો સમ્યકદૃષ્ટિ દેવતા આપણા શાશનની રક્ષા અને જીનેશ્વરનું વૈયાવૃત્ય (ટેહેલ સેવા) કરવાવાળા છે, તેમનું કાંઇ સન્માન કરવું જોઇએ તેથી ઉદાર પ્રકૃતિ મનુષ્યને સારૂ આ કર્તવ્ય છે. અગરજો દેવતા અવિરત છે તેમનું વંદન પૂજન વિરત સાધુ, શ્રાવક તો કરી શકતા નથી. તથાપિ ઉપયોગ કરવો અનુચિત નથી. એ પ્રકારે હરિભદ્રસુરિજીના વિચારથી પાછલા આચાર્યોએ ચૈત્યવંદનમાં ત્રણુ વીતરાગ સ્તુતીઓની સાથેજ આવ્યંતર સ્તુતિને નિત્ય કર્તવ્ય માનીને તેને ચલાવવામાં મોટો પ્રયત્ન કર્યો. ચૈત્યવંદન ભાષ્ય જે કે શાન્તિસુરિજીનો બનાવેલ ગ્રંથ છે તે જોવાથી માલુમ પડે છે કે દેવ સ્તુતિ સાબીત કરવા સારૂ મોટી કોશીશ કરવામાં આવી છે.

આ પ્રમાણે કાંઇએક આચાર્યોના સતત પ્રયત્નથી દેશ માત્રમાં ચાર થુઇ પ્રસરી તોપણ આંચલીયા, આગમ્યાદિ ગચ્છોમાં અદ્યાપિ ત્રણજ થુઇ કાયમ રહી છે. જ્યારે કોઇ નવો મત થઇને તે ખૂબ ફેલાય છે ત્યારે જૂના મતની કદર રહેતી નથી પણ તે જુનો મત તદન ઉચ્છિન્ન થઇ શકતો નથી. એજ

પ્રકારે શુદ્ધ વીતરાગની અનન્ય સ્તુતિ હમણાં પણ અસ્તિમાં છે જેનો જીર્ણોધ્ધાર વિદ્વાન રાજેન્દ્રસુરિજીએ કર્યો. એ પ્રમાણે ખરો માર્ગ દેખાડવામાં તેમને કઠિણુતા પણ પડી છે; કેમકે જે બહુદિનોથી પોતાનું ઘર ભુલી જઇને આમ તેમ ભટકતા ફરે છે તેમને આ વાત ઉપર એકાએક વિશ્વાસ આવસે નહીં બલકે તેઓ ડરશે કે કદાચ હમને ઠગવાને તો આવ્યા નહીં હોય? એ પ્રકારે રૂઢિહઠીએ રતલામ, અમદાવાદ, આદિક કાંઇક સ્થાનોમાં માથુ ઉઠાવ્યું હતું, જેનો સઘળો હેવાલ સિધ્ધાંત પ્રકાશ અને ચતુર્થ સ્તુતિ શંકોધ્ધાર એ ગ્રંથમાં લખાયલો છે. સૂરિજી વિદ્યાનુરાગી છે. એમણે એ રૂઢિ શોધન ગ્રંથો સિવાય એક એવું કામ કર્યું છે કે જેનાથી સેંકડો ધન્યવાદ દઇને પણ તૃપ્તિ થતી નથી. ઇંગલીશની ડીક્ષનેરી અને ફારસી અરબીમાં ઉસ્લુગાતની શૈલીનો બંગ દેશમાં રાજા રાધાકાન્ત દેવે, શબ્દકલ્પદ્રુમ અને તારાનાથ તર્ક વાચસ્પતિએ, વાચસ્પત્ય નામનો ઘણો ભારી કોષ બનાવ્યો છે જેમાં અક્ષરાનુક્રમથી શ્રુતિ, સ્મૃતિ, પુરાણ ઇતિહાસ, વૈદ્યકાદિ સમગ્ર લૌકિક શાસ્ત્રની વાત આવી ગઇ છે. એ ગ્રથોથી લૌકિક વિદ્વાનોને મોટો લાભ થાય છે એવોજ કોષ જૈનોમાં પણ આવસ્યક છે એવું સમજીને સુરિજીએ એવો સંગ્રહ કર્યો જેમાં પ્રથમ પ્રાકૃત શબ્દ, પછી સંસ્કૃત અનુવાદ, લિંગ, પ્રકૃતિ, પ્રત્યય, વ્યુત્પત્તિ, સમાસ, અર્થ નિક્ષેપ, ભેદ, અને તેને લગતી સઘળી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ હજી પ્રગટ થયો નથી. હાલમાં સફાઇ થઇ પુરો સુધારવામાં આવ્યો છે જે થોડા વખતમાં ઉદાર આશ્રય મળેથી પ્રગટ કરવામાં આવશે.

ગત વર્ષ સુરિજીનો ચાતુર્માસ્ય જાલોર (મારવાડ)માં થયો હતો. ત્યાંથી અનુવદ્ય વિહારમાં ઋષભદેવ શંત્રુજયાદિ દર્સન કરીને માલવામાં જવાના હતા. કેમકે ત્યાં મોટા મોટા ગામો વીસો વરસથી પ્રતિબોધ પામવા સારૂ તરસી રહ્યાં છે. પરંતુ કેટલાક ભદ્ર શ્રાવકોની પ્રાર્થનાથી ક્ષેત્ર સ્પર્શના આધીન આ વર્ષે સુરતમાં વર્ષાવાસ કરવામાં આવ્યો.

અહિંઆ જ્યારે સુરિજી પેહલ વેહલા આવ્યા ત્યારે ઘણાખરા અણજાણ મનુષ્યોને સંદેહ થયો કે એમના અહીં પધારવાથી મતભેદ પડી જશે. કોઇના મનમાં સંશય થયો કે એ અમારા શિથિલ આચારોને ઉઘાડીને પ્રતિષ્ઠાને ખલેલ પોંહોચાડશે. એથી સર્વ સાધારણમાં એવો વિશ્વાસ ફેલાયો કે સુરિજી વિરૂધ્ધપ્રરૂપણા કરે છે. અગર હમો સઘળાં એમના

દેશના સાંભળીશું તો કુપથ ખાડામાં જઇને પડીશું. એવા પ્રકારની કુભાવનાએ અહીંથી ઔદાર્યને નસાવ્યું, વિવેકનું હરણ કર્યું, જાતિરાગ નષ્ટ કરી દીધો, સમદૃષ્ટિતાનું સત્યાનાશ વાળ્યું. સુરતના દયાવાન્ ગૃહસ્થોની તરફથી પશુ પક્ષિ આદિ જીવમાત્રની રક્ષાનો પ્રબંધ ચાલ્યો આવે છે એવી ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધિને લાંછન લગાડવા માટે વીસ ઉપાશ્રયો છતાં, વાસ આપવામાં અંતરાય કરવામાં આવ્યો. કદાચિત્ અન્નજળ ન દેવાના અભિપ્રાયથી ટેહલ ફેરવાડી એ સૌ દુઃખમા કાળનો પ્રભાવ છે. આવા મુનિરાજનું આગમન સહજ નહોતું; જેનાથી દેશોદેશ વાટ જોઇ રહ્યા છે. જો કે શાસ્ત્રમર્મ દેખાડીને શુદ્ધ જૈનપથ દર્શાવે છે. તેમની દેશના સાંભળવાનો અહીંના લોકોને અનુભવ થયો નથી. અહીંઆ તો વિશેષે કરીને આવી દેશનાઓ સાંભળવાની ટેવ પડી ગઇ છે કે જેમાં શિથિલ આચારોને દોષિત ન કરવામાં આવ્યા હોય; યંત્ર મંત્ર તંત્રોના વિશેષે કરીને પ્રસંગ આવે. જે કેવળ વીતરાગની ભક્તિ રાખવા વાળા સત્ય સંયમી છે તેમની નિંદા અને રાત્ર દિવસ અસંયમ સેવા કરવાવાળા દેવોની સેવામાં આસક્ત લોકોની પ્રશંસા થાય. જ્યારે અહીંઆ શુદ્ધ દેશનાને બદલે અશુધ્ધિ શબળ દેશનાનું સામ્રાજ્ય છે. તો શુધ્ધ દેશક સૂરિજીથી શબલ દેશના પ્રિયોનો વાદવિવાદ થવો સંભવિતજ છે. જયેષ્ઠ વદી ૧૩ને વાર મંગળે તા. ૨૩મી જુન ૧૯૦૩ ની પ્રભાતે રાજેન્દ્રસૂરિજી કેટલાક શિષ્યોને સાથે લઇને થંડિલથી આવીને શેઠ નેમચંદ મેલાપચંદના દેવહરની પાછલી ધર્મશાળામાં પંચપર્વત રચના જોવા ગયા હતા. ત્યાં પન્યાસ ચતુરવિજયજી પણ આવ્યા અને સૂરિજીનું વસ્ત્રાંચલ ખેંચીને બેસવા કહ્યું. ત્યારે સૂરિજી પોતાની કામળ બીછાવીને "**इरिया वहिया पडिक्कमण** કરીને બેઠા પછી પન્યાસજીએ ત્રણ થુઇની વાત પુછવા માંડી. સૂરિજીએ કહ્યું કે પીસતાળીસ આગમની પંચાંગીમાં ચૈત્ય વંદનમાં ચાર થુઇ કોઇ પણ ઠેકાણે લખી નથી. પન્યાસજી બોલ્યા કે આત્મારામજીએ બ્યાસી સૂત્રોની સાખ ચતુર્થ સ્તુતિ નિર્ણય પુસ્તકમાં આપી છે.

સૂરિજી—તે ચોપડીમાં વીસ એકવીસ સૂત્રો પંચાગીમાંના છે તેમાં કોઇ પણ ઠેકાણે ચાર થુઇ ચૈત્યવંદનમાં લખી નથી હોય તો બતાવો બલકે ત્રણ થુઇ દરેક જગ્યાએ લખી છે

પન્યાસજી—આતમારામજીએ શું ચાર સ્તુતિ વિનાં લખ્યું છે?

સૂરિજી—હા, ચાર સ્તુતિ વિના મુખ યુક્તિ લગાડીને લખ્યું છે. એ જો તમો ન માનો તો પુસ્તક લાવો દેખાડું.

પન્યાસજીએ ચોપડી મંગાવીને બતાવું છું એમ કહ્યું છતાં બતાવ્યું નહીં એટલામાં પન્યાસજીએ આદમી મોકલીને ચુનીલાલ છગનચંદ આદિ સારા સારા શ્રાવકોને બોલાવ્યા. તેઓ એકઠા થયા. તેમાંથી ચુનીલાલ છગનચંદે પ્રશ્ન કર્યો કે આપ ચોથી થુઇ કેમ કરતા નથી? કેમકે તે પરંપરાથી ચાલતા જીતવ્યવહારથી સિદ્ધ છે. જીત વ્યવહારનો નિષેધ કરવો યોગ્ય નથી.

સૂરિજી—જીતવ્યવહાર કોને કહે છે?

असढेण समाइण्णं, जंकत्थइकारणे असावज्जं ।।

ण निवारियमण्णेहिं, बहु मणुमय मेतमाइण्णं ।।

(બૃહત્ કલ્પ નિર્યુક્તૌ) અસઠ,—રાગ દ્વેષ રહિત કાળકાચાર્યાદિવત પ્રમાણિક પુરૂષોએ સમાચરિત કોઇક કારણ અર્થાત પુષ્ટાલંબને, મૂલોત્તર ગુણ સાધનમાં અબાધક તેજ પ્રકારના અશઠ ગીતાર્થોએ જેને પ્રતિષેધ્યા નથી એવું ઘણાં ગીતાર્થોનું અનુમોદિત આચીર્ણ અર્થાત જીત કહેવાય છે; એથી ચોથી થુઇનો રીવાજ જીતવ્યવહાર કહેવાઇ શકતો નથી, એ ઉપર સુરત સંઘની ચોપડીમાં લખ્યું છે કે એથી તો ચતુર્થ સ્તુતિ સાબિત થઇ કેમકે તે સેકડો વરસથી ચાલી આવી છે અને ત્રણ થુઇ ત્રીસ વર્ષથી સૂરિજીનીજ ચલાવેલી છે. આ પ્રમાણે વાંચક વૃંદને અવસ્ય માલુમ પડયું હશે કે આ ટીપણી કોઇ પક્ષપાતિનીજ છે. નહિ તો આટલા જુના શાસ્ત્રસ્ત ત્રિસ્તુતિક સન્માર્ગના જીર્ણોદ્ધારકારક સૂરિજી પ્રથમ પ્રશ્નમાંજ આવો ઉત્તર દેત કે જેથી, પોતાની વાત કપાઇ જાય. નહિ, નહિ! એ લેખકની પક્ષપાત યુકિત છે. એજ લેખને આગ્રહિઓએ સત્ય સમજયો હશે.

હું સૂરિજીના અભિપ્રાયને પ્રગટ કરીને એ શંકાનો ઉચ્છેદ કરૂં છું, ચોથી થુઇ હરિભદ્રસૂરિની સમાચરિત છે તે અશઠ હતા. એ વાતને હું

પણ માનુ છું પરંતુ કોઇ પુષ્ટાલંબનથી નથી ચલાવી. મૂલોન્તર ગુણ સાધનમાં પણ એ બાધિકા છે એને તેજ પ્રકારના અશઠ ગીતાર્થ નવાંગ વૃત્તિકારક અભય દેવસૂરિએ ભદ્રબાહુસ્વામિના વચન બળથી ચતુર્થ સ્તુતિને નવીન કહીને નિવારણ કરી છે. એ ઘણાં આચાર્યોની અનુમોદિત પણ નથી કેમકે જો સ્રાને માન્ય હત તો, વંદનભાષ્ય, પ્રવચનસાર આદિમાં યુક્તિ લગાવીને કેમ સ્થાપી જાત. એથી એ જીત વ્યવહાર સિદ્ધ નથી. કિંતુ કોઇ કારણ વિશેષ ઉપર કરવા સારૂ પ્રથમ ચલાવવામાં આવી હતી. બાદ નિત્ય કર્તવ્ય થઇ ગઇ. સેંકડો વરસથી ચાલતો આવતો "ચાર થુઇનો રીવાજ" એ વચન અજ્ઞતા અને દીનતાનું ઘોતક છે. લેખક સમજતો હશે કે ચાર થુઇ સો બેસો વરસથી ચાલુ છે પણ તેને હું બતાવી દઉં છું કે ચાર થુઇ ચાલવાને લગભગ એક હજાર વર્ષ થવાં આવ્યાં હશે. સેંકડો વરસો ચાલવાથી જો પ્રમાણ માનવામાં આવે તો ત્રણસો વરસથી ચાલતો ઢુંઢક મત કેમ ન માનવો ? કેટલાક સો વરસોથી આપણે શિથિલાચારીઓને ગુરૂ માનતા આવ્યા છીએ, તો હવે સંયમી ગુરૂને ન માનીએ ? સત્ય તો એજ છે કે ચાહે જુનું હોય ચાહે નવું હોય પણ જે પરીક્ષામાં સારૂ માલૂમ પડે તેજ સજ્જનોને માન્ય થાય છે ।। **पुराण मित्येव न साधु सर्वं न चापिनूनं नवमित्यवद्यम् ।। संतः परीक्ष्यान्यतरद् भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ।।** નહીં કે જુનું જુનું સઘળું સારૂં છે, નહિં કે નવું છે માટે અવશ્ય ખોટું છે, સજ્જન પુરૂષો પરીક્ષા કરીને એમાં જે સત્ય દેખાય તેનેજ માને છે, અને મૂર્ખ લોક તો જ્યાં બીજાઓનો વિશ્વાસ જુએ છે ત્યાં પોતાની બુદ્ધીને દોરવે છે.

ત્રીશ વરસથી રાજેન્દ્રસુરિજીનો ચાલતો ત્રણ થુઇનો મત એ કેહવું એ કેવળ અજ્ઞતા બતાવે છે. કેમકે સુધર્મસ્વામિગણધરે સુત્રોમાં ભદ્રબાહુસ્વામીએ નિયુકિતમાં દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે ચૂર્ણિઓમાં ત્રણજ થુઇ લખી છે, ન કે ચાર. અને શાંતિસૂરિ આદિ આચાર્યોએ ચોથી થુઇને સ્થાપવા સારૂ જે યુકિતઓ લગાડી છે તેથી પણ સિદ્ધ થાય છે કે પેહલાં ત્રણજ થુઇ હતી; નહીં તો એવું લખાવાની શું જરૂર હતી ? જે વાત સિદ્ધ છે તેના સાધન સારૂ પ્રયત્ન કરવો પડતો નથી.

અને આત્મારામજીએ ચતુર્થ સ્તુ૦ નિ૦ શ૦ પ૦ પં૦ ભસ્મસાત્ કર-

ણુ" પુસ્તકમાં લખ્યું છે કે ત્રણ થુઇવાળાઓનો મત સંવત ૧૨૫૦ માં ચાલ્યો હતો અને તપાગચ્છ સંવત ૧૨૮૫ માં પ્રતિષ્ઠિત થયો. એ પ્રકારે અનાદિ જૂના અને આ સમયમાં પણ આગન્યા આંચળગચ્છોમાં ચાલતા ત્રણ થુઇના મતને ત્રીસ વર્ષનો માનવો એ તદ્દન અંજાણપણું બતાવે છે. જ્યારે આમજ છે તો અર્વાચિન આચાર્યોએ કરેલી ચોથી થુઇનો મત જિનપ્રરૂપિતદેવાસહાય્યમતથી અતિ નિર્બળ અને અમાન્ય સાબીત થાય છે. સભામાં **ચુનીલાલ—આગમ કોને કહે છે?**

સૂરિજી—પીસતાળીસ સૂત્રો અને તેની પંચાગી એ સઘળા આગમો કેહવાય છે, એ બધા આચાર્યોને પ્રમાણ છે.

ચુનીલાલ—આત્મારામજીએ પોતાના પુસ્તકમાં આગમ સાખ લખી છે કે નહીં?

સૂરિજી—કેટલાક સૂત્રોની છે.

ચુનીલાલ—તેમના નામ લખાવો?

સૂરિજી—મહાનિશીથ, કલ્પભાષ્ય, વ્યવહારભાષ્ય, કલ્પચૂર્ણિ, વિગેરે બાવીસ તેવીસ ગ્રંથોના નામો લખાવીને કહ્યું કે એમાના કેટલાક ગ્રંથોમાં ત્રણ થુઇ છે ચોથી નથી.

કેવો સારો મોખ્ખો પન્યાસજી અને ચુનીલાલને મલ્યો હતો કે આ અવસરે મહા નિશીથાદિમાંથી ચોથી થુઇ કાઢીને સૂરિપક્ષને મહાત કરત. પરંતુ અફસોસ કે કોણ જાણે એ લોકોએ ગંથાભ્યાસજ કર્યો નથી વાદ વિવાદ સમયે આત્મારામજીની ચોપડીથી કામ લઇ લે છે, અથવા જાણે છે તો શું કરે? જ્યારે કહિં ચોથી થુઇ મળે ત્યારે તો દેખાડે!

ચુનીલાલ—(આ વાતને બીલકુલ ઉડાવીને ગુંચવણમાં) આપનો ગચ્છ કયો?

સૂરિજી—હમારો સૌધર્મ તપાગચ્છ છે.

ચુનીલાલ—આપના ગુરૂનું નામ શું?

સૂરિજી—પ્રમોદવિજયગણી.

ચુનીલાલ—તેમનો ગચ્છ કયો?

સૂરિજી—તપાગચ્છ.

ચુનીલાલ—તેઓ કેટલી થુઇ કરતા હતા?

સૂરિજી—તપાગચ્છની સમાચારી કરતા હતા. અને હમોને કહેતા હતા કે પ્રથમના છ આવશ્યક છે. ચૈત્યવંદનાદિક તો પાછળથી ધાલ્યુ છે. તે ઉપરથી હમોએ સૂત્રોથી નિર્ણય કર્યો તો જેવું તેઓ કહેતા હતા તેવુંજ નિકળ્યું. તેથી હમો તે પ્રમાણે કરવા લાગ્યા. નિરવદ્યન્યુનાધિક પણ કરીએ છીએ.

જેવો પ્રશ્ન તેવો ઉત્તર. જ્યારે સૂરિજીનો ગચ્છ જાણવામાં આવ્યો ત્યારે તેમનો ગુરૂ ગચ્છ જાણવા માટે કેમ પ્રશ્ન કર્યો એ પ્રકારના ગુંચવણ ભરેલા પશ્ન પ્રવાહમાં સૂરિજીએ યોગ્ય ઉત્તર આપ્યો કે તપગચ્છની સામાચારી કરતા હતા. એ ઉપર સુ૦ સં૦ ચોપડીમાં લખ્યું છે કે પ્રશ્ન શું અને તેનો ઉત્તર શું. સુરિજી સમજતા હશે કે એવા એવા પ્રશ્ન કરનાર અર્થાપત્તિ પ્રમાણ પણ જાણતા હશે. જેમ એક માણસને પુછ્યું કે આપ ગણિત જાણો છો ત્યારે તેણે જુવાબ દીધો કે હું તો રેંગ્લરની પદવી ધરાવું છું. આ ઉદાહરણમાં રેંગ્લરની પદવી ધરાવું છું આમાં જેમ આખા ગણિત શાસ્ત્રનો સમાવેશ થાય છે તેજ પ્રમાણે તપાગચ્છની સમાચારી કરીએછીએ તેમાં ત્રણ કે ચાર થુઇ, તે પણ આવી જાય છે. પરંતુ આવો સ્પષ્ટાર્થ ઉત્તર જેને ન સમજાયો તે આ પ્રમાણે વાદ કરવા સારૂ તૈયાર થાય એ પણ એક આશ્ચર્ય!

પ્રથમ છ આવશ્યક હતા, ચૈત્યવંદન પાછળથી ધાલ્યું છે એના ઉપર સુ. સં. ચોપડી લખનારને સંદેહ થયો કે સૂરિજી પડિક્કમણમાં ચૈત્યવંદન કરે છે કે નહીં? આ વિષયનું વિશેષ પરિજ્ઞાન ન હોવાથીજ સંદેહ થયો. આવશ્યક સૂત્રમાં પ્રતિક્રમણની સાથે ચૈત્યવંદન લખ્યું નથી. કિંતુ પ્રતિક્રમણ કરીને દેવહરમાં જઇને જીન પ્રતિમાં સન્મુખ ચૈત્યવંદન કરવું એમ કહ્યું છે. જેમકે વંદન પ્રકીર્ણકમાં લખ્યું છે કે **"जिण पडिमाणं पुरओठिच्चा"** આવશ્યક ચૂર્ણીમાં (રાઇ પ્રતિક્રમણ પછી **"जइ चेयाणि अत्थिता वंदंति"** વ્યવહારકલ્પમાં (દેવસિય પ્રતિક્રમણને અંતે) **"अहा सन्निहिए**

चेइयाणि अत्थितो वंदिज्जा" એ સૌ જગ્યાએ ચૈત્ય ઘરમાંજ ચૈત્યવંદન કરવું કહ્યું છે. જ્યાં જિનઆલય નથી ત્યાં સ્થાપનાજીની સન્મુખ કરવું જોઇએ. એ પ્રમાણે સંવત ૧૬૮૧ સુધી ખરતર ગચ્છ-વાળા દેહરામાંજ ચૈત્યવંદન કરતા હતા. પછી નિત્ય દેહરાની જોગવાહી ન હોવાથી અને કાંઇક ઉધોગ ઘટી જવાથી દેહરામાં જવાનું કમ પડી ગયું. એથી પ્રતિક્રમણની સાથે કરવામાં આવ્યું. એ વાતને સુ૦ સં૦ ચોપડી કરનાર પણ માને છે. પરંતુ તેને એક મોટો ભ્રમ પડયો છે કે જે વખતે પ્રતિક્રમણની જોડે ચૈત્યવંદન મેળવવામાં આવ્યું, તેજ સમયે ચાર થુઇ પણ સામેલ થઇ. હું કહું છું કે આ વાતનું કોઇ પ્રમાણુ નથી કેમકે પ્રતિક્રમણમાં ચૈત્યવંદન સોળમી સદીમાં આવ્યું અને ત્રણ થુઇ તો પુરાતન કાળની નિર્યુકતી ચૂર્ણિઓમાં લખી છે વળી બારમા સૈકામાં રચાયલી પંચાશક ટીકામાં ત્રણજ થુઇનું મધ્યમ અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કહ્યું છે; વળી શતપદી ગ્રંથમાં **"साधूनां स्तुतित्रय मेवभणनीयम्"** સાધુ-ઓએ ત્રણજ થુઇ ભણવી તેમજ શ્રાદ્ધ વિધીમાં શ્રાવકોએ ત્રણજ થુઇ કરવી એમ લખ્યું છે. ઘણાંખરા પ્રકરણોમાં પણ સાધુ શ્રાવક બંન્નેને ત્રણ થુઇ કરવી કહી છે. એ પ્રકારે ત્રણ થુઇના ચૈત્યવંદનને નવું સમજવાવાળા ઓએ જોવું જોઇએ કે, કલ્પ વ્યવહારાદિ જુના અને શ્રાદ્ધવિધ્યાદિ નવા ગ્રંથોને જોઇને અથવા સઘળા ગ્રંથના પ્રમાણોથી વિભૂષિત ચતુર્થ સ્તુતિ શંઙ્કોદ્ધાર ગ્રંથ જોઇને પોતાનો સંદેહ ટાળવો.

રાજેન્દ્રસૂરિજી તો સકળ પંચાંગી શાસ્ત્રના વચનાભિપ્રાયથી પ્રતિક્રમણ અંતે જઘન્ય ચૈત્યવંદન કરીને મંદિરમાં ત્રણ થુઇનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરે છે!

નિરવદ્ય "ન્યુનાધિક પણ કરીએ છીએ" એ ઉપર સુ૦ સં૦ ચોપડી લખનારને સમજજ નહીં પડી જેથી ટાઇપની ભૂલની સંભાવના કરે છે. પોતાના ગુરૂથી જો સૂરિજી નિરવદ્ય અધિક આચરે છે તો કોણે આજ્ઞા આપી એવું પુછવું ન જોઇએ; કેમકે જો કોઇ ઉત્કૃષ્ટ વર્તે તો તેના ઉપર દોષ લગાડવો કે તમો કોના હુકમથી આવો શુભ ઉચિત આચાર કરો છો, આ પુછવું તદન તોછડાઇ ભરેલું છે. આવું પુછવાવાળા અગર જો થોડા દિવસ આગમચ હોત તો, આ એ ત્રણસો સફેત તથા પીળા ઉત્કૃષ્ટ શ્રમણો કેમ નજર આવતે ?

આણાજ ધર્મ છે. એ વાતને જેટલે દરજે સુરિજી માને છે તેટલે

હરજે બીજા નથી માનતા; કેમકે સુરિજી સઘળી સામાચારી શાસ્ત્રોક્ત કરે છે શાસ્ત્ર નિષદ્ધ આચરણ તેમનું એક પણ નથી જ્યારે બીજાઓ થોડા દિવસ થી ચાલેલી રૂઢિની રક્ષાને લીધે જિનાજ્ઞાનો પણ અનાદર કરી રહ્યા છે.

આગમ, દર્શિત વિધીમાં સ્વબુદ્ધી સ્વેચ્છાનો અવકાશજ નથી. એ વચન આગમ, ન જાણુવાવાળાઓનું છે જૈનશાસ્ત્રમાં તો **"मुणेइसदूद हइ पवे इ रोएइ फासेइ"** ઇત્યાદિ વચનોથી અને કષછેદતાપશુધ્ધી પરીક્ષા દેખાડવાથી સ્પષ્ટ માલુમ થાય છે કે શ્રવણાનંતર મીમાંસા (વિચાર) કરવી પણ ઉચિત છે. **आगमतत्त्वं तु बुधःपरीक्षते सर्व यत्नेन"** (ષોડશ પ્રકરણે હરિભદ્રસૂરિ)

ચુનિલાલ—ચોથી થુઇ કેમ નથી કરતા ?

સૂરિજી—એ સાવદ્ય છે. બીજા દેવોથી આશા કરવી એમ સૂત્રમા નથી.

આ ઉપર સુ૦ સં૦ ચોપડી લખનારે પુછ્યું છે કે સાવદ્ય; સપાપને કહે છે એવું હોતતો શોભન સ્તુતિ અને સ્નાતસ્યમાં ચાર થુઇ પૂર્વાચાર્યો કેમ લખત ?

એ પણ વાત શાસ્ત્ર ન જાણવાથીજ થઇ છે કેમકે દેવોથી સંસારિક પ્રાર્થનામાં જો પાપ ન થાતતો તંત્રશાસ્ત્રની માફક જૈનશાસ્ત્રમાં પણ હજારો અનુષ્ઠાન લખાત. પરંતુ જૈનશાસ્ત્રમાં એ વાતનો મોટો નિષેધ છે **"सव्वत्थेसु भगवया अणिदाणत्तं पसत्थंतु"** કેમકે વિરતિવાળા થઇને અવિરત વિષયાશક્ત દેવોથી યાચના કરતાં સ્વકૃત કર્મોપભોગસિદ્ધાંતથી વિશ્વાસ હઠાવીને મિથ્યાત્વમાં પેસતા છતાં, નિત્ય આશા બંધ કરીને, પાપ સંપાદન કરશે એમાં સંદેહ શું છે ? અર્વાચીન કોઇક આચાર્યે એ લખવાથીજ જો અનવદ્ય થઇ જાય તો સેંકડો અર્વાચિન આચાર્યોએ લખેલાં જંત્ર મંત્રોને પણ અનવદ્ય માનવાં જોઇએ. વ્યંતર દેવોની પડિકકમણુમાં થુઇ કેહવી અનુચિતજ છે. આચરણા કોઇ કારણથી ચાલુ થઇ હશે. ન કરવાનો પણ પ્રથા હજી વર્તમાન છે તેનું કેમ ? બીજા દેવોથીઆશા કરવી એ સૂત્રોમાં નથી એ ઉપર સુ– સં૦ ચોપડીમાં લખ્યું છે કે બીજા દેવો અર્થાત્ અર્હત પરમાત્મા સિવાય બીજા દેવો. એટલું તો ઠીક છે આગળ જતાં ભુલ કરી કે

અન્યદર્શનીઓના દેવ તે બીજા દેવ કેહવાય છે. કેમકે આવો અર્થ માનવામાં સાક્ષાત સુત્રનો વિરોધ થાય છે. સુત્રદેવમાત્રથી સાહાય્ય લેવા મના કરે છે. **"असहिज्ज देवासुरनाग"** ઇત્યાદિ ઉપાશક દશા દેવાસુરાદિમાત્રથી સાહાય્ય ન લેવી જોઇએ ચાહે તે મિથ્ય દૃષ્ટી હોય ચાહે સમ્યકદ્રષ્ટી હોય પરંતુ તેમનાથી આશા ન કરવી એજ મુખ્ય શ્રાવક ધર્મ છે.

ચુનીલાલ—વંદિતા સૂત્રમાં દેવોથી યાચના કરવાની કહી છે તેનું કેમ ?

સૂરિજી—વંદિતુ સૂત્ર પીસતાળીસમાં નથી. પાછળથી કોઇ શ્રુત સ્થવિરે રચ્યું છે.

ચુનિલાલ—(લોકો સામા,) જુઓ ભાઇ વંદિતાને સૂત્ર માનતા નથી!

સૂરિજી—તમો ગુચવણમાં નાખો છો, તે સારૂ નથી.

ચુનિલાલ--અરે માહારાજ ! તમો ગુંચવણ જાણતાજ નથી

જૈનોમાં જે ગુંચવણ કરશે, તે સંસાર સમુદ્રમાં બુડશે.

અગર વંદિતુ સૂત્ર આવસ્યકમાં હોય તો ?

સૂરિજી—આવસ્યક પંચાંગીના લાખ ગ્રંથ છે. તેમાં તો વંદિતુ સુત્ર છેજ નહીં.

ચુનિલાલ—પડિક્કમણમાં શ્રાવક શું કરે છે ?

સૂરિજી—અતિચાર આલોવે છે. એતું મૂલમાં લખ્યું છે.

ચુનિલાલ—શું લખ્યું છે ?

સૂરિજી—**"वहवधं च्छविच्छेए"** ઇત્યાદિ એ ઉપર સુ૦ સં. ચોપડીમાં ટીપણી કરી છે કે એ ગાથા વંદિતાનીજ હતી. મને ઘણોજ આશ્ચર્ય થાય છે કે આવા વિદ્વાન ગણાતા હાજર હતા. એમાંના કોઇએ પણ આવસ્યક, નિર્યુકતી, અને ઉપાસકદશા જોઇ નહોતી. નહીં તો વંદિતાનીજ એ ગાથાઓ છે એવો ભ્રમ ન કરત.

ચુનિલાલ—વંદિતુની પચાસ ગાથા આવસ્યકમાં છે.

સૂરિજી—બાવીસ હજારીમાં હોય તો હમારે ચાર થુઇ કરવી ને ન હોય તો સંઘે ત્રણ થુઇ કરવી.

ચુનિલાલ—હું લખું ?

સૂરિજી—લખો.

ચુનિલાલે લખ્યું પણ તેના ઉપર સહી ન કરી

સૂરિજી—ફાંફાં કેમ મારો છો સહી કરો.

તથાપી ચુનિલાલે સહી ન કરી એ પ્રકારે પ્રશ્નોત્તરના અંતે વંદિતાની બાબત સૂરિજીએ કહ્યું કે તમારે ઘેર પચાસ ગાથાનું છે તો બીજાઓને ત્યાં તેંતાળીસ ગાથાનું છે. એ ઉપર વંદિતા ઘરઘરનું છે એવો ઉદઘોષ કરી લીધો. આ સમાચાર પ્રકાશિત કરવાવાળાએ મોટી ટીપણી કરી છે. તેને મોટો સંદેહ થયો. તે સમજતો હતો કે વંદિતુ આવશ્યક શ્રુતસ્કંધ માંહેનું છે. પછી કોણ જાણે તેનો વિચાગ પલટી ગયો, કે તે લખે છે કે, વંદિતુ આગમોમાંથી જીવ વિચાર, નવ તત્વ એ નામના ગ્રંથોની માફક ઉધરેલા છે.

એ પ્રકારે એકજ વાદિના ત્રણ સમયે એકજ વિષયમાં ત્રણ પ્રકારના વિચારો શાસ્ત્રપરિચયશૂન્યતા દેખાડે છે. તા૦ ૨૩મી જુનની સભામાં કહ્યું કે, વંદિતુ, આવશ્યક શ્રુત માહેનું છે. તા૦ ૧૨મી જુલાઇની સભામાં મોટા આગ્રહે ગણધર રચિત માન્યું; વળી સુ૦ સં૦ ચોપડીમાં લખ્યું છે કે વંદિતુ આગમોમાંથી પૂર્વાચાર્યોએ ઉધ્ધારેલું છે. આવા ચંચળ વિચારવાળા સૂરિજીની સન્મુખ થતાં લજ્જિત નથી થતા. એ વાત આશ્ચર્યની છે!

વંદિતુ સૂત્રને, કોઇ કોઇ આવશ્યકમાં માને છે કેટલાક એમ માંને છે કે આવશ્યક શ્રુતમાં, અગર ન હોય, તો પણ પિસતાળીસમાં છે. કેટલાકના મતમાં પીસતાળીસમાં ચાહે ન હોય તોપણ ગણધર રચિત તો અવસ્ય છે. એ શાસ્ત્રીય ચિર વિચારથી, પ્રાપ્ત માહરો નિશ્ચય પ્રગટ કરૂ છું, અને વિવેકી સજ્જનોને ધ્યાન આપવા ભલામણ કરૂ છું કે તેઓ આ મીમાંસા (તપાસ) ને જોઇને પોતાના યથાર્થ વિવેચનથી અનેક સંદેહ શીલોની શંકાનું નિવારણ કરશે. શ્રાવક પ્રતિક્રમણને સારૂ કોઇ શ્રુતસ્થવિરે વંદિતુ એ શબ્દાદિ પચાસ અથવા તેંતાળીસ ગાથાઓનો, આવશ્યક નિર્યુક્તી, ઉપાસકદશાંગાદિ ગ્રંથોથી સંગ્રહ કર્યો છે, તેને વંદિતુ કહે છે. અગર જો તે ગણધર રચિત હોત તો નંદી પાક્ષિક પ્રતિક્રમણ સૂત્રોમાં, કરેલી, સમસ્ત અંગોપાંગાદિ શ્રુતોની ગણનામાં, ગણાત. તેમાં ભદ્રબાહુ સ્વામિ સુધીના પણ બનાવેલા ગ્રંથોની ગણના લખી છે, કેટલાક આગમો હાલમાં મળતા નથી, તેમના પણ નામ છે પણ વંદિતુનું નામ નથી.

આત્મારામજીએ **"जैनधर्मो के प्रश्नोत्तर'** નામનો જે ગ્રંથ લખ્યો છે તેમાં પીસતાળીસ આગમોની ગણત્રીમાં એનું નામ નથી, તેમજ આવશ્યક ગ્રંથોના નામોની સાથે વંદિતાનો પણ ઉલ્લેખ નથી.

આત્મારામજીએ દર્શાવેલી આગમોની ગણત્રીનું કોષ્ટક.

૪૫ આગમો

अंक.	सूत्रं नामा नि.	अंक.	सूत्र नामा नि.	अंक.	सूत्र नामा नि.	अंक	सूत्र नामा नि.
१	आचारांग	२	राजप्रश्नीय	१	आवश्यकसूत्र	२	आतुरप्रत्या
	सूत्र.	१३	सूत्रं.	२४	पाक्षिकसूत्र	३५	ख्यान सूत्र.
२	सूयगडांग	३	जीवाभिग	२	विशेषावश्यक	३	भक्तपरिज्ञा
	सूत्रं.	१४	म सूत्रं.	२५	दशवैकालि	३६	सूत्र.
३	ठाणांग सूत्रं.	४	पन्नवणा	३	कं सूत्र.	४	महाप्रत्या
		१५	सूत्रं.	२६	पिंडनिर्यु	३७	ख्यान सूत्र.
४	समवायांग	५	जंबूद्वीप प	४	क्तिः	५	तंदुलवेयालि
	सूत्रं.	१६	न्नत्ति सूत्रं	२७	उत्तराध्यय	३८	य सूत्र.
५	भगवती	६	चंद पन्नत्ति	१	न सूत्र.	६	चंद्रवेध्यक
	सूत्रं.	१७	सूत्रं.	२८	दशाश्रुत	३९	सूत्र.
६	ज्ञाताधर्मक	७	सूर्य पन्नत्ति	२	स्कंध सूत्र.	७	गणिविद्या
	था सूत्र	१८	सूत्रं.	२९	बृहत्कल्प	४०	सूत्र.
७	उपाशकद	८	निरावलिया	३	सूत्र.	८	मरणसमाधि
	शांग सूत्रं.	१९	सुयखंध सूत्रं	३०	व्यवहार	४१	सूत्र.
८	अंतगड		कप्पिया	४	सूत्र.	९	देवेंद्रस्तवसूत्र
	सूत्रं.	९	सूत्रं.	३१	पंचकल्प	४२	वीरस्तवसूत्र.
९	अनुत्तरोव	२०	कप्पवडंसि	५	सूत्र.	१०	गच्छाचार
	वाइ सूत्रं.	१०	या सूत्रं	३२	निशिथ	४३	सूत्र.
१०	प्रश्नव्याक	२१	पुप्फिया	६	सूत्र.	१	
	रण सूत्रं.	११	सूत्रं.	३३	महानिशिथ	४४	नंदि सूत्र.
११	विपाक श्रु	२२	पुप्फचूलि	१	सूत्र.	२	अनुयोगद्वा
	तांग सूत्रं.	१२	या सूत्रं.	३४	चतुःशरण	४५	र सूत्र.
१	उववाइ	२३	वन्हिदशां		सूत्र.		
१२	सूत्रं.		ग सूत्रं.				

એનાથી કેટલાક પ્રકરણ ગ્રંથોમાં, વંદિતુને ઋષિપ્રણીત કહ્યું છે. બલકે હીરપ્રશ્ન ગ્રંથમાં, શંકા કરવામાં આવી છે, કે એ ગ્રંથ કુંભારનો બનાવેલો છે. વંદિતુમાં પાઠ પણ કઇ પ્રકારના છે, તેંતાળીસમી ગાથાને અંતે "तस्सधम्मस्स" એ પદ બીજા કહે છે પણ ખરતર ગચ્છવાળા કહેતા નથી. તેમના સામાચારી શાસ્ત્રમાં એ પ્રમાણે લખેલું છે. તેની તેંતાળીસ ગાથાઓ, આવસ્યક નિર્યુકતી, ઉપાશાકદસથી, અર્થાત: (મૂદ્દામાં) તદન મળતી છે. કારણુ એ છે જે આવસ્યક નિર્યુકતી, અને ઉપાશાકદસમાં, શ્રાવકોના બાર વ્રતોના, અતિચાર કહ્યા છે. તેજ અતિચાર વંદિતુમાં પણ છે. એનાથી માલમ પડે છે કે, તેને લઇને વંદિતુમાં "तम्निंदेतंच गरिहामि" એ અંત પદને જોડીને લખ્યું છે.

ઘણા લોકોના મનમાં સંદેહ થતો હશે, કે કદાચ વંદિતુનીજ ગાથાઓ આવસ્યક, નિર્યુકતી અને ઉપાસક દશામાં ગઇ હશે, પરંતુ તેઓએ જરા વિચાર કરવો જોઇએ કે ઉપાશક દશ સાક્ષાત્. વીર જિનેન્દ્ર પ્રરૂપિત, સુધર્મ સ્વામિ કૃત, સપ્તમાંગ છે. એના પહેલાનું તો વંદિતુ કોઇ પણ કહી શકતું નથી અને આવસ્યક નિર્યુક્તિથી પહેલાનું હોત તો કોઇ કોઇ જગાપર તેમાં વંદિતુની ગાથાઓના ઉલ્લેખ અવસ્ય આવત.

વંદિતુ સૂત્ર, ગણધર રચિત, નમાનીએ તો, જ્યારે તેનો સંગ્રહ નહોતો થયો ત્યારે શ્રાવકો કયા સૂત્રને ભણીને પ્રતિક્રમણ કરતા હતા ? એનો ઉત્તર તો સ્પષ્ટ છે કે ઉપાસક દશાને આવશ્યક નિર્યુકતી ભણીને કરતા હતા. નહીં તો તમોજ કહો કે આનંદ કામદેવાદિક સર્વોત્કૃષ્ટ શ્રાવક કયા સૂત્ર ભણીને પ્રતિક્રમણ કરતા હતા ? એની તેંતાળીસમી ગાથા પગામ સજઝાયની છે. ચુમ્માળીસ પીસતાળીસમી ગાથાઓ ચૈત્યવંદનની છે.

સુરતાળીસમી ગાથાના બે પદ પાક્ષિકના અને ચોથું પદ જયબીયરાય પ્રણિધાન સૂત્રનું છે, કેવળ ત્રીજા પદનો પત્તો નથી. કયા ગ્રંથથી લખવામાં આવ્યું છે, બલકે એ પદની જગ્યાએ, "संम्मृत्तस्सय सुद्धिम्"॥ એ પદ મરણમાર્ગસમાધિપ્રકીર્ણકમાં છે. બાકી ઓગણપચાસ અને પચાસમી ગાથાઓ પગામ સજઝયની છે. એ પ્રકારે તેંતાળીસ તથા પચાસ ગાથાના વંદિતુનો હવાલો આગમમાં મળતો છે. એનાથી એવું માનવું જોઇએ કે આ ગ્રંથને સંગ્રહ કરીને, કોઇ શ્રુતસ્થવિરે બનાવ્યો છે. આ જગાએ કેટલાક

પ્રશ્નો થાય છે, કે જો આગમથી આ ગ્રંથ મળે છે તો એમાં લખેલી દેવ યાચના, કેમ ઉથાપવામાં આવે છે? એ ગ્રંથ સૌ શ્રાવક ધર્મ પ્રતિપાદક શાસ્ત્રોથી સંગ્રહ કરવામાં આવ્યો છે, તો ગ્રંથકારે લલિતવિસ્તરાથી, દેવ યાચના સંગ્રહીત કરી હશે. કેમકે બીજા કોઇ સૂત્રમાં નથી.

પ્રશ્ન—શું લલિત વિસ્તરાથી વંદિતુને નવું સમજો છો?

ઉત્તર—તેંતાળીસ ગાથાઓની પછી જે ગાથાઓ જોડવામાં આવી છે તે લલિત વિસ્તરાના પછીની છે. બીજી પણ એક વાત છે કે લલિત વિસ્તરા હરિભદ્રસુરિજીની બનાવેલી છે માની લઇએ છીએ કે આવશ્યક વૃત્તિના પણ તેજ કર્તા હતા. અને આવશ્યક વૃત્તિમાં સઘળો શ્રાવક ધર્મ લખ્યો છે. જો વંદિતુ એના પેહલા હોત તો હરિભદ્રસુરિજી અવશ્ય લખતે કે શ્રાવક પ્રતિક્રમણ વંદિતુ સૂત્ર અનુસારે કરે. પણ એવું લખ્યું નથી બલકે પંચાશકમાં પણ કાંઇ લખ્યું નથી. એનાથી વંદિતુ સૂત્ર ગણધર રચિત નથી, નકે કોઇ પૂર્વધર રચિત છે કિંતુ કોઇ શ્રુત સ્થવિરનું રચેલું છે, જેમકે સુ૦ સં૦ ચોપડી લખનારે છેવટે માની લીધું છે, કે વંદિતુ સૂત્ર જીવ વિચાર ગ્રંથની પેઠેમ પ્રકરણ ગ્રંથ છે. એ પ્રકારના વંદિતુપર ગણધર રચિતપણાનો ભ્રમ કરીને જે જે સૂરિજી ઉપર મિથ્યા વાદ લગાડવામાં આવ્યા છે તેનો જુવાબ કોણ આપશે? લેખક કે સંઘ? એ વાત કાંઇ સહેજ નથી યાદ રાખવું કે આ વાત યોગ્ય પગલાં ભરવા જેવી છે.

ચુનિલાલ—આત્મારામજીની ચોપડીમાં કલ્પ ભાષ્યની ગાથા અનુસારે મધ્યમ ચૈત્યવંદનમાં ચાર થુઇ, અને પંચશક્રસ્તવરૂપ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં આઠ થુઇ કહી છે.

સૂરિજી—જો કલ્પ ભાષ્યની ટીકામાં ચાર તથા આઠ થુઇ હોય તો રાજેન્દ્ર સૂરિજીએ માનવી નહીં તો સમસ્ત સંઘે ત્રણ થુઇ કરવી. એના ઉપર સહી કરો? ચુનીલાલે સહી ન કરી.

વાંચક વૃંદને આ અવસરે ખૂબ ધ્યાન આપવાનું છે કે જ્યારે ચુનિલાલે કલ્પભાષ્યની ગાથામાં ચાર થુઇ છે એમ કહ્યું તો સૂરિજી એ પ્રમાણે કલ્પ ભાષ્યમાં નીકળે તો તે ઘણી ખુશીથી માન્ય કરવા તૈયાર હતા ત્યારે સહી કરાવીને પાકુ કેમ ન કરી લીધું? હું ધારું છું કે સભામાં વાદિ પક્ષમાં કોઇ

પણ કલ્પભાષ્ય ભણેલો હતો નહીં જેથી આ ભ્રમિત વાત માનવામાં જીવ ધડકતો હતો. અને પ્રતિવાદી સૂરિજીને કલ્પભાષ્યનો પાકો અભ્યાસ હતો, અને દૃઢ સ્મૃતિ હતી. જેથી તેઓએ નિકળવાથી માનવા સારૂ પણ કર્યું હતું.

આત્મારામજી કૃત ચતુર્થ સ્તુતિ નિર્ણય ગ્રંથ નિષ્પક્ષપાતિને ખાત્રી કરવા સારૂ બસ છે. એ વચન કયાં સુધી નીકળી શકે છે કે જ્યાં સુધી ધનવિજયજી કૃત ચતુર્થ સ્તુતિ શંકોદ્ધાર ગ્રંથ જોવામાં આવ્યો નથી, કેમકે ધનવિજય કૃત ગ્રંથમાં સઘળા વિષય વિસ્તાર પૂર્વક સકળ આગમોનું પ્રમાણ આપીને નિષ્પક્ષ ભાવથી વાસ્તવિક રીતે ત્રિસ્તુતિક મત પુષ્ટિ કરનાર લખ્યા છે.

ચુનિલાલ—દંડકોના અંતમાં થુઇ કહી છે તો તે દંડક કેટલા ?

સૂરિજીએ પાંચ દંડક બતાવ્યા, તેને ચુનીલાલે લખી લીધા પરંતુ સમજ્યા નહીં તેથી કેહવા લાગ્યા કે એ પાંચ દંડક નથી એ સમયે પન્યાસજી બોલ્યા કે વંદન ભાષ્યમાં હશે.

પ્રિય વાંચનાર શાસ્ત્ર ભણ્યા વિના આટલા મોટા જિન સમયજ્ઞ સૂરિજીને પોતાનાજ ઘરમાં પરાજિત માની બેસવાવાળા અને જિતનારની માફક આચરણ પણ કરવાવાળા વાદિપક્ષના તરફ જરા નિધા ફેરવો કે જેને આબાલ પ્રસિદ્ધ પાંચ દંડક પણ ન આવડયા ! એકે કહ્યું કે પાંચ દંડક એ નથી, વળી બીજાએ કહ્યું કે કોણ જાણે ! વંદન ભાષ્યમાં નિકળી આવે ! હમણા આપણે ચુપ રહેવું ! આવા આવા અણજાણ અને બીકણ માણસો સૂરિજી સાથે વાદ વિવાદ કરવા આવ્યા હતા ! એ પણ દુઃખમકાળનું મહાત્મ્ય છે.

"घटानां निर्मातु स्त्रिभुवनविधातु श्चकलहः॥"

જેમકે એક કુંભાર ત્રણ ભુવનના સૃજનાર પ્રજાપતિ સાથે ઝઘડો મચાવ્યો કે હું જેમ ઘડાનો ઘડનાર છું તેમ આપ ત્રિભુવનના ઘડનાર છો એટલે હું ને તમો સરખા છઇએ !

સૂરિજી—કલ્પભાષ્ય મંગાવો તેમાં જે નીકળે તે ખરૂ.

ચુનિલાલ—મંગાવું છું.

ઘણીવાર વાટ જોઇ છતાં કલ્પભાષ્યની પોથી આવી નહીં, ત્યારે પંચ પડિક્કમણનો સાડા ત્રણ રૂપીયાવાળો ચોપડો આવ્યો. તેમાં વાદિ પક્ષે ઘણીજ વાર સુધી જોયું પરંતુ પાંચ દંડક છતાં પણ સુજ્યા નહીં. ત્યાર બાદ ચુનીલાલે નવભેદ ચૈત્યવંદનવાળી ગાથા દેખાડી. સૂરિજીએ કહ્યું કે એ અર્થ ભાષા ટીકાકારે કર્યો છે એમાં કાંઇક કસર છે.

ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધારમાં એનું સારી રીતે વિવેચન કર્યું છે એ ઉપર સુ૦ સં. ચોપડીમાં લખ્યું છે કે સુરિજી શું સૂત્રજ માને છે? પંચાગી માને છે, તેમાં તો ટીકા પણ આવી ગઇ તેને કેમ નથી માનતા, ઇત્યાદિ લેખકને એકજ પ્રકારની શંકા ઘણીજ જગ્યાએ જોવામાં આવે છે એ શંકા ઢુંઢિઆ સાથે કરવાની છે સૂરિજીને તો પીસતાળીસ સૂત્ર તથા તેમની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ એના. અક્ષરશઃ માન્ય છે. પરંતુ જ્યારે વાદિપક્ષ પીસતાળીસ બીસતાળીસ સમજતાજ નથી તો શું કરીયે? પેહલાંતો એનાથી એજ ભુલ થઇ કે સાડા ત્રણ રૂપીયાના ચોપડામાંથી વંદનભાષ્યની ગાથા બતાવી, કેમકે સુરિજીએ પંચાગીમાંથી દેખાડવા કહ્યું હતું, પણ તેમને પ્રકરણ ગ્રંથ વૃથાજ બતાવ્યો.

ચૈત્યવંદન મહાભાષ્ય, નામ સાંભળીને બિચારાં ભોળા માણસો, સમજ્યા હશે કે, એ ભાષ્ય સૌ ભાષ્યોમાં પ્રતિષ્ઠિત અને અધિક માનવા યોગ્ય છે. તેઓ એમ નથી જાણતા કે પંચાશકની સંવત ૧૧૨૮ માં અભયદેવ સૂરિજીએ કરેલી ટીકાથી ઘણેક વર્ષે એને દેવેન્દ્રસુરિજીએ રચેલ છે તે કેવળ હરિભદ્રસુરિના વચન બળથી ચોથી થુઇ સિદ્ધ કરી છે. જ્યારે સઘળા ચતુઃસ્તુતિક ગ્રંથોના મૂલાધાર લલિતવિસ્તરા ગ્રંથની સમીક્ષા કરી ચુકયા છે, કે તેમાં પરતીર્થિઓમાં જવાથી રોકવા માટે, દેવસ્તુતિ લખી છે. તો તેને આધારે રચેલા ચૈત્યવંદન ભાષ્યની શું હકીગત છે? બૌદ્ધ મતવાળા ઘણાખરા યંત્રમંત્રાદિ કરીને ચમત્કાર દેખાડતા હતા તેમની દેખાદેખી આપણા આચાર્યો પણ કાંઇક તેમ કરવા લાગ્યા.

સૂરિજી કોઇ પણ ગ્રંથનું અપમાન નથી કરતા. કિંતુ, સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ, પ્રકરણ ગ્રંથોમાં પૂર્વ પૂર્વ પ્રામાણ્યાધિક્ય અવશ્ય માને છે. અર્થાત પ્રકરણ ગ્રંથોની અપેક્ષા વૃત્તિ તેથી ચૂર્ણિ, અને તેથી ભાષ્ય, એમજ નિર્યુકતી, અંતમાં સૂત્રને સૌથી બળવાન પ્રમાણ

માને છે. નહીં કે સૂરિજીજં કિંતુ તપાગચ્છની આ રીતી છે જેમકે આવસ્યક ચૂર્ણી ટીકાઓમાં લખ્યું છે કે પ્રથમ **"करेमिभन्ते,"** પશ્ચાત **"इरिया वहिया"** પડિકમવું. તેને ન માનીને મહાનિશીથસુત્ર, અને દસવૈકાલિક ટીકાના સામાન્ય વચન પ્રામાણ્ય વડે પ્રથમ ઇરિયા વહિયા કરીને કરેમિભંતે કરવામાં આવે છે. અહીંઆ જોવું જોઇએ કે સૂત્રોક્ત રીતીનો આદર કરવામાટે બહુ આચાર્યોના વચનો તરફ કાંઇક ખ્યાલ કરવામાં આવતો નથી, અને કેટલાક પ્રકરણ ગ્રંથોમાં લખ્યું પણ છે. કે જ્યાં સુધી સૂત્રપંચાંગી પ્રમાણ મળતું હોય, ત્યાંસુધી પ્રકરણ ગ્રંથ ન માનવો જોઇએ. એથી સુત્ર નિર્યુકતી, ભાષ્ય, ચૂર્ણી વૃત્તિઓમાં કહેલી ત્રણ થુઇનો અનાદર કરીને, કેવળ પ્રકરણ ગ્રંથોમાં, કોઇ કારણથી, ચલાવેલી ચાર થુઇ, માન્ય થઇ શકતી નથી. અગર પ્રકરણ ગ્રંથકાર, આચાર્યોના વચનોની, પ્રતિષ્ઠા રાખવી છે, તો ચોથી થુઇ કારણે કરવી.

હેમાચાર્યની લખેલી, દેવ સ્તુતિ સારૂ એટલી શ્રદ્ધા દેખાડવામાં આવે છે, પરંતુ પંચમી સંવત્સરી. કેમ કરતા નથી ? હેમાચાર્ય તો પંચમી દિવસે કરતા હતા, જિનપ્રભસૂરિકૃત વિધિપ્રપામાં "ત્રણ કરેમિભન્તે" કરીને એક સામાયિક કરવું લખેલું છે, પણ તેપ્રમાણે કેમ કરતા નથી ? એ પ્રકારે શાસ્ત્રીય વિશેષ જ્ઞાન વગરના, આગ્રહથી જકડાયલા, કોઇક કોઇક ને જો કાંઇ ગેરવાજબી, લાગ્યું હોય તો શું આશ્ચર્ય ! જો કોઇ શ્રુતસ્થવિર હોત તો સમજાત. પરંતુ અહિંતો જે શ્રુતસંપન્ન માનીને બેસાડવામાં આવ્યા હતા, તે કોરા ભદ્રિક હતા ! શું કરી શકત !

ચુનીલાલ—ભદ્રબાહુસ્વામિએ સંઘનું કહેવું માન્યું તો આપ કેમ નથી માનતા ?

એમ કહીને ચુનીલાલ સુરિજીને માળ ઉપર લઇ ગયા, અને પુછ્યું કે આપ ચોથી થુઇ કેમ ન કરી લો.

સૂરિજી—સામાચારી એક થઇ જાય તો અમો કરવાને તૈયાર છીએ.

ચુનીલાલ—ત્યારે કાંઇ એ બાબતસર લખત કરીએ.

સરિજી—એમ લખો કે, રાજેન્દ્ર સુરિજી, સુરતમાં પધાર્યા ત્યારે ત્રણ

ચાર થુઇનો નિર્ણય નહોવાથી સંઘે રાજેન્દ્ર સુરિજીને વિનંતી કરીને ચાર થુઇ કબૂલ કરાવી અને બીજી સામાચારી સૂરિજીની સંઘને પ્રમાણુ છે, માટે એમની રીતીથી, જે ચાલશે તેમને, સાધૂ માનવા. એપ્રમાણે, સંઘ લખત કરી આપે. તો હમોને પ્રમાણુ છે.

ચુનીલાલ—સમસ્ત સંઘમાં લખી દેવું કબુલ છે.

સૂરિજી—અહિંઆજ લખો.

ચુનીલાલ—સમસ્ત સંઘમાંજ લખવું સારૂ છે.

માળેથી નીચે આવીને સંઘને પુછીને બીજી રીતે લખ્યું.

સૂરિજી—ઉપર તમોએ કબુલ કર્યું તે પ્રમાણે કેમ ન લખ્યું ? બીજીવાર સુધારીને લખો.

ચુનીલાલ—આપજ લખો,

સૂરિજીએ લખ્યું તે સૌને ફાવ્યું નહીં, ત્યાર બાદ ચુનીલાલ તથા સંઘે મળીને નીચે લખ્યા પ્રમાણે ફરીથી લખત કર્યું. આ સઘળી વાતો સુ૦ સં. ચોપડીના લેખકે કેમ છુપાવી ? તે કાંઇ સમજાતું નથી. પછી સઘળાએ મળી લખત કર્યું કે—

“ પન્યાસજી ચતુર વિજયજીને ઉપાસરે તેમની સમક્ષ રાજેન્દ્રસૂરિજી પધારેલા હતા, તથા સંઘ સમસ્ત મલ્યો હતો તેમની સાથે ત્રણ ચાર થુઇના ઝઘડામાં ન પેસતાં સંઘે રાજેન્દ્રસૂરિને વિનંતી કરવાથી તેમણે ચાર થુઇ માન્ય કરી છે અને તપગચ્છ શાસ્ત્ર પ્રમાણે સામાચારીએ જે વરતે તેમને સાધુ માનવા સંવત ૧૯૫૯ના જેઠ વદી. ૧૩ને વાર ભોમે ”

આ ઠરાવ ઉપર રાજેન્દ્રસૂરિજીએ પોતે તથા સંઘના પધારેલા ગૃહસ્થો, શેઠ નગીનદાસ ઝવેરચંદ, દેવચંદ લાલભાઇ, રૂપચંદ લલ્લુભાઇ, ખુસાલભાઇ સવાઇચંદ, સૂરચંદ પરસોતમદાસ બદામી વીગેરે ઘણા સખસોએ સહીઓ કરી હતી.

એ પ્રકારે તા૦ ૨૩મી જુને સભામાં યોગ્ય વ્યવસ્થા થઇ હતી. એનાથી બંન્ને પક્ષોના હકમાં કાંઇ પણ હાનિ નહોતી. બલકે મોટો લાભ, વિશેષ કરી, સંઘને થયો, કેમકે ધર્મોન્નતિમાં, જેટલો ઉદ્યોગ સુરતના સંઘનો છે તેટલો બીજા કોઇ સ્થળે કોઇનો નથી. અહિંઆ ચાહે સાધુ હોય ચાહે શ્રાવક હોય પણ કોઇ અનાચારી રહી નથી શકતો, તો જો આજ

•કોઇ કોઇ સાધૂ માહારાજ, જિનાજ્ઞાવિરૂદ્ધ, વિશુદ્ધગચ્છાચાર્યકૃતસામાચારી શાસ્ત્રનિષિદ્ધઆચરણ, કરી રહ્યા છે. તેમને, વિધાદિ ગુણ જોઇને, અથવા સ્નેહભાવથી, માનવામાં કમતી કરવામાં આવતી નથી; જેથી તેમનો અનાચાર વધી રહ્યા છે. તો એવો અકસ્માત વિના શ્રમે પ્રાપ્ત થયેલા લાગમાં તે અનાચારને મુકાવવાનું મુહુર્ત અતિ શીઘ્ર કરવું જોઇતું હતું. પણ એ પ્રમાણે ન કરતાં બીલકુલ પોતાની મતલબમાં સંઘટણ કરીને વર્તમાનપત્રોમાં ખબર છપાવી એ પૂરેપૂરી ઠગાઇ છે. એવું કામ જો એક સાધારણ પુરૂષનું હોત તો સંઘ પુછત અને યથાયોગ્ય પ્રતીકાર પણ કરત પરંતુ જ્યારે તેજ એવું કરી રહ્યા છે તો પૂછી પણ કોણ શકે! **"जत्थराया सयंचोरो भांडे ओय पुरोंहिओ तस्स मज्झे मरीहामि जायं शरणओभयं"** જ્યાં રાજા ચોર અને પુરોહિત ભાંડ છે ત્યાં તો અવસ્યજ મરીશ, કેમકે શરણથી ભય ઉત્પન્ન થયો. **(उतराध्ययने.)**

વળી સુ૦ સં૦ ચોપડી કહે છે કે જેઠ વદ ૧૩ની સાંજના રાજેન્દ્રસૂરિ કબૂલાત મુજબ પન્યાસજી ચતુરવિજયજી સાથે ચારથુઇથી **"पडिक्कमण"** કરવા આવ્યા હતા પણ ત્યાં વળી પોતાની સમાચારી પ્રમાણે નવી વાત કાઢવાથી ઇત્યાદિ.

વિવેકી વાંચનારાઓ! તમે સમજ્યા હશો કે વાદિ પક્ષ હઠ આગ્રહથી જકડાયલા છે, અને સૂરિજી પોતાની પ્રતિજ્ઞા પાળવાસારૂ તૈયાર છે. પ્રથમ તો આ લેખજ આગ્રહ બતાવનાર છે કે સૂરિજીની આગળ જી શબ્દ નથી લગાડવામાં આવ્યો અને પન્યાસજી આગળ પાછળ બે "જી," "જી" થી ગોઠવવામાં આવ્યા છે! ખેર! એમાં શું!

સૂરિજી પડિક્કમણ કરવા ગયા ત્યાં કહ્યું કે ઠરાવ પત્ર ઉપર સકલ માનવંત સંઘના આગેવાનોની સહી થઇ? ત્યારે એક શ્રાવકે કહ્યું કે "થઇ જશે. શું કરવું છે! સૂરિજીએ કહ્યું. કેમ તે પ્રમાણે હમારે તમારે બન્નેને વર્તવાનું છે એટલામાં પન્નાસજી બોલ્યા કે લખતમાં જે સમાચારીની વાત છે તેમાં શું છે? જેમ થાય છે તેમ થશે! સૂરિજીએ કહ્યું કે જ્યારે હમારી તરફથી શાસ્ત્રોકત સમાચારી કરવા માટે શરત થઇ ચુકી છે તો હવે કેમ હઠો છો? પન્યાસજી કહે છે કે તમારે કરવું હોય તો ચાર થુઇથી

પડિક્કમણુ કરો. નહિં તો.............કોઇ કોઇ રાગી શ્રાવક સમજાવવા લાગ્યા કે આ વખતે તો તમો કરો, પાછળથી સૌ સારાવાનાં થશે. એ વાત ઉપર પાછળ હઠવાનો પૂરેપૂરો દોષ વાદિપક્ષ ને માથેજ લાગે છે. કે શુદ્ધ સામાચારીનો એકરાર કરીને હઠી ગયો. પરંતુ ઉલટો દોષ સૂરિજીપર ઢાળવામાં આવ્યો કે તે સામાચારીની નવી વાત કાઢવા લાગ્યા એ પ્રકારના અન્યાય્ય વર્તાવનો ઉત્તર કોણુ આપશે ? સંઘ કે કોઇ અમુક વ્યકિત ? ઘણાખરા હઠી આગ્રહી અને ભોળાં ભાલા, લોક સમજતા હશે કે, સૂરિજી પોતાની સમાચારી, સૌના ગળામાં ઉતારવા ઇચ્છે છે, પરંતુ સૂરિજીનું એવું કેહવું નથી. કિંતુ જે તપગચ્છ શાસ્ત્રોકત સામાચારી હોય, તે કરવી જોઇએ. અગર સૂરિજી શાસ્ત્રોકતજ કરે છે, તો તેમની પ્રમાણે બીજાઓએ પણ, કરવામાં શું હરકત છે ? કેમકે શરત એવીજ થઇ હતી. નહીતો સરિજીની સમાચારીમાં જે ખોડ હોય તેને બતાવવી જોઇએ, કે સૂરિજી અમુક, આચરણ શાસ્ત્ર વિરૂદ્ધ, કરે છે. એ પ્રકારે જ્યારે સૂરિજીએ જોયું કે અહિયા વિવેકી સજ્જનોનો અભાવ છે તો એમની સાથે, એવો ઉદાર વ્યવહાર, કરવો યોગ્ય નહોતો. એમ સમજીને ત્યાંથી ચાલ્યા આવ્યા.

પછી પૂર્વે લખેલા ઠરાવના લખતથી, શાસ્ત્રશબ્દને કાઢીને, તા૦ ૨૮મી જૂનના પેપરોમાં છપાવ્યું હતું. જેથી વાદિપક્ષની મોટી મતલબ નીકળી આવી, અને સૂરિજીની રદ થઇ. કેમકે તપગચ્છની સમાચારીતો તપગચ્છ ના સાધૂ માત્ર, જે કોઇ કરે છે, તે પણ કેહવાય છે. પરંતુ શાસ્ત્ર પ્રમાણે તો કાંઇક બીજી છે. તપગચ્છનું સર્વમાન્ય સામાચારી શાસ્ત્રને પ્રમાણુ સામાચારી યથાસંભવ સૂરિજી કરે છે, તેનીજ શરત હતી, જેને સંઘ પક્ષે ત્રોડી નાંખી; અને સૂરિપક્ષના અવમાન સૂચક સમાચાર ઝાહેર કર્યાં. જેથી દેશ દેશાંતરના શ્રાવકોના મનમાં અનેક પ્રકારના સંદેહ ઉત્પન્ન થયા; અને તેતે સ્થાનોથી ભાતભાતના પત્રો આવ્યાં. જેના ઉત્તરમાં કાર્ડ છપાવીને સૂરિ પક્ષને મોકલવા પડયાં. કાર્ડોની મતલબ ઠીક હતી. પણુ એ કાર્ડો વાદિ "પક્ષને બનાવટી બીનાવાળાં માલુમ પડયાં; કેમકે વાદિ પક્ષમાં તો, વિવેક દેવને હઠાડીને આગ્રહ દાનવ રાજ્ય કરતા હતા, તેના રાજ્ય અમલમાં સત્ય સુકૃતિઓને કોણુ પુંછે ? લખ્યા સિવાય ખોટી બીનાને, દેખાડવામાં આવત તો વાંચકોને, અધિક સંતોષ થાત. પરંતુ જોરદાર સંઘની ચોપડીના મોઢેથી એટલુંજ નીકળતું, બસ સમજવામાં આવ્યું.

હું સંભાવના કરૂં છુ કે એમાં બનાવટી વાત પહેલાં આ સમજવામાં આવી છે કે " રાજેન્દ્રસૂરિજીએ પંચાંગીથી ત્રણ થુઇ સાબીત કરી અને ચોથી થુઇ માટે પુછયું તો પંચાગી પ્રમાણ આપતાં ચુનીલાલ આદિ ચુપ થઇને વંદિતુ એ નામનો પ્રકરણ ગ્રંથ બતાવ્યો. " વાદિ પક્ષે. પોત પોતાના મનમાં સમજી લીધું, કે વંદિતુ, વંદન ભાષ્ય, પીસતાળીસની પંચાંગીમાં છે. તેમાં ચોથી થુઇ બતાવીને કૃત કૃત્ય, થતા, ચુનીલાલ આદિ નું ચુપ ઝાહેર કરવું ખોટું છે, એ સમજને હું ખોટી ધારૂંછું કેમકે વંદિતુને તો પ્રકરણ ગ્રંથ સુ૦ સં૦ ચોપડીના ૧૮મે પાનેને અંતે સ્પષ્ટ રીતીએ માની લીધો છે. અને વંદન ભાષ્ય, પીસતાળીસની ગણુનામાં નથી, એમ હું સાબીત કરી ચુકયો છું. એ બે પ્રકરણ ગ્રંથો સિવાય સકલ બહુશ્રુત માન્ય પીસતાળીસ માંહેલા કલ્પ વ્યવહારાદિમાં જે નીકળે તે માન્ય થાય. એવું પણ સૂરિજીએ જ્યારે કર્યું, ત્યારે ચુનીલાલ આદિ ચૂપ પણ થયા હતા. અને ન કલ્પભાષ્યમાંથી ચોથી થુઇ કાઢવામાં આવી હતી. ત્યાં તો એ ગ્રંથોને જાણુવાવાળાજ નહોતા, કોણ કાઢીને દેખાડવતે; આત્મારામજીની ચોપડીના બળથી, વાદ કરતા હતા.

મુદ્દાની વાત બંન્નો પક્ષની શરતો કાર્ડમાં સ્પષ્ટજ લખી હતી. ફરી તે કાર્ડને કાઇ અંશે બનાવટી સમજાવવામાં આવ્યો. જેથી ચઢવાઇને કેટલાક શકિતવાળાઓએ અન્યાય્ય રીતીથી પોતાના મનોરથ પુરા કરવાની તૈયારી કરી. જ્યારે સંઘ મળવાનો હતો તેનાથી પેહલાં અમોએ એક સૂચના આપી હતી. જેમાં એ વાત હતી કે અપક્ષપાતિ, એક વિદ્વાન, મધ્યસ્થ થાય, અને ઉભય પક્ષના, એક સમયમાં એક એક માણુસ બોલે ઉદ્ધત બોલવાવાળા ન બોલી શકે અને અપક્ષપાતિ રીપોર્ટર લખતા જાય, એ પ્રકારે વિવાદનો નિર્ણય અવસ્ય થઇ જશે. નહીં તો ઉલટો દ્વેષ વધશે. પરંતુ સાંભળે કોણ ! **"अर्थी दोषं न पश्यति"** કરવાવાળા તો હતા આશ્રુણિત કાર્ય ! ન્યાય અન્યાયની શું ગરજ ! અસ્તુ ! આષાઢ વદિ ૭ તા૦ ૧૨મી જુલાઇ ૧૯૦૩ને દિવસે, શેઠ પ્રેમચંદ રાયચંદની, ધર્મશાળાંમાં સંઘ એકઠો થયો હતો. શરૂમાં શેઠ નગીનચંદ ઝવેરચંદે, કહ્યુ કે ગઇ જેઠ વદી ૧૩ને દીવસે ત્રણ યા ચાર થુઇ સંબંધી નિરાકરણ થઇ ગયું હતું ને રાજેન્દ્રસૂરિ ચાર થુઇ માન્ય કરી ગયા હતા, છતાં પાછળથી ખોટી બીનાવાળા કાગળો દેશાવરમાં પ્રગટ થવાની વાત ઝાહેર આવી છે માટે તે સંબંધમાં સંઘને જે યોગ્ય લાગે તે કરવાનું છે.

વિવેકી પાઠકોએ જોવું જોઇએ કે શેઠજીએ ચાર થુઇ માન્ય કરવાની વાત તો કરી અને સામાચારીની વાત ઉડાવી દીધી સત્ય બીનાવાળા કાર્ડોને ખોટાં પાડયાં, અને પેપરોમાં જે ખોટી રીતીથી લેખ નિકળ્યા, તેમને ખરાં માન્યાં. સૂરિજી પોતાની શરત પાળવા માટે તેજ દિવસે ઉપાસરામાં ગયા, તેના ઉપર પ્રતિજ્ઞા ભંગ દોષ, અને જેને તત્ક્ષણ. સામાચારી શરત ઉપર, પાણી ફેરવી દીધું તેમને કાંઇ પણ ઠપકો ન દીધો. એ પ્રકારે અન્યાય રીતીથી સૂરિજીના અવમાનનો ઉપોદ્ઘાત કરવાનો જુવાબ આપવો જોઇશું. સેઠજીને તો " **आग्रहावत मिनो षति युक्तिमू तत्र यत्र मति रस्य निविष्टा, पक्षपात रहितस्यतु युक्तिं र्यत्र तत्र मति रेति निवेशमू** " સૂત્ર કૃતાંગ ટીકામાં

અર્થ—આગ્રહી પુરૂષો જ્યાં પોતાની બુદ્ધિ લાગેલી રહે છે, ત્યાં યુકિત લગાડવા પ્રયેત્ન કરે છે, અને અપક્ષપાતિ જ્યાં યુકિત જુવે છે ત્યાં તેની બુદ્ધિ દૂરી જાય છે. એ પ્રમાણે અપક્ષપાતિઓને જો આ પ્રકારની, એક તરફી કાર્યવાહીઓથી, દિલગિરી ઉપજી છે, તેના સમાધાન માટે શેઠજી સિવાય બીજો કોણ જુવાબ આપશે ?

તા૦ ૨૮મી જુનના પેપરોમાં છપાયલી હકીગત ત્યાં વર્તમાન ઘણાં ખરા લોકોને સત્ય માલુમ પડી, એમાં કાંઇ વધુ આશ્ચર્ય નથી. કેમકે તે સઘળા એકજ સાંચામાં ઢળ્યા, અધ્યવસાયવાળા (નિશ્ચયવાળા) હતા. જે નિષ્પક્ષપાતી સત્યવકતા હતા તેમને તો બોલવાજ ન દીધા. કદાચ સૂરિજીને ત્યાં તેડાવીને તેમના સમક્ષ પેપર બતાવીને સહી સાબીત કરાવી લેત તો કેવુ સારૂ થાત ? લખત ઠરાવથી શાસ્ત્ર શબ્દને કાઢીને પોતાની પૂરેપૂરી મતલબ પાર પાડીને જે શબ્દની આગળ એક માત્રા જોડીને જો કરી દીધો ! જેથી સૂરિજી ઉપર ભારી દોષ આવી પડયો કે રાજેન્દ્રસૂરિજી હજી સુધી તપાગચ્છની સામાચારી પ્રમાણે ચાલતા નથી. જો ચાલે તો તેમને સાધુ માનવા એવો અનર્થ થઇ ગયો, અને જે શબ્દ રહ્યા હોતતો જે કોઇ સાધુ તપાગચ્છ શાસ્ત્ર સામાચારી મુજબ ચાલે તેમને સાધુ માનવા એવો યથાર્થ થાત.

આ પ્રકારે જમીન અને આસમાનનો ફરક દેખાડવા વાળા ગોવિંદજી શ્રાવકને જો શબ્દ હિંદી ભાષાનો છે અર્થ જે અને જોનો એકજ છે એમ

કહીને ઝટ નિકળી ગયા. ગુજરાતી ભાષામાં હિંદી મેળવવાની શું જરૂર હતી ? તેમાં પણ એવે ઠેકાણે કે જ્યાં બીલકુલ અર્થનો અનર્થ થઇ જાય. અગર સૂરિપક્ષ એવું કામ કરત તો તેના ઉપર મોટું તોહોમત લગાડવામાં આવત પરંતુ, જોરદાર લોકોની ભૂલ થઇ છે, જેને ભરૂસો છે કે હમને કોઇ શું કરી શકશે ?

મારવાડના તખ્તગઢથી દૌલતવિજય અને ધર્મવિજયનો પત્ર સભામાં વાંચવામાં આવ્યો ઉક્તવિજય યુગલે સાક્ષાત્ પોતાના હાથથી અસત પત્ર લખીને ચારિત્ર ઉપર બટ્ટો લગાડયો છે કેમકે સાધૂઓને ખૂલ્લે ખૂલ્લો કાગળ લખવો એ વાત તદ્દન શાસ્ત્ર વિરૂધ્ધ છે. પત્રમાં લખ્યું છે કે, "રાજેન્દ્રનો પત્ર અહીંના સંઘપર આવ્યો છે," આ જગ્યાએ સૂરિ શબ્દનો પ્રયોગ ન કરવાથી વિજયજોડાંની યોગ્યતા સ્પષ્ટ માલુમ પડે છે. તપાગચ્છના પ્રધાન શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજી અને સુપ્રસિદ્ધ બહુશ્રુત આત્મારામજીએ પણ રાજેન્દ્રસૂરિજી એ નામથી ઉલ્લેખ કર્યો છે, તો "**मदुक्ति श्चेदन्त र्मदयतिसुधी भूय मुधियः, किमस्या नाम स्यादरस पुरूषा नादरभरैः ॥**

અર્થ—મારૂ કથન અમૃત થઇને વિદ્વાનોને અંતઃકરણમાં હર્ષ ઉત્પન્ન કરે છે, તો એવા અરસિક પુરૂષો કેટલો પણ અનાદર કરે તો શું ! "ખોટા ખોટા કાગળ લખીને રાજેન્દ્ર બીજા ચાર થુઇવાળાને ત્રણ થુઇમાં લાવવાનો યત્ન કરે છે." અરે ભોળાને ભલા વિજયયુગલ ! સૂરિજી કોઇને કાગળ લખતાજ નથી નકે તેમના ચેલાઓ પણ લખે છે. તમો તો "**आत्मवत् सर्व भूतेषु**" પોતાના જેવા બીજાને જુવો છો. હું નથી સમજતો કે ખોટા ખોટા કાગળોથી સ્વમત કેવી રીતે ચલાવવામાં આવે છે. કદાચ એમ થશે ! જેમ આપ મહારાજાઓએ પોતાની લેખણ કોદાળીથી અનેક આગ્રહિ ગૃહસ્થોના હૃદય ક્ષેત્રને ખેડીને ગુણીના દ્વેષરૂપ બીજ વાવી દીધાં, અને અશિક્ષિત દેશમાં એઠાં એઠાં ભોળા ભલા માણસોને ફુસલાવીને મોટો ઉદ્યોગ કર્યા કરો છો એમ સૂરિજી કદાપી પણ કરતા નથી ! અમે ચાર થુઇ કરીશું એમ સૂરિજીએ કહ્યું નથી કહ્યું હોત તો કરી પણ લેત ! એનાપર વિશ્વાસ બહુ વિચાર કરીને કરશોજી. આઉક્તિ વિજય યુગલના હૃદય મર્મનો પડતો ખોલી દે છે, આપ બૃહસ્પતિના મતના માન-

નાર છો ! કેમકે "**बृहस्पतिर विश्वासं**" બૃહસ્પતિ કહે છે કે કોઇ પણ ઠેકાણે વિશ્વાસ ન કરવો ! જિનમત તો વિશ્વાસ મૂલક છે જેમકે સૂરિજી વિશ્વાસમાં પડીને સમજ્યા કે જો એક વિશુદ્ધ સામાચારી થઇ જશે તો હમો પણ એક વાત ગળામાં ઉતારી લઇશું. પરંતુ અહીંઆ વિશ્વાસઘાત થયો. એ ઊ, વિજયોને આંખથી મમતા અહરૂપ પાટાને ખોલીને જોવું જોઇએ. કે કોણ વિશ્વાસ યોગ્યતા પાત્ર છે સૂરિજી કે તમારો પક્ષ ?

પન્યાસ સિદ્ધિવિજય ગણીનો પત્ર સભામાં વાંચવામાં આવ્યો તેમાં એક વાત નવી જોવામાં આવી કે જૈન સાધૂઓમાં આશીર્વાદ આપવાની શૈલી ન હતી, પરંતુ ગણીજી એ ઉદાર ભાવથી ચલાવી દીધી. "તમોને સુખશાતા વરતો" ગૃહસ્થને સુખશાતાંનુ પુછવું અનાચાર છે દશવૈકાલિકનું ત્રીજું અધ્યયન જુઓ, ગણીજી લખે છે કે રતલામના તારના ઉત્તરમાં રાજેન્દ્રસૂરિએ લખ્યું છે, એ વચન ગણીજીનું બીલકુલ બનાવટી છે કેમકે રાજેન્દ્રસૂરિજી પોતાને હાથે કોઇને પણ પત્ર લખતા નથી, નકે તેના સાધુઓ પણ લખે છે. સૂરિજીનું શાસ્ત્રીય કાર્ય થાય છે જેમાં કેટલાક વિષય એવા આવે છે કે જેને સૂરિજી સિવાય બીજો કોઇ લખી શકતો નથી, તથાપિ સૂરિજી પોતાના હાથથી લખીને પત્ર મોકલાવતા નથી તો એ પ્રકારનો મહાઅસત્ પત્ર સૂરિજીએ લખ્યો એ કેમ ઘટિત થઇ શકે, તથાપિ જો ગણીજી રાજેન્દ્રસૂરિજીના દસ્કતે, તે મજમુનનો પત્ર દેખડાવે તો સૂરિજીને લજ્જીત થઇને ગણીવચન પ્રમાણે વર્તવું કબૂલ છે. નહિ તો એવા એવા જુઠા લેખ લખીને પોતાના શિષ્યો થી ઘૃણિત કાર્ય કરાવવાનો જુવાબ ગણીજીએ દેવોજ પડશે ! સર્વમૃષાવાદવિરતિ લઇને આવો પત્ર સ્વહસ્તથી લખવો તથા માલવામાં અસત્ય કાગળો લખીને મોકલવા એ શું ગણીજી પોતાનું કર્તવ્ય સમજે છે ?

લેખ વધી જવાના ભયથી તે પત્રોને લખીને સમીક્ષા કરી શકતા નથી. જ્યારે આવા આવા બાલાનુભાવોએ આવા આવા પત્રો મોકલ્યા ! તો અહિંના, તેમના વચનોને આગમવાક્ય તરીકે માનવાવાળા હહિઆ અહી લોકો સૂરિજીના ચરિત્રમાં સંદેહ કરે. તેમાં શું આશ્ચર્ય ! પરંતુ તેમના વિષે સંદેહ નથી કરતા જે સ્વહસ્તે અસત્ પત્ર લખીને કોઇ માનવંત સાધર્મિક સજ્જનની પ્રતિષ્ઠા બગાડવી એ પોતાનું કર્તવ્ય સમજે છે. અને સામાચારી વિરૂદ્ધ અસંયતથી સુખશાતા પુછેછે.

ચુનીલાલ—કદાગ્રહ ત્યાગ કરવો ઉચિત છે.

સૂરિજી કદાગ્રહ રાખે છે એ ચુનીલાલને કેમ માલુમ પડયું. નકે તેને કલ્પ જોયો, નકે વ્યવહાર, ન નિશીથ ચૂર્ણિ, ન આવશ્યક ગ્રંથ, ન પંચાશક, ન મહાભાષ્ય, કેવળ ચોપડીઓને ભરૂસે આટલા મોટા શાસ્ત્ર પારાવારિણુ, સૂરિજીના વિચારને અસત કેમ સમજી લીધો. જ્યારે પોતાના વિચારોનું ઠેકાણું નથી. કોઇ વખતે લખી મારેછે કે ચોથી થુઇમાં દેવ દેવીઓની સ્તુતિ કરતા નથી કોઇ ઠેકાણે વંદિતુને ગણધર રચિત, અને કોઇ જગ્યાએ પ્રકરણ ગ્રંથ, અને પોતાના તરફ બીલકુલ ખ્યાલ નથી કે તપગચ્છના સાધુ કેહડાવતા સારા સારા વિદ્વાન વિવેકી હાલમાં વિદ્યમાન છે તેમની તરફથી શરત પણ થઇ ચુકી છે કે, તપાગચ્છના શાસ્ત્ર અનુસારે સામાચારી કરવી જોઇએ તો તે કદાગ્રહમાં પડીને શાસ્ત્ર ને તિલાંજલી આપે છે. યદ્યપિ વાદી પક્ષવાળા સર્વે જાણે છે કે પીસતાળીસ આગમોમાં ચોથી થુઇ નથી. અર્વાચીન આચાર્યોએ કોઇ મતલબથી ચોથી થુઇને ચલાવી છે. જે પકડયું તે પકડયું ચાહે ખરૂ હોય ચાહે ખોટું હોય, છોડી શકાતું નથી. આત્મારામજી જો સત્ય તપાસનાર હતા અને આત્મ કલ્યાણ ઇચ્છતા હતા તો તેને વિશુધ્ધ વીરતીર્થીયસાધુવેષ ધારણ કરવો હતો. ભવ્ય પ્રાણીઓ ! જે શાસ્ત્ર સમત છે તેને માનવા સારૂ પ્રયત્ન કરો. જે વાત કાંઇક કારણે શાસ્ત્ર વિરૂધ્ધ ચાલુ થઇ છે તેને છોડવામાં મમતા કરીને દુ:ખી થશો નહીં. કેવળ સત્ય શોધો. "नास्ति सत्यात् परो धर्मः"॥ सच्चं सच्चे पइठियम्'

સૂરિજીએતો, સમગ્ર જૈન શાસ્ત્રોનું વિચાર પૂર્વક પરિશીલન કરીને, અનાદિ, હાલમા પણ અવિછિન્ન ત્રણ થુઇઓનો પુનરૂધ્ધાર કર્યો છે. એમાં સુરિજીને શું લાભ છે, અથવા શું મોટું સન્માન મળે છે. બલકે ઠેકાણે ઠેકાણે આપદા ભોગવવી પડે છે, પરંતુ જે વાત પોતાના આત્માની સાખથી સત્ય માલમ પડે છે તેમને તેજ સત્ય છે. સૂરિજીએ જાણ્યું કે જૈન જાતિ આજકાલ છિન્ન ભિન્ન થઇ ગઇ છે, તેના ટુકડાં જો ફરીથી જોડાઇ જાય તો સારૂ થાય. એવું સમજીને ઠરાવ કરી લીધો છે. પરંતુ જ્યારે બીજા પક્ષને જુવે છે કે રૂઢી રમણી સ્નેહથી વિવેકને ખોઇ એઠા છે. આજે કહે છે કાંઇ ને કાલે કરે છે કાંઇ, તો સૂરિજીને પણ સશંક થવું ઉચિતજ છે. એ પ્રકારે જ્યારે સભામાં સૂરિજીને ભગ્નપ્રતિજ્ઞ (પ્રતિજ્ઞા તોડનાર) મૃષાવાદી (જુઠું બોલનાર) બનાવવા સારૂ કામ ચાલતું હતું, ત્યારે કેટલાક સુરતી અને મારવાડી શ્રાવકોએ તેડાવવાથી

સૂરિજીના પંડિતો સભામાં આવ્યા ત્યાં શેઠ નગીનચંદે ઘોંઘાટ વચ્ચે કહ્યું હજી હમારૂં ખાનગી ભાષણ થઇ રહ્યું છે અવસર ઉપર આપને તેડાવીશ. હમણાં આપ..........એ વાત ઉપર પંડિતો ચાલ્યા ગયા. પછી પાછા તેડાવવાથી આવ્યા શેઠ નગીનચંદ કહેવા લાગ્યા કે હમારા તરફથી ચુનીલાલ જે પ્રશ્ન પુછશે અને તમો જે ચુનીલાલને પુછશો તેનું પરિણામ જે આવશે તે રાજેન્દ્રસૂરિજીને કબુલ છે ?

પંડિતજી કહેવા લાગ્યા કે મને સૂરિજીએ એવો અખત્યાર આપ્યો નથી, જેથી હું એમ નથી કહી શકતો કે મારૂં કહેવું તેજ સૂરિજીનું કહેવું છે. પરોક્ષમાં પંડિતોએ કરેલો નિર્ણય સૂરિજીએ કબુલ કરવો એમ કેમ બનત ? ફક્ત ધર્મ સંબંધી કાંઇ શાસ્ત્રીય ખુલાસો સૂરિજીને લગતો હોય તેનોજ નિર્ણય તેઓ કરી શકત નકે કોઇ પેંચવાળી વાતમાં બંધાઇને સૂરિપક્ષને જોખમમાં નાખતા. વાદિપક્ષમાં પણ જેમ પરોક્ષ એક બે વ્યકિતનો કરેલો એકરાર સઘળા સાધારણમાં માન્ય થઇ શકતો નથી. વાદિપક્ષને જો નિર્ણય કરાવવોજ હોત તો સૂરિજીને તેડાવી તેમનાજ સમક્ષમાંજ કરાવી લેત. પંડિતજી બોલ્યા કે તા. ૨૩મી જુનને દીવસે સૂરિજીથી વાદ થઇને ઠરાવ થયો હતો તેની હકીકત હું ગુજરાત મિત્ર પત્ર વાંચીને અને સભામાં તે સમયે વિદ્યમાન લોકોના મુખથી સાંભળી વાકેફ થયો. કે ચોથી થુઇને લીધે સૂરિજીએ કહ્યું કે પીસતાળીસની પંચાંગીમા જો નીકળે તો હું માની લઉં. એ ઉપર કોઇએ પંચાંગી કાઢીને બતાવી નહીં વંદિતુસુત્ર, ચૈત્યવંદન મહાભાષ્ય નામના બે ગ્રંથોને પીસતાળીસમાં સમજીને પોતાની જાણમાં ઉત્તર આપી દીધો પરંતુ તે ગ્રંથ પ્રકરણની ગણનામાં છે. એથીજ કેવળ વિનંતી કરીને સૂરિજીથી ચોથી થુઇ મનાવવા માટે તપાગચ્છના શાસ્ત્ર પ્રમાણે ચાલનારનેજ, સાધુ માનવાનું સંઘે લખત કબૂલ કર્યું.

જ્યારે સૂરિજી પોતાની પ્રતિજ્ઞા ઉપર રહ્યા છે તો સંઘ પોતાની પ્રતિજ્ઞાથી કેમ ચળે છે. આ વાતમાં શરમને બદલે ઉલટા સૂરિજી ઉપર પ્રતિજ્ઞા ભંગ દોષ લગાડીને કાંઇક અન્યાય કરવો ઇચ્છે છે. તે તદ્દન અનુચિતછે.

ચુનીલાલે (સઘળી વાતો ને ભૂલીને જેમ) કહ્યું કે જુઓ પંડિતજીના કહેવાથી સૌને માલુમ પડયુ હશે કે રાજેન્દ્રસૂરિજીએ ચોથી થુઇ માની લીધી છે.

પંડિતજીએ કહ્યું કે મારા ભાષણથી કેટલીક વાતો માલમ પડી હશે

તે એકે, પંચાગીથી ચોથી થુઇ સિદ્ધ ન થઇ શકી, તેથી સંઘે વિનંતી કરી, બીજું એકે તપગચ્છ સામાચારી શાસ્ત્રાનુસારે સંઘમાન્ય વર્તમાન સાધુ નથી ચાલતા એથી આ વાત માનવામાં સંઘ સંકોચાય છે. એટલામાં બીજા પંડિતે પેહેલે દિવસે ઝાહેર કરેલું હેન્ડબીલ વાંચી સંભળાવ્યું જેમાં એ વાત હતી કે વિના મધ્યસ્થ નિર્ણય થઇ શકતો નથી, એક સમયે એક એકુંજ બોલે, અને સત્ય નોંધ લેવામાં આવે, અયોગ્ય બોલવાવાળા ન બોલી શકે, એમ કરવાની ગોઠવણ કરસો તોજ નિર્ણય થઇ શકશે, નહીં તો આગ્રહ વધી પક્ષાપક્ષીથી કોઇ પણ જાતનું છેવટ આવશે નહીં.

ચુનીલાલે—કહ્યું કે જેઠ વદી ૧૩ને દીવસે સભામાં મૂર્તિમાન સરળતા રૂપ પન્યાસજી ચતુરવિજયજી મધ્યસ્થ પણે રહ્યા હતા, યોગ્ય નિરાકરણ પણ થયું હતું.

પન્યાસજી મધ્યસ્થ કેમ થઇ શકે ? કેમકે જે મતનો વાદી થાય છે તેમનો મધ્યસ્થ માનવામાં આવી શકાતો નથી. જે પન્યાસે શુદ્ધ સામાચારી કરવી માનવામાં આવી છે ને મધ્યસ્થતો વાદિ પ્રતિવાદીઓના ઉત્તર પ્રત્યુત્તરો સાંભળીને તેની સમીક્ષા કરીને અનાગ્રહ પૂર્વક નિર્ણય કરવાની શકિત રાખનાર થવો જોઇએ, જયારે પન્યાસજી મૂર્તિમાન સરળતારૂપ છે. ત્યારે તે વાંકા ટેડા ઉત્તર પ્રત્યુત્તરોને કેમ શમજી શકે છે અને વાદિ પ્રતિવાદીઓનો સંતોષદાયક નિર્ણય આપવાને માટે ઘણો ગ્રંથાભ્યાસ જોઇએ તે પન્યાસજીએ કર્યો છે એ મને પૂરી ખાત્રી નથી. જુઓ ધર્મરત્ન પ્રકરણમાં મધ્યસ્થનું લક્ષણ કેવું લખ્યું છે **"उवसमसार वियारो बाहिज्जइ नेव रागदोसेहिं ॥ मज्झत्थो हियकारी असग्गहं सव्व हाचयइ"** ॥ અર્થ—ઉપશમ થાય એવો વિચાર કરનાર, અને રાગદ્વેષથી જે બાધિત ન થાય અને વળી બન્ને પક્ષનું હિત કરવાવાળા આગ્રહને જે સર્વ પ્રકારે છોડે છે, તે મધ્યસ્થ કેહવાય છે. એજ વાત ચુનીલાલે પણ વ્યંજનાવૃતિએ કબુલ રાખી છે. કે સંઘ સામાચારી શરતને બહાલ નથી રાખતો તેનું એજ કારણ છે કે સભામાં આવા સરળતા રૂપ મધ્યસ્થ હતા ! તેના સમક્ષમાં કરેલા નિર્ણયને એવો વિચક્ષણ સંઘ શું માનશે !

ચુનીલાલ—પંચાંગી કોને કહે છે ?

પંડીતજી—સૂત્ર, નિર્યુક્તી, ભાષ્ય, ચૂર્ણિ, વૃતિ એ પાંચ આગમાંગોને પંચાંગી કહેવામાં આવે છે.

ચુનીલાલ—શ્રાવકો, પ્રતિક્રમણ કયા સૂત્રને અનુસારે કરે છે ?

પંડિતજી—આવશ્યકને.

ચુનીલાલ—આવશ્યક એટલે શું ?

પંડિતજી—સામાયિકાદિ છ અધ્યયનનો ગ્રંથ.

ચુનીલાલ—તેમાં પડિકકમણ છે ?

પંડિતજી—હા, છે.

ચુનીલાલ—તમો પડિકકમણ કરો છો ?

પંડિતજી—હમે કેમ પડિકકમણ કરીએ. અમે તો પરમેશ્વર સનાતન વૈદિક રીતિએ વર્તનાર છીએ તો હમારે પડિકકમણથી શું મતલબ ? આટલો ફેરફાર કરી શામાટે પુછો છો ? સારૂ કેમ નથી પુછતા કે વંદિતુ સૂત્ર આવશ્યકમાં છે ?

ચુનીલાલ—ત્યારે શું આવશ્યકમાં નથી ?

પંડિતજી—હા, નથી.

ચુનીલાલ—જુઓ ભાઇ વંદિતુ સૂત્રને આવશ્યક પંચાગીમાં નથી ગણતા! વંદિતુ સુત્ર ગણધર રચિત છે. કેટલાક ગૃહસ્થો કેહવા લાગ્યા કે કયા ગણધરનું રચેલું છે?

એ વાતનો કાંઇ ઉત્તર ન આપતાં પૂર્વે પ્રસંશા પામેલા એક વૃદ્ધ વિદ્વાનને ચુનીલાલે પુછ્યું કે, કેમ ભાઇ, વંદિતુ સુત્ર આવસ્યકમાં છે?

વૃદ્ધ વિદ્વાન—હા વંદિતુસુત્ર પંચાગીના આવસ્યકમાં છે.

વંદિતુસૂત્રની ચરચા લખી ચુકયો છું આજ દીન સુધી કોઇએ પંચાગીના આવસ્યકમાં વંદિતુની ગણના કરી ન હતી. પરંતુ આ વૃદ્ધ વિદ્વાને આવસ્યકમાં છે એવી સાક્ષિ આપીને પોતાની પંડિતાઇ જાહેર કરી, અને યથાર્થ વકતા પંડિતોને જૈન શાસ્ત્રના અનભિજ્ઞ (અંજાણ) સમજયા!

ત્યાર બાદ પંડિતજી બોલવા સારૂ ઉઠયા, તે વખતે સભામાં ઘણી ગરબડ કરી મુકી, જેથી બોલી શકયા નહીં. પછી ચુનીલાલનું ભાષણ

થયું જે કે સુ૦ સં૦ ચોપડીમાં કેટલાક ફેરફાર સાથે પૃષ્ઠ ૧૧ મા લખ્યુ છે. તેના ઉત્તરમાં પંડિત બોલવા માટે ત્રણ વાર ઉઠયા પણ ગરબડ તો એવી મચાવી મૂકી કે કોઇ પણ તેના કેહવા ઉપર લક્ષ ન દઇ શકે. જેથી આખરે લાચારીએ પંડિતો સભામાંથી ઉઠી પાછા ફર્યાં.

ગોવિંદજી નામનો એક શ્રાવક સામાચારીની શરત ઉપર કંઇક બોલવા ઉભો થયો ત્યારે કેટલાક સારા સારા સભાસદો તેના ઉપર ગુસ્સે થઇ તેને ડરાવવા લાગ્યા, તેણે પોતાને બોલવા દેવા ઘણી વિનંતી કરી છતાં પણ તેને બોલવાજ ન દીધો ! એટલે તે પણ બિચારો સભા છોડી સ્વસ્થાને ગયો.

ચુનીલાલનું ભાષણ સુ૦ સંઘ ચોપડીમાં "પ્રતિક્રમણમાં પરંપરાથી ચાલી આવતી ચાર થુઇ કેહવાને બદલે ત્રીસ વરસથી રાજેન્દ્રસુરિજીની ચલાવેલી ત્રણ થુઇનો મત શાસ્ત્ર વિરૂદ્ધ છે. એવું જેષ્ઠ વદી ૧૩ની સભામાં નિર્વિવાદ સિદ્ધ થયું છે."

યદ્યપિ આવું જોરદાર વચન સભામાં ન નીકલ્યું હતું તથાપી લેખકની ખૂબી છે ! કાંઇ ફીકર નહીં, હું નહોતો જાણુતો કે અંગોપાંગ છેદશ્રુતાદિ આગમોમાં લખેલી અનાદિ વીતરાગની ત્રણ થુઇઓને કેહવાનું નવાપણું શી રીતે થયું ? કેમકે ત્રણ થુઇઓ અર્હત પરમાત્માની શાશ્વત છે. એવું તમો તથા અમો સરવે માનીએ છીએ. તેને નવીન કહેવી તદન ભુલ ભરેલું છે. જ્યારની તે સમગ્ર શાસ્ત્રમાં ઠેક ઠેકાણે મળી આવે છે, તો તેને શાસ્ત્ર વિરૂદ્ધ કેમ કહી શકાય ? સૂરિજીએ કલ્પભાષ્ય માટે કહેલું કે તેમાં જે નીકળે તે હમારે માન્ય કરવું ત્યારે તો કોઇની હિંમત ન ચાલી, ને હવે પછવાડેથી કહો છો કે સુરિજીનો મત શાસ્ત્ર વિરૂદ્ધ છે. ત્યાં એવો વિદ્વાન કોણ હતો કે જેને પુરેપુરૂં શાસ્ત્ર સંમત અને શાસ્ત્ર વિરૂદ્ધનું પરિપકવ જ્ઞાન હતું ! કેવળ નાનાં નાનાં આધુનિક પુસ્તકોના જોવાથી નવાંગવૃતિકારક અભયદેવ સૂરિઆદિ મોટા મોટા વિદ્વાનોના સિદ્ધાંતોને શાસ્ત્ર વિરૂદ્ધ કહેવા એ તદન ભૂલ ભરેલું છે. જો સભામાં ત્રણ થુઇ શાસ્ત્ર વિરૂદ્ધ સિધ્ધ થઇ હોતતો સૂરિજી ચોથી થુઇ પોતેજ માની લેત. અને એને લીધે સામાચારીની એક કરડી વાત તમારે ગળે ઉતારવી નહિં પડત ? જે ઠરાવ કર્યો તેથી શું સાબીત થાય છે ? ગુજરાત મિત્રમાં પોતાના પક્ષને આગળ ધરીને એક આરટીકલ છપાવ્યો હતો. તેમાં પણ ચાર થુઇ સારૂ વંદિતુ અને વંદન ભાષ્ય, એ બે

પ્રકરણ ગ્રંથો સિવાય શું બીજા કોઇ ગ્રંથનું પ્રમાણ આપવામાં આવ્યું હતું? ચૈત્યવંદન મહાભાષ્યમાં ચૈત્યવંદનના નવભેદ કર્યાં છે. તેમાં કેટલાક ભેદ ત્રણ થુઇથી ચૈત્યવંદન કરવાના છે, ને કેટલાક ચારથી તેમજ કેટલાક આઠથી અહિંઆ ચૈત્યવંદન ભાષ્યના નવભેદોને વિસ્તાર પૂર્વક બતાવવાનું સ્થાન હતુ. પરંતુ ગ્રંથ ગૌરવનાં ભયથી નથી લખી શકતો ધનવિજયજી કૃત ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર ગ્રંથના ૪૬૪ મું પાનુ જોવા સારૂ ભલામણ કરૂં છું તેમાં જે ચાર થુઇના ભેદ છે તેનો હું નિષેધ કરતો નથી. તે કારણે કરવાના છે, બલકે તમો પણ ત્રણ થુઇના ચૈત્યવંદનને શાસ્ત્ર વિરૂદ્ધ કહીને મહાભાષ્ય ના વિરોધી થયા છો. હું તો સ્યાદ્વાદ મુદ્રાથી બહાર ગયો નથી તમો તો એકાંતે ત્રણ થુઇને શાસ્ત્રવિરૂધ્ધ બતાવવા સારૂ કમ્મર બાંધીને તૈયાર થયા છો. એથી જિનાજ્ઞા વિરાધક તમેજ થયા.

સર્વવિરત નામક છઠ્ઠા ગુણ સ્થાનવાળા સાધુ અવિરત સમ્યક્દૃષ્ટિ નામ ચતુર્થ ગુણ સ્થાનવાળા દેવોની સ્તુતિ કેવી રીતે કરી શકે છે? એના ઉત્તરમાં ચુનીલાલે ઘણી વિચિત્રતા કરી છે "પ્રથમ તો ચોથી થુઇમાં દેવદેવી ની સ્તુતિ કરતા નથી" વાહ! થુઇ--સ્તુતિ શબ્દ તો એકજ છે સંસ્કૃતમાં સ્તુતિ અને પ્રાકૃતમાં થુઇ. જો સ્તુતિ નથી કરતાં તો ચોથી થુઇ કેમ થઇ શકે! જે ડાળી ઉપર બેઠા છીએ તેજ ડાળી કાપવામાં આવે છે. ચોથી થુઇ કરવા માટે આટલો પ્રયત્ન કરો છો ને છેવટે આવો ભાંગડો વાટયો કે દેવદેવી- ઓની સ્તુતિ નથી કરતા. ત્યારે નકરો હું પણ એમજ કહુ છું. "દેવોથી સહાય્ય- માંગીએ છીએ, અને સાહાય્ય માંગવું સાવદ્ય નથી એ ઉપર કેહવાનું

એટલુંજ કે અગાઉ કહી ગયેલું કેમકે જો સૂત્ર **असहिज्जदेवासुर** ઇત્યાદિ, દેવાસુરાદિથી સાહાય્ય માંગવું નિષેધીને તેને સાવદ્ય ઠેરવે છે! નિર વદ્ય હોત તો તેને નિષેધી શકત નહીં. જ્યારે શ્રાવકો દેવાસુરાદિક કોઇથી સાહાય્ય નથી લેતા જેને ગૃહસ્થપણામાં રાત્ર દિવસ એવા એવા કામો પડયા કરે છે. કે જેમાં દેવોની સહાયતા લીધા સિવાય ચાલી શકતું નથી, તો સાધુ શામાટે દેવોની આગળ ગળગળી પડશે. જેને કાંઇ પણ સાંસારિક વ સ્તુની ઇચ્છા નથી. દેવોથી સાંનિધ્ય માંગીએ છીએ, સાંનિધ્ય એટલે સમીપ તો અસંયત દેવની પાસે રહીને સુખને માગવું એ સામાયિકમાં જૈનપણાનો અભિમાન રાખનાર સઘળા નિષ્પક્ષપાતિ વિદ્વાનો સાવદ્ય માને છે.

લૌકિક શાસ્ત્રમાં ધનધાન્ય પશુ પુત્રાદિ ઇષ્ટ અર્થોની પ્રાર્થના ઠેકાણે ઠેકાણે

લખી છે. લૌકિક ઋષિ આ સઘળી વાતોને, દેવ આરાધનાનું ફળ બતાવે છે. **"अग्गिम्मिहवीहूयइ, आइच्चोतेण पोलिओसंतो, वारिसइपया-हियाए, तेणोसहिओ परोहंति ॥** અર્થ—અગ્નિમાં હવીનો હોમ થાય છે, તેથી પ્રસન્ન થઇને સૂર્ય પ્રજાના હિત સારૂ વૃષ્ટિ વરસાવે છે, તેથી ઔષધિઓ ઉગે છે એ ઉપર લોકોત્તર મુનિ કહે છે. **किंदुब्भिक्खं जायइ एवं अहभवे दुरिठतु, किं जायइ सव्वत्था, दुब्भिक्खं अहभवे इंदो॥". वासइतो किं विग्धं णिग्घायाईहिं जायए तस्स ॥**

અર્થ—એમ થાય છે તો દુકાળ શામાટે પડે છે. હોમ તો થયાજ કરે છે. શું દુષ્ટ યોગ હોવાથી વૃષ્ટિ નથી થતી? ચંદ્ર નક્ષત્રાદિ દુષ્ટ યોગ સઘળે સમાન છે તો કોઇ દેશમાં સુકાળ અને કોઇ દેશમાં દુકાળ ન પડવો જોઇએ. શું ઇન્દ્ર દેવ વૃષ્ટિ વરસાવે છે? અથાત્ જ્યાં ઇચ્છે છે ત્યાં વર-સાવે છે અને નથી ઇચ્છતો ત્યાં નથી વરસાવતો. ઇન્દ્ર સર્વ શક્તિમાન છે! તેની કરેલી વૃષ્ટી વિજળી પડવા વીગેરે વિઘ્નથી રોકાવવી ન જોઇએ પણ રોકાય છે જેથી વૃષ્ટી કર્તા સ્વતંત્ર ઇન્દ્ર નથી. વૃષ્ટી તો તે તે જીવોના કર્માનુસારે વિસ્રસાપરિણામપરિણત મેઘોથી થાય છે!" દશવૈકાલિક નિર્યુક્તિ:".

જ્યારે ઇન્દ્રાદિક દેવો સ્વતંત્રતાએ કાંઇ કરી શકતા નથી ત્યારે તેઓ થી કાંઇ ફળની ઇચ્છા રાખવી વ્યર્થ છે. ઠીકજ છે! જ્યારે જૈનોએ સકલ જગત્સ્વામિ પરમેશ્વરથી પણ કાંઇ મતલબ પાર પાડવાની ઇચ્છા ન રેહવાથી તેમનુ અસ્તિત્વજ નથી માન્યું; અને વૈમાનિક જ્યોતિષ્ક દેવોથી કાંઇ માંગતા નથી તો અતિ નિકૃષ્ટવ્યંતર દેવોને આરાધવામાં શું મતલબ? નિશ્ચયનયમતથી તો તીર્થંકરની પાસે પણ માંગવું ન જોઇએ. **जयवीयराय** પ્રણિધાનમાં જે યાચના કરવામાં આવે છે તે પણ નીચા દરજ્જાવાળા સાધુઓએ કરવાની છે. તેથી દેવો પાસે માગવુ એ યથાર્થમાં સાવદ્ય છે, પાક્ષિક સૂત્રમાં શ્રુતદેવતાની સ્તુતિ છે પરંતુ શ્રુતદેવતા એટલે ભગવદ્વાણી માનવી. નકે કોઇ દેવી. નહી તો તેને ગણધરો કેમ નમતે? શ્રુત ભુવન ક્ષેત્ર દેવતાની સ્તુતિ પાક્ષિક સુત્રમાં નથી કિંતુ પાક્ષિક, માસિક, સાંવસ્ર, પ્રતિક્રમણમાં તેમના નિમિત્તે એક લોગસ્સનો કાયોત્સર્ગ, અદ

ત્તાદાનના પ્રાયશ્ચિતને લીધે કરવામાં આવે છે. તેની પછી પણ સ્તુતિ કરવાની નથી જેમકે આવશ્યક દીપિકામાં કહ્યું છે કે **देव्यादीनां स्तुति र्दुपदा** દેવ્યાદીની સ્તુતિ દુર્ધટ એટલે કરવાની નથી અહીઆ ચતુર્થ સ્તુતિ નિર્ણય શાસ્ત્રોદ્ધાર એ નામના ગ્રંથનાં ૬૧૮ થી ૬૪૦ પાના સુધી જોવું જોઇએ કેમકે ત્યાં સઘળા શાસ્ત્રોના વચનો જોવામાં આવશે, જેથી પુરેપુરી ખાત્રી થશે.

સામાયિકમાં ચોથી થુઇ તો પ્રાચીન આગમોમાં કરવાની કહી નથી તેથી સુરીજી પણ કરતા નથી. ચોથી થુઇ નિરવદ્ય થાય તો સામાયિકમાં કરવા- ની સિદ્ધ થાય, અને સમાયિકમા કરવાની જો સિદ્ધ થાય તો નિરવદ્ય સિદ્ધ થાય એમ કરતાં અન્યોન્યાશ્રય દોષથી સામાયિકમાં એને કરવી ન જોઇએ.

દેવદેવીઓ નિયમે સમકિતી અને અમે સઘળા કોણ જાણે સમકિતી છઇએ કે નહીં? ભાઇઓ જો પોતાને સમકિતી સમજવામાં સદેહ કર્તા હોય અથવા નિશ્ચય રાખતા હો કે હું સમકિતી નથી તેને હું કાંઇ કેહવા ચાહતો નથી. તે ચાહે તેમ કરે મારો ઉપદેશ તો ફક્ત શ્રાવકોને માટે છે. વ્યવહાર દૃષ્ટીથી વંદનાદિ ક્રિયા ચાલુ છે નહીં તો શ્રાવકને સાધુજી કેમ નથી નમતા, કે એ શ્રાવક સત્ય સમકિતની છાપવાળા છે અને અમે સમકિતી છઇએ કે નહીં. એ સંશયથી વ્યવહારોચ્છેદ અને તેનાથી શાસન નો ઉચ્છેદ થાય છે. **ववहारनउच्छेए, तित्थुच्छेओ हवइजम्हा**

"બૃહત્કલ્પ નિર્યુક્તિ". એ પ્રકારનો સંદેહ કરવાવાળા આવ્યક્તિક નામ ધરાવનાર નિન્હવ થયા હતા. ઘણા દિવસો પછી તમે તેમના મતનો જીર્ણોદ્ધાર કર્યો તે માટે તમને ધન્યવાદ આપું છું.

લલિત વિસ્તરામાં **"वेयावच्चगराणं"** ઉપર હરિભદ્રસૂરિજીએ લખ્યું છે, કે ચોથી થુઇમાં વંદણવત્તિઆએ નહીં ભણવું કેમકે દેવતા અવતી છે તેમને વાંદવું પૂજવું નહીં પાંચ પડિક્કમણની ચોપડીમાં પણ એમજ વેયાવચ્ચગરાણં ઉપર લખ્યું છે તો એવી પ્રસિદ્ધ વાતને તમે છુપાવી રાખવા ચાહો છો, વિના શાસ્ત્ર જાણે ઘણું બોલવામાં આજ દશા થાય છે, કે સકલ જૈનશાસ્ત્ર પ્રસિ દ્ધ વાત તમારી નજરે પડતી નથી. છઠા ગુણસ્થાનવાળા ચોથાગુણસ્થાન વાળાને નથી નમી શકતા એવી વાત કયાં લખી છે? હા.

असंजयंनवंदिज्जामायरंपियरंतहा, सेणावइपसत्थारं रायाणो देवयाणिय॥ आवश्यकानिर्युक्तिः॥

: અર્થ—અસંયતને વાંદવું ન જોઇએ ચાહે તે માતા, પિતા, સેનાપતિ, હાકમ, રાજા, દેવતા કોઇપણ હો. નહિતો સાધુઓને જોઇએ કે શ્રાવકોનું વંદન કર્યા કરે, કેમકે આજ દિવસે તેજ સઘળું કાંઇ કરી શકે છે.

નમોતિત્થસ્સ કહીને જો તીર્થંકર સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકાઓને, નમસ્કાર કરતા હોય તો હાલમાં તીર્થંકરથી ઘણે અંશે ન્યૂન સાધુજીઓ શ્રાવક શ્રાવિકાઓને કેમ ન નમે એનો ઉત્તર જરૂર આપવો જોઇએ. આ ઠેકાણે તમે વિના શાસ્ત્ર જાણે મનમાં આવે તેમ લખી માર્યું છે. એથી તો એમ માલમ થાય છે કે વાદિ પક્ષમાં પન્યાસજી કે બીજા કોઇ જૈનશાસ્ત્રનો પુરેપુરો બોધ ધરવાતા નથી. "સૂરિજી નિરૂત્તર થઇ ગયા" એ વાત મોટા આશ્ચર્યની છે કે સૂરિજીની પંડિતાઇ દેશમાત્રમાં પ્રસિધ્ધ છે, જેને મોટા મોટા વિદ્વાનો નિરૂત્તર કરી શકયા નહીં તેને આવા આદમીઓ નિરૂત્તર કરી શકશે કે જેને પાંચ દંડકોની ખબર નથી અને થુઇ સ્તુતિ શબ્દોનો અર્થ પણ જાણતા નથી અને જેની સંસ્કૃત ભાષામાં ચાંચ પણ બુડી શકતી નથી ન પ્રાકૃતનું કાંઇ પણ પરિજ્ઞાન છે કે જે પડિક્રમણાની ચોપડી વાંચીને વાદ કરવા આવ્યા હતા. તેમની સામા સૂરિજી કોઇ પણ વેળાએ નિરૂત્તર થઇ શકશે કેમ !

પછી સૂરિજી ઉપર પ્રતિજ્ઞા ભંગ દોષ લગાડીને તેમના વર્તનપર સંદેહ કર્યો છે એ વાત તદન ખોટી છે સૂરિજીએ જે પ્રતિજ્ઞા કરી હતી તેથી કદી હઠયા નથી. જે કાર્ડો છપાવવામાં આવ્યા હતા તેમાં પણ ઠીકજ લખ્યું હતું તો વૃથા આક્ષેપ કરીને એક પ્રતિષ્ઠિત વ્યક્તિ ઉપર તેમની અવજ્ઞા કરવી એ કાંઇ ભલા માણસોનું કામ નથી. એમજ અમદાવાદમાં સંવત ૧૯૪૧માં કાંઇ એવી ભૂલ ભરેલી વાત થઇ હોય તો શું આશ્ચર્ય, પરંતુ નહીં. તે સમયે આત્મારામજી જેવા યોગ્ય પુરૂષો હતા. જેથી કાંઇ ભુંડું કાર્ય થયું નહીં; તે વખતની વાત પ્રજામિત્ર પત્રમાં છપાયલી હતી. જેને જોવાથી માલમ થાય છે કે સૂરિજીનોજ પક્ષ વિજયી થયો હતો.

સુ૦ સં૦ ચોપડીના બારમે પાને "સૂરિજી ધર્મ ઉપદેષ્ટા તરીકે ધર્મનો અસત્ ઉપદેશ આપી ભોળાં જનોને કુપંથે દોરવે તો તે પરિણામે ઉભય પક્ષને મહાહાનીકારક છે. એ લેખ બહુ જોખમ ભરેલો છે કેમકે સૂરિજી ધર્મનો શું અસત્ ઉપદેશ આપે છે? તેમનો ઉપદેશ તો શુધ્ધ

શાસ્ત્ર સંમત થાય છે તેને બહુ શ્રમથી ઘણાં દીવસો સુધી શાસ્ત્રાભ્યાસ કર્યો છે અને જૈન શાસ્ત્રમાં છે તેવી રીતેજ પ્રરૂપણા કરે છે. તે ભય, લોભ, કામ, અર્થ,વાંચ્છા, કોઇ પણ કારણથી અસત્ય પ્રરૂપણા નથી કરતા. અને તેમના ઉપદેશથી કોઇને પણ હાનિ થતી નથી. બલકે તેમના ઉપદેશ પામેલા શ્રાવકો, વિશુધ્ધ સમકિતી આદર્શશ્રાવક કેહવડાવવા યોગ્ય છે. અસત્ ઉપદેશ તો તે આપે છે કે જેનો પોતાનો કાંઇ નિશ્ચય નથી જ્યાં જેમ જુવે છે ત્યાં તેમ પ્રરૂપણા કરે છે. લોક રંજનજ જેમનો ધર્મ છે, અથવા જે અન્ય મતીઓના દેવ ધર્મને પોતાનામાં ઘુસાડે છે. કાળી ભૈરવ પૂજાવીને સમકિતનો નાશ કરી દે છે પોતાના કુલગણ સંઘસ્થ વિરોની અકીર્તી કરવા માટે પ્રયત્ન કરે છે, અને પોતે આચારમાં શિથિલ થઇને બીજાઓને શિથિલાચારી બનાવવાના હેતુ રૂપ થઇ રહ્યા છે. ગ્રહસ્થથી પગ ચંપાવવા આદિ કામ કરાવે છે. અને મોંથી પણ એમ કહે છે કે એમાં કાંઇ દોષ નથી. તેવા ધર્માચાર્યોથી હાની છે નકે મહાતપસ્વી સૂરિજીથી એમ થાય તો તપગચ્છની તેર ગાદીઓમાં આગન્યા, આંચળ નામના એ ગચ્છોથી મોટી હાની થઇ હશે તો તેમને સમૂળ ઉખેડવા જોઇએ તો તેને પોતાની ગાદીઓમાં કેમ માની લીધા.

ચુનીલાલનું છેવટનું ભાષણ પાના ૧૩માં " નિષ્પક્ષપાતે વિચાર કરતાં અને શાસ્ત્રો તપાસતાં શાસ્ત્ર વિરૂદ્ધ છે. એમ સામાન્ય બુધ્ધિવાળાને પણ સહજમાં સમજાય છે. " હું નથી જાણતો કે ચુનીલાલે કેટલા શાસ્ત્રોની તપાસ કરી છે મને તો તેમના બોલવાથી અને લેખથી માલુમ પડે છે કે તેને કાંઇ પણ આગમોમાં શ્રમ કર્યો નથી. નહિતો સ્વમુખથી એવું વચન ન કાઢે કે ચોથી થુઇમાં સ્તુતિ કરવામાં આવતી નથી. સર્વ સંયમી સાધુ અસંયતને નમે તીર્થંકર, શ્રાવક શ્રાવિકાઓને નમે એ પ્રકારે જો તેને

"वरं विरोधो पिसमं महात्माभिः"

" એ ન્યાયાનુસારે સૂરિજી સાથે વાદ કરીને પોતાનું નામ કાઢયું છે. તેને લીધે પેહલાં તેને શાસ્ત્રાવગાહન ન કર્યું હતુ, નહિતો તા૦ ૨૩મી જુનની સભામાં બૃહત્ કલ્પ વ્યવહાર, આવશ્યક આદિ બતાવવાને બદલે સાડાત્રણ રૂપીયાનો ચોપડો બતાવી પોતાને કૃતકૃત્ય ન સમજત. શાસ્ત્ર વિરૂદ્ધ છે એ વચન કાઢવું તો સેહેલ છે પરંતુ તેનું ઉપપાદન કરવું કઠિણ છે. શાસ્ત્ર વિરૂધ્ધ કોને કહે છે કે જેનો શાસ્ત્ર નિષેધ કરે છે, દેખાડો

કે કયુ શાસ્ત્ર ત્રણ થુઇનો નિષેધ કરે છે અને ચોથી થુઇ નિત્ય ન કરવાનો નિષેધ કરે છે. બલકે ચોથી થુઇનો નિષેધ અને ત્રણ થુઇનું પ્રતિપાદન કરવાવાળા અનેક શાસ્ત્રો છે તે સઘળાના દાખલા આપવાનું આ લઘુ પુસ્તકમાં બની શકે તેમ નથી. કેવળ એક એવા ગ્રંથની સાખ આપું છું જેમાં સકલ શાસ્ત્રનું તાત્પર્ય આવી જાય છે. હરિભદ્રસૂરિકૃત પંચાશકના વંદન પંચાશકમાં **"णवकारेणजहन्ना, दंडगथुइ जुअलमज्झिमाणेआ. संपुन्नाउक्कोसा विहिणा खलुवंदणातिविहा,** એના ઉપર અભયદેવસૂરિજીકૃત ટીકાનો સંક્ષિપ્તાર્થ— **सिद्धमरूय** ભણીને નમસ્કાર માત્રથી જઘન્યવંદના, **अरिहंत चइयाणं** દંડક **लोगस्स** થુઇથી મધ્યમ વંદના જાણવી એમાં બૃહત્કલ્પ ગાથા પ્રમાણ છે. **"निस्सकडमानिस्सकडे वावि चेइए सव्वहिंथुइतिन्नि, वेलंबचेइयाणं णाउंएक्कि कयावावि,"** અર્થ—નિસાકૃત અને અનિસાકૃત સઘળા ચૈત્યોમાં ત્રણજ થુઇ ભણવી કદાચિત ત્રણ થુઇ ભણવામાં વિલંબ થઇ જાય છે એમ હોય તો એક એક થુઇ કરવી, અને કોઇના મતમાં શક્રસ્તવાદિ પાંચ દંડક અને ચાર થુઇ મધ્યમ વંદના પાંચ દંડક ત્રણ થુઇ **जयवीयराय** થકી ઉત્કૃષ્ટ વંદના જાણવી. કેમકે ચોથી થુઇ નવીનંજ છે એ વ્યાખ્યા કલ્પભાષ્યની ગાથા અનુસારે કરે છે **तिन्नि, वा, कढइ, जाव, थुईओ, तिसिलोइया, ताव, तत्थ, अणुन्नायं, कारणेन, परेण, वि ॥**

અર્થ—ત્રણ થુઇ ત્રણ શ્લોકની જ્યાં સુધી કાઢવામાં આવે છે ત્યાં સુધી જિન મંદિરમાં રહવું જોઇએ, કારણ વિશેષ ઉપર વધારે પણ રહવું બીજાઓનો તો એ મત છે કે પંચવિધ અભિગમ ત્રણ પ્રદક્ષિણા પૂજા વિગેરે વિધીએ પંચ શક્રસ્તવ પાઠ ૨૫ ઉત્કૃષ્ટ વંદના થાય છે,

જુઓ આ પંચાશક ટીકામાં મધ્યમ, ઉત્કૃષ્ટ બેઉ પ્રકારના ચૈત્યવંદનોમાં કલ્પભાષ્ય ગાથાનુસારે અભયદેવસૂરિએ ત્રણથુઇ માની છે. કોઇનાં મતથી ચોથી થુઇ પણ છે પરંતુ તે નવીન છે એમ સાક્ષાત અભયદેવસૂરિજીએ તેનું નિરાકરણ કર્યું છે. એ મોટું ત્રણથુઇનું પ્રમાણ છે એમ આત્મારામજીએ પણ લખ્યું છે અને એના ઉત્તરમાં તેમણે એવા એવા અશુદ્ધ અર્થ કર્યા છે કે જેને વિદ્વાનો જોઇને આશ્ચર્ય પામે છે. પરંતુ તેમનો છેવટનો લેખ ત્રણથુઇને પુષ્ટી આપે છે.

એમ છતાં સનાતન ત્રણથુઇને શાસ્ત્ર વિરૂદ્ધ અને અર્વાચીન ચોથી થુઇને સનાતન ઠરાવવી એ મિથ્યાત્વ છે. પરંતુ સુરત જૈન સમુદાયને તેજ સમ્યકત્વ સમજમાં આવ્યું છે. એ પ્રકારના વિપરીત જ્ઞાન વાસનાવાળા લોકોએ એક મોટો અન્યાય ભરેલો ઠરાવ કરી લીધો કે—

"દાન આપવામાં આપણા જૈનના અભંગદ્વાર છે માટે આપણે કોઇના અહાર પાણીમાં અંતરાય પાડતા નથી પરંતુ રાજેન્દ્રસૂરિ તથા તેમના શિષ્યોનો ત્રણ થુઇનો મત શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી તેમની સાથે સંઘના કોઇ પણ માણસે કોઇપણ ધર્મક્રિયા વિગેરે બાબતોમાં વર્તવું નહિં અને વરતે તે સંઘનો ગુનેગાર છે."

એવો ઠરાવ કરીને સભા વિખરી ગઇ કોઇ કોઇ ઓછા વિચારવાળા સમજતા હશે કે આ ઠરાવથી મોટો ફાયદો થયો કે કોઇ નવો મત કાઢી ન શકશે અને જો સૂરિજી નવો મત કાઢીને ફૂટ ફેલાવી રહ્યા છે તો એમનો અટકાવ થઇ ગયો. પરંતુ સુરતના સંઘના આગેવાનો તમે જો એ કામ કર્યું છે તેમાં ઘણી ભૂલ થઇ છે એ કામ ભયંકર છે એથી તમારાજ ભાગ છિન્નભિન્ન થઇ જવા સંભવ છે. એવું કામ કોઇ પણ વખતે કોઇએ હજી સુધી કર્યું નથી અને થઇ પણ શકતું નથી. કેમકે એમાં જેટલા કારણો દેખાડાવવામાં આવ્યા છે તે સઘળા વાહિયાત છે.

ત્રણ થુઇ શાસ્ત્ર વિરૂદ્ધ છે? ના, ના શાસ્ત્ર સિદ્ધ છે જેમ પંચાશક ટીકા માં દેખાડવામાં આવ્યું છે.

સૂરિજી પ્રતિજ્ઞા ભંગક છે? ના, ના.

યાવતજીવન તે પ્રતિજ્ઞાથી હઠતાજ નથી. બલકે તમોજ પ્રતિજ્ઞા ભંગ છો.

સૂરિજી એકવાર કબૂલ કરીને હઠી ગયા! નહિં, નહિં.

તે તો તૈયારજ હતા. ત્યારે તમેજ હટ્યા.

તેને તો કારડોમાં પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી હતી તમે વ્યર્થ દોષ લગાડયો!

સૂરિજી જુઠું બોલે છે, નહિ નહિં ઘણાખરા નામધારી તમારાજ હિમા યતીઓએ જુઠું જુઠું લખીને સૂરિજીનું વ્યર્થ અપયશ કર્યું. એ પ્રમાણે ઘણી જગાએ એક પ્રતિષ્ઠિત તેમજ વિદ્વાન તપસ્વિને વિના કારણે દૂષણો લગાડવા એ વાત સહજ નથી કેમકે આ જગ્યાપર કોઇ બીજો હોત તો તે અવશ્ય યોગ્ય પગલાં લેત.

જોવું જોઇએ કે જૈનશાસ્ત્રમાં સંયમ પ્રધાન છે જ્યાં સુધી સંયમ નથી ત્યાં સુધી સમકિત પણ નથી ગણાતું.

जंसम्मंतिपासह तंमोणंतिपासह આચારાંગમાં. જેને સમકિત જુવો છો તે મૌન એટલે સંયમ જુઓ. તે સંયમમાં રાજેન્દ્રસૂરિજી જેવા ઉત્કૃષ્ટ છે તેવા સાધુ હાલમાં કોઇજ હશે.

અને સંયમની પ્રરૂપણાને પણ સૂરિજી ખૂલ્લેથી કર્યા કરે છે. એવા સૂરિજીને સારૂ આવો નિયમ ! અને જે સંયમથી દૂર રહે છે ને જેને ત્યાં ગ્રહસ્થો કરતાં બમણાં ત્રમણાં આરંભ સમારંભ થઇ રહ્યા છે પ્રરૂપણા પણ તેવીજ ઢીલી ઉત્કૃષ્ટ વાતોને છપાવીને કરવામાં આવે છે. જેના ઢીલા ઉપદેશથી શ્રાવક કુલ મલિનાચાર થઇ ગયું છે, જે કે જૈન સંઘ સુપુરૂષ શરીરમાં વણુ રૂપ છે. એવા સાધુઓને લીધે કાંઇ પણ કરતા નથી, જે સાધુ મહાવીર સ્વામિથી આજદિન પર્યંત ચાલી આવતી સામાચારીને ઉલટ પાલટ કરી ચાલે છે. સકલ શાસ્ત્રને ઉથલાવીને કાંઇક થોડાંક અંશ માનીને, ઇન્દ્રાદિ દેવોએ પણ કરેલી જિનાર્ચાને પાપમય બતાવીને ઉત્થાપે છે. જેના ઉપદેશથી શ્રાવકો આર્યાચાર મૂકીને મ્લેચ્છ જેવા થઇ ગયા છે. તેમને લીધે કાંઇ કરતા નથી.

જૈન શાસ્ત્ર સૌ સુખ દુઃખના હેતુ, કર્મને માને છે દેવોથી સુખ દુઃખને તો અન્યમતીઓના શાસ્ત્રમાં કહ્યા છે. તો તે શાસ્ત્રોમાં કહેલા યંત્ર મંત્રાદિને બતાવીને શ્રાવકોના સમ્યક્ત્વને પણ નાશ કરવાવાળા માનવામાં આવે છે અને જૈન શાસ્ત્રના મુખ્ય પ્રતિપાદ્ય દેવાયાચન ધર્મનો ઉપદેશ કરી દુરાશાએ આમાં ફસ્યા હજારો શ્રાવકોને એમાંથી હઠાડીને સત્ય ઉદ્યોગમાં યોજવાવાળા સૂરિજીને સારૂ આવો દુર્નિયમ !

આ નિયમ કરવાવાળાને ચાહે ભ્રમથી, અથવા કોઇના બેહકાવવાથી, સૂરિ વિષે મોટો ખટકો લાગ્યો છે! તેઓ સમજતા હશે કે જો સૂરિજી જોડે કાંઇ ધાર્મિક કાર્યમાં વર્તાવામાં આવશે તો અમો ધાર્મિક હાનિમાં પડીશું. પરંતુ તેઓ નથી જાણતાં કે જ્યારે શિથિલાચારીઓના ઉપદેશથી કાંઇ બગડતું નથી જ્યારે સાધુ વેશધારી અભવ્ય જીવ તથા દેશાંતરના વિભિન્ન ધર્મિઓ અને શિક્ષા વ્યાજથી જડવાદિઓ પણ ઉપદેશ આપી આપીને નથી કાંઇ કરી શકતા તો જૈન શાસ્ત્રના પરમરહસ્ય અયાચન મતનો

ઉપદેશ આપીને સૂરિજી બિગાડશે એવી સંભાવના કોઇ ભવ્ય પ્રાણીઓના મનમાં નથી થઇ શકતી. આપના પાડોસી ભારતના મોટા ભાગ હિંદુઓની તરફ નજર ફેરવવાથી આશ્ચર્ય આવે છે કે ચાહે તેમને કોઇ આંતરવેર થકી છિન્ન ભિન્ન સમજો. હજારો ઋષિઓના નાના પ્રકારના મતો તેઓમાં ચાલે છે પરંતુ તેઓ એકજ છે! અને તમે સઘળા એકજ ઋષિના મત માનવાવાળા છો તમારા ધર્મ ગુરૂઓમાં પણ મત વેષનો મોટો ભેદ નથી તથાપિ તમો એવો મનોભેદ કરી લો છો કે જેથી મોટી મોટી હાનિઓ થઇ છે અને થશે. પૂર્વે પણ ધર્માચાર્યો ઝઘડા મચાવતા હતા, બીજાનું તો શું પણ પૂર્વધર જિનભદ્ર ગણિ ક્ષમા શ્રમણનો સિદ્ધસેન દિવાકર સાથે ઉપયોગ વિષયમાં મતભેદ હતો, પરંતુ તે સમયે આવા બાલવિચારી મનુષ્યો નહોતા. નહીંતો તેનું માઠું પરિણામ હાલ ભોગવવામાં આવત. તેથી આ નિયમના કરનારાઓ ચાહે વૃદ્ધ હો ચાહે પંડિત હો ચાહે પ્રતિષ્ઠિત હો ગમે તેવા હોય પણ છે તો સાહસ કરવાવાળા એમાં કાંઇજ શક નથી, વળી તેમની હામાં હા મેળવવાવાળા તેમના આશ્રિત છે તેઓ જાણે છે પણ મીઠું ન હોવાથી "મીયાં કે ચાંદે ચાંદ" કરવા વાળા છે. એથી એ કામ પુષ્ટ નથી.

જે ઠરાવ સૂરિજીના સંબંધમાં કરવામાં આવ્યો છે તે તદન નિયમ વિરૂદ્ધ છે કારણ જે અહીંઆ એવો નિયમ છે કે નવ જ્ઞાતિમાંથી દરેક જ્ઞાતિના બબ્બે આગેવાન માણસો ચુંટવામાં આવે છે તે જે કામ કરે તે સૌને માન્ય થાય છે. પરંતુ એમ થયું નહીં ઠરાવની વખતે દસ જણા ચુંટવામાં આવ્યા હતા તેમાં સઘળી જ્ઞાતીઓના નહોતા અને કોઇ જ્ઞાતના થોડાંજ હતાં અને કોઇકના વિશેષ જેમકે

તળબદા શ્રીમાળીના.	૨
દસા ઓસવાળના.	૧
વીસા ઓસવાળના.	૩
ત્રણુતડવાળા વીસા શ્રીમાળીના	૧
બે તડ દશા શ્રીમાળીના.	૨
પોરવાડના.	૨

આમાં દસને બદલે અગીયાર ચુંટી કાઢ્યા તે એક નિયમ વિરૂધ્ધ હતું.

નીચે લખેલી જ્ઞાતિમાંનો કોઇજ હાજર નહોતો.

લાડવા શ્રીમાળી

દસા શ્રીમાળી ઇડડીયા તથા હોરાસાથ

વીસા શ્રીમાળી કઠોરીયા

બાવસાર

અને મારવાડીઓના સાત ચકલામાંથી કોઇપણ નહોતા કેમકે એ કામ સારા જઇન માત્રમાં ઐક્યતા ચાહનાર ઉદાર વિશુદ્ધાચારપ્રિય પૂર્વા પર જોવાવાળા મહાનુભાવ પુરૂષ રત્નોને તો સારૂ ન લાગ્યું એથી તેમણે ભાગજ લીધો નહીં. હજારો શ્રાવકોના ઘરની વસ્તીમાં કુલ્લે એંસી માણસોએજ આ વાતને પસંદ કરી,

પ્રિય જૈન બંધુઓ વગર કારણે આવું અનુચિત કાર્ય કરી બેસસો તો તમારી જાતને તમો પોતેજ અનેક ભાગમાં વેંહચીને નિર્બળ થઇ જશો નહિં તો વિવેક દ્રષ્ટિથી ઉદાર ભાવનું અવલંબન કરીને જો ચાલશો તો જે ઇચ્છસો તે કરી શકશો અને તમારો આત્મા પણ પ્રસન્ન રહેશે! इत्यलम् ॥

તપાગચ્છ શાસ્ત્રીય સામાચારી.

સાધુલિંગ.

શ્વેત અને શાસ્ત્રમાં લખેલા માન પ્રમાણે વસ્ત્રો ઉત્સર્ગ વ્યવહારે ધારણ કરવાં. અને ચૌદ ઉપકરણ રાખવાં તે નીચે મુંજબ.

૧. પાત્ર ૩
૨. પત્તાબંધ
૩. પાત્ર મેલવાનો કામળીનો કટકો (પાયડવણી)
૪. પાયકેસરિયા (પાત્રની પુંજણી)
૫. પડલ. (ઝોળી ઉપર ઢાંકવાનું વસ્ત્ર ૫-૬-૭)
૬. રયત્તાણ. (પાત્રની વચ્ચે બાંધવાનું વસ્ત્ર)
૭ ગુચ્છય. (પાત્ર ઉપર કાંમળીનું સીકા જેવું)
૮. મુહપત્તિ. (મુખ વસ્ત્ર)
૯. રજો હરણ. (ઓઘો)
૧૦, ૧૧. વસ્ત્ર બે સૂત્રના { પ્રમાણ ૪ હાથ લાંબું અદિ હાથ પહોળું જે કે દરેક રૂ ૯)થી વધારે કીમતનું નહોય.
૧૨. કામળ.
૧૩. ચોલપટ્ટ (પ્રમાણ ૪ હાથ લાંબો ૧ હાથ ૮ આંગળ પોહળો.
૧૪. નંદિપાત્ર. (ગુરૂ સારૂ આહાર લેવા તથા અશુદ્ધ આહાર લેવા.

એ સરવેનું માન પ્રમાણ **देवसूरिकृत सामाचारी** માં છે ત્યાં જોઇ લેવું. તથા **गच्छाचार पइन्नय** ની ટીકા આનંદ વિમલસૂરિજીના શિષ્ય વિજય દેવિમલે સંવત ૧૬૩૪ના વરસમાં સેનસૂરિજીના રાજ્યમાં લખી છે તેમાં વસ્ત્રની સમાચારી બાબતમાં લખ્યું છે કે **जत्थय वारडियाणं** ઇત્યાદિ. **यत्र गच्छे वार डियाणंति रक्त वस्त्राणां तत्तडियाणंति नीलपीताद्दि रंगित वस्त्राणांच परिभोग.** ઇત્યાદિ શ્રી વીરસ્વામિ ગૌતમ ગણધરને કહે છે કે હે ગૌતમગણધર રાતા વસ્ત્ર અને લીલાં પીળાં વિગેરે રંગેલા વસ્ત્રોનો પરિભોગ કરનાર સાધુ ગચ્છ મર્યાદાથી બહાર છે. વળી

સાધ્વીને રંગિત વસ્ત્ર પેહરવું એ ગચ્છાચાર પઇન્નયમાં નિષેધ્યું છે. **गणि गोयमज्जाओ चिय सेयं वत्थं विवज्जिउं सेवएचित रुवा णि नसा अज्जा वियाहिआ.** અર્થ હે ગણી ગૌતમ આર્યા એટલે સાધ્વી શ્વેત વસ્ત્ર મુકીને જે ચિત્ર વિચિત્ર વસ્ત્ર પેહરે સાધ્વી તે રાતા પીળાં રંગેલાં કપડાં રાખે તે અયોગ્ય ભેષની સાધ્વી જાણવી; અને તે ગચ્છમાં ગણુવા જેવી નથી. અને પાત્રા દાંડા રંગેલા રાખે તેને અયોગ્ય ભેષની સાધ્વી જાણવી. અને તપાગચ્છના ઉપાધ્યાય ધર્મસાગરજી કૃત કલ્પ કિરણા વલીમાં લખ્યું છે કે **वीरजिन साधूनां श्वेतमानाद्युपेत वस्त्रधारित्वेना चेलकत्वं, तथा शुक्लांबराः श्रमणाः निरंबराश्च जिन कल्पि कादयः॥** ઇત્યાદિ—શ્રી મહાવીરસ્વામીના સાધુઓને શ્વેત અને તે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેના માનથી, વસ્ત્ર ધારણ કરવાથી તેમને અચેલક માનવા તથા સપેત વસ્ત્ર પહેરવાવાળા શ્રમણ એટલે સાધુ વસ્ત્ર નહી પેહરવાવાળા જિન કલ્પિક કેહવાય છે. તથા ઉપાધ્યાય વિનય વિજયજીકૃત સુખબોધિકામાં આજ ઉપર એમ લખ્યું છે કે **प्रथम कल्पे साधूनां केषांचि च्छ्वेतमानोपेत वस्त्रधारित्वेना चेलकत्वं** અર્થ—પ્રથમ કલ્પમાં કેટલાક સાધુઓનાં સપેત યથામાન પ્રમાણે વસ્ત્ર ધારણ કરવા થકી અચેલકપણું જાણવું. હેમવિમલ સૂરિકૃત કલ્પસૂત્ર ટબ્બામાં શ્વેત યથામાનોપેત વસ્ત્ર ધારણ કરવાનું લખ્યું છે. વળી આચારાંગમાં **सेभिक्खूवारणो वण्णमंताइं वस्थाइंविवण्णाइं करेज्जाणो विवण्णाइं वण्णमंताइं करेज्जा** ઇત્યાદિ અર્થ—શુભવર્ણ વસ્ત્રને અશુભવર્ણુ ન કરવું ને અશુભવર્ણને શુભવર્ણુ ન કરવું જે કરે તેને અનાચારી માનવો. નવાં વસ્ત્રને ઠંડાપાણીથી અથવા ઉંના પાણીથી ધુવે ધોવડાવે અને ધોનારને ભલો જાણે તેને અનાચારી સાધુ જાણવો. કદાચ ધોયા વગર ન ચાલે તેમ હોય તો ત્રણ ખોબાથી વધારે પાણી ન વાપરવું અને વાપરે તો તેને અનાચારી જાણવો.

આવસ્યક નિર્યુક્તીમાં **सुक्कंवरा समणा** આવસ્યક વૃત્તિમાં **शुक्लांबराः श्रमणाः** એ બંન્ને ઠેકાણે સાધુને સપેત વસ્ત્ર પહેરવા કહ્યાં છે, તથા શ્રી શાંત્સાચાર્યે કરેલી ઉત્તરાધ્યયન વૃત્તિમાં ધોળાં વસ્ત્ર મૂકીને મન માને તેવાં વસ્ત્ર, ધારણ કરવાવાળાને, ભેપવિડંબક એટલે ભાંડના સમાન ગણ્યો છે જેમકે

यथाभिरुचितं वेषमादाय पूजानिमित्तं षिड्डुंवकादयोपि व्रतिन, इत्यभिदर्शीरनृततो व्रतिष्वपि न लोकस्य व्रतिन इति प्रतीतिः स्यात् ઇત્યાદિ અર્થ—પુજાવવા સારૂ પોતાને ગમે તેવો વેષ પેહરીને ભાંડ વીગેરે પણ વ્રતી કેહવામાં આવે તો વ્રતીઓમાં પણ "એ વ્રતી છે" એવી લોકોની પ્રતીતી થઇ શકતી નથી અર્થાત ભાંડ વીગેરે જેવો સારો લાગે તેવો વેષ ધારણ કરી લોકમાં વખણાય છે તેમ જો સાધુઓ ગમે તેવો વેષ ધારણ કરવા લાગે તો "આવ્રતી છે" એવી ઓલખાણ કોઇને પણ પડી શકે નહીં તેથી સાધુએ શ્વેત વસ્ત્ર મૂકીને મન માને તેવાં વેષો ધારણ કરવા નહીં. તપગચ્છમાં વસ્ત્રની સામાચારી નીચે લખેલાં સૂત્રો પ્રમાણે છે

(१) आचारांग,	अने तेनी वृत्ति.
(३) सूयगडांग सूत्र,	(४) अने तेनी वृति.
(५) निशीथ सूत्र,	(६) अने तेनी चूर्णि,
(७) ओघनिर्युक्ति,	(८) तेनी वृति.
(९) आवश्यक निर्युक्ति,	(१०) तेनी वृति.
(११) पंचाशक.	(१२) तेनी टीका.
(१३) ठाणंग,	(१४) तेनी वृति.
(१५) गच्छाचार पइन्नय,	(१६) अने तेनी टीका.
(१७) पिंड निर्युक्ति,	(१८) तेनी वृत्ति.
(१९) भगवती,	(२०) तेनी वृत्ति.
(२१) कल्पसुबोधिका,	(२२) दशठाणां मूल.
(२३) दशठाणांग वृत्ति,	

આટલાં ત્રેવીશ સૂત્રો કરીને સિદ્ધ તપાગચ્છનો શ્વેતામ્બર લિંગ મૂકીને પીળાં પેહરે તેને તપાગચ્છનો વિરોધી, સિદ્ધાંતના દ્રૂપી સમજીને સાધુ માનવા નહીં. આ સઘળું પ્રસિદ્ધ છે તો પણ ઘણા ખરા લોક તેની તરફ દ્રષ્ટિ ન આપતાં ફકત અનાચાર કરવાવાળાને પણ માનવામાં કમી કરતા નથી અને જે તેને શાસ્ત્ર દર્શિત શુદ્ધ લિંગ દર્શાવીને આચાર વિષયક

બોધ આપે છે. તેની વાત સાંભળવામાં આવતી નથી કેમકે " કુવામાં ભાંગ પડી છે, "

તપાગચ્છ સામાચારીમાં વસ્ત્ર ધોનાર સાધુને પાસત્થ તરીકે ગણ્યા છે. જેમકે ધર્મસાગર ઉપાધ્યાયજીની પટ્ટાવલીમાં લખ્યું છે કે.

श्री विजयचन्द्रसूरयः गीतार्थानां पृथक,पृथक वस्त्रपुट्टलिकादानं१ नित्य विकृत्यनुज्ञा॥२॥चीवरक्षालनानुज्ञा॥३॥फलशाकग्रहणं॥४॥ साधु साध्वीनां निर्विकृतिक प्रत्याख्याने निर्विकृतिकग्रहणं॥५॥ आर्यिकासमानीता शनादिभोगानुज्ञा॥६॥प्रत्यहंद्विविधप्रत्याख्यानं॥७॥ गृहस्था वर्जन निमित्तं प्रतिक्रमणकारणानुज्ञा॥८॥ संविभागदिनेतद्गृहे गीतार्थेन गन्तव्यं ॥९॥ लेपसंनिध्यभावः ॥१०॥ तत्कालीनोष्णोदक ग्रहणं ॥११॥

ઇત્યાદિના ક્રિયા શૈથિલ્ય રૂચી કોઇ મુની **स्वायत्तो कृत्येसादि.**

અર્થ—મહાવીર સ્વામીથી પીસતાળીસમાં પટ્ટમાં સંવત ૧૩૦૨ની આસ પાસમાં વિજયચંદ્રસૂરિ શિથિલાચારી થયા. તેઓ આવા કૃત્યો કરવા લાગ્યા કે ગીતાર્થોને જૂદી જૂદી વસ્ત્રની પોટલીઓ દેવી. સદા વિગઇ લેવાની આજ્ઞા આપી કપડાં ધોવાની, આજ્ઞા આપી, ફળનું શાક લેવા લાગ્યા, સાધુ સાધવીઓને વિગઇ પચ્ચખાણમાં નિવિયાતા ખાવાની આજ્ઞા આપી નિત્ય દુવિહાર એકાસનની આજ્ઞા ગૃહસ્થને રાજી રાખવા સારૂ સાધુને પ્રતિ ક્રમણ કરાવવાની આજ્ઞા, અતિથિસંવિભાગને દિને તેને ઘેર ગીતાર્થની સાથે લઇ જવાની અનુજ્ઞા લેપ સંનિધિ રાખવાની આજ્ઞા. ૧૦ તતકાળ નું ઉનું પાણી લેવું ૧૧ ઇત્યાદિક તપગચ્છના આચાર્યો કરે તેને શિથિલા ચારી કહેવા. અને તેની સંગત તજવી તો હવે વિચારવું જોઇએ કે હમણાં જે વસ્ત્રની પોટલીઓ તાળામાં મુકે છે અને માણસ પાસે ઉંપડા વે છે, નિત્ય ઘી આદી ખાય છે. સાધુ પાસે વસ્ત્રો ધોવડાવે છે વિગઇ પચ્ચખાણ કરી તળેલી રોટલીઓ અને પુરી વીગેરે નિવિયાતા ખાય છે ફળનું શાક લે છે લેપાદીક સંનિધી રાખે છે એવા અનાચારીને સાધુ માન વામાં આવે છે. અને આચારના પાળવાવાળા સાધુ ઉપર કુભાવ રાખે છે એ કેવળ અયોગ્ય છે. લિંગ કુલિંગને ઓળખીને સાધુ માનવા જોઇએ.

⊰ દિન ચર્યા ⊱

દેવ સૂરિકૃત સામાચારીમાં એમ લખ્યું છે કે રાત્રીનાં પાછલા પ્રહરમાં ઉઠીને પંચ પરમેષ્ઠિના મંત્રનો સાત વખત જપ કરવો. પછી ઇરિયાવહિ કરીને જાવ લોગસ્સ કરીને નિંદ્રા મૂકવી. પછી કુસુમિણુ દુસુમિણુ કાઉસગ્ગ સારી રીતે કરવો, પ્રાણાતિપાતાદિ સ્વપ્ન અગર જોવામાં આવે તો ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો, સ્વપ્નમાં મૈથુન સેવન થયું હોય તો ચાર લોગસ્સ અને એક નવકારનો કાઉસગ્ગ કરવો. અહિંઆ કાઉસગ્ગ પારીને લોગસ્સ ભણવો એમ સામાચારીમાં લખ્યું નથી, પરંતુ હાલમાં સાધુઓ કરે છે તેનું કારણ શું ? પછી પાદપ્રુંછનપર બેસીને ચૈત્યવંદન કરવું પાદપ્રુંછન એટલે ઓઘાના દાંડા ઉપર લપેટેલો ઉર્ણવસ્ત્ર પેહલાં તે છુટો રહેતો હતો હમણાં તે બાંધેલો રાખે છે. તેમાં (ચૈત્યવંદનમાં) જગ ચિંતામણી હાલમાં કરે છે તેનો નિયમ સામાચારી શાસ્ત્રમાં નથી, કયાં સુધી કરવું તેનો પણ નિયમ નથી.

ચાર ખમાસમણુ વડે ભગવાન આચાર્ય ઉપાધ્યાય સાધુઓને વંદના કરવી પરંતુ ભગવાનહં ભગવાન મિશ્ર એમ કહેવું લખ્યું નથી તે હમણાં કરે છે તેનું કારણ શું ? પછી સજ્ઝાયની આજ્ઞા લેવાનું લખ્યું નથી. ભરહેસર બાહુબલી કેહવાનું લખ્યું છે. પછી ઓઘાથી જમીન પુંછી પ્રોંછનક પાથરી ત્યાં બેસી સજ્ઝાય કરવો, પરંતુ હાલમાં કામળી પાથરી બેસે છે પછી અભિગ્રહ લીધો હોય તેનું સ્મરણ કરવું ધર્મ જાગરણુ કરવું અને વિચારવું કે હું પ્રમાદ કરૂં છું તો સંસાર કચરામાં પડીશ. બીજાની દેખાદેખી મારે શા માટે કરવું જોઇએ. માહરે તો મારા આત્માને સુધારવો **एगोमेसासओअप्पानाणदंसणसंजुओ, सेसामेबाहिराभावासव्वे संजोगलक्खणा** એવો વિચાર પાછલી બે ઘડી રાત્ર રહે ત્યાં સુધી કર્યા કરવો, અને નિર્મલ જ્ઞાન ચિંતવું પછી પ્રતિક્રમણને અવસરે ઇરિયા વહિયા પ્રમુખ બધાં શૂત્રો હળવે હળવે સ્વરે કહેવાં જેમ ગીલોડી વીગેરે હિંસક જીવ, ન જાગે એ ઉપર જયંતી દૃષ્ટાંત ટીકામાં લખ્યું છે. અહિઆ કાલ ગ્રહણુ કરવું કાલિક સૂત્ર ભણાવાને માટે જોગ વહવાદિ કાર્યમાં ચારે કાળ લેવા બે કાળ તો અવસ્ય લેવાજ. ત્યાં અસજ્ઝાયિક ટાળીને કાલ લેવાની વિધી ટીકામાં જે લખી છે તે મુજબ નિત્ય કોઇ લેતું નથી. તો જોગસ્યું શુહા ! અત્ર પ્રતિક્રમણુ

અવસરે **इरियाकुसमिणउस्सग्गो सकत्थय साहुनमण सज्झाओ, चउरोखमासमणा सव्वसावि दंडओ चेव॥** ઇરિયાવહિ કુસમિણુ કાઉસગ્ગ પ્રગટ લોગસ્સ ખમાસમણુ આપીને ચૈત્યવંદન શક્રસ્તવ કરવો લખ્યો છે પરંતુ જયવીયરાય સુધી લખ્યો નથી. ચાર ખમાસમણા પછી ભરહેસરની સજ્ઝાય કરવી પછી ખમાસમણ દઇને આજ્ઞા લેવી સવ્વસવિ ભણીને નમો· થુણુ કહીને ઉભા થઇ કરેમિભન્તે, ઇચ્છામિ, ઠામિ. અન્નત્થ ચારિત્રાર્થે લોગસ્સનો કાઉસગ્ગ, પારિ, બીજા લોગસ્સનો કાઉસગ્ગ, ચંદેસુ. સુધી ભણવો. બીજે કાઉસગ્ગપારિ પુક્ખર૦ સુઅ૦ વંદ૦ અન્નત્થ૦ કાઉસગ્ગરાત્ર્ય-તિચાર ચિંતવા. વળી સયણાસણ ઇત્યાદિ ભણવા. (એનો અર્થ ટીકામાં કર્યો છે) એમાં સંધ્યા પ્રતિક્રમણને અંતે ત્રણ થુઇઓ કેહવી ત્યાંથી લઇ કાઉસગ્ગ સુધી જે અતિચાર લાગ્યા હોય તેને આલોવીને **नमोअरिहंताणं** ભણીને પારી, સિદ્ધાણું૦ ભણીને મુહપત્તી પડિલેહવી. વળી બે વાંદણા દઇને આલોયણા કરવી રાઇયમ્ આલોઉં ·કહીને ગુરૂદત્ત પ્રાયશ્ચિત લઇને સવ્વસવી, દેવસ્ય કહીને હેઠાં બેસી જમણો ઢીંચણ ઉંચો કરી ડાબો ભોંય ઉપર રાખી ઓઘો બે હાથમાં મુહપત્તિ સહિત લઇને બેસી પ્રતિક્રમણ સૂત્ર તસ્સધમ્મસ્સ કહી ઉભા થઇ વાંદણા દેવી. પછી કેહવું ઇચ્છાકારે૦ અબ્ભુટ્ઠિયોહં૦ વળી બે ખાંમણાં દઇને પછી ત્રણ, આયરિયગાથા કેહવી, વળી ઇચ્છામિઠામિ કહી કાઉસગ્ગમાં છમ્માસિય તપની ચિંતા કરવી, નવકારના કાઉસગ્ગને પારી લોગસ્સ કહીને હેઠળ બેસી મુહપત્તિને ;પડિ લેહી વાંદણા દઇ પચ્ચખાણ કરવું. દ્રવ્યાદિ અભિગ્રહ ધારણનો વર્ણક અને દશ પચ્ચખાણની વ્યાખ્યા સામાચારી શાસ્ત્રમાં અત્રે કરી છે, પરંતુ સકલતીર્થની વ્યાખ્યા તેમાં નથી હમણાં પચ્ચખાણ પેહલાં કરવામાં આવે છે, તે સામાચારી શાસ્ત્રમાં નથી. અને હમણાં તે ન આવડે તો પ્રતિક્રમણને અધુરૂ મુકીને પચ્ચખાણ કરી પછી ઇચ્છામો અણુ-સટ્ઠિં કહી ત્રણ થુઇ એ દેવ વંદન કરવું. અત્રે ચાર થુઇથી દેવ વંદન કરવું એમ લખ્યું નથી અને બહુવેલ સંદિસાહુ બહુવેલ કરૂં એમ કહીને ચાર ખમાસણા ભગવંન પ્રમુખ ભણીને પડિલેહણ કરવું એવું લખ્યું છે, પરંતુ એ રીતે કોઇ કરતું નથી. ચાર ખમાસણા દઇને બહુવેલ કરવું એ સામાચારી વિપરીત છે.

પડિલેહણની વિધી

૧ મુહપત્તિ, ૨ ઓઘો, ૩,૪, બે ત્રણ, નિસિજા ૫ ચોલપટ્ટ, ૬,૭,૮

કામળી સહીત ત્રણ કપડાં. ૯ સંથાર, ૧૦ ઉત્તરપટ્ટ આ દસ ઉપકરણુક્રમશઃ પડિ લેહવા, અહિઆ ઉપકરણોના નામ લખ્યાં છે. ગ્રંથ ગૌરવના ભયથી લખ તો નથી. તેમાં લખ્યા માપ પ્રમાણે ઉપકરણોને સંપ્રતિ પીતામ્બર સાધુએ, રાખતા નથી. તથા સામાચારીમાં લખ્યું છે કે જે કપડું ઓઢીને ગોચરી કરવા જાય તે કપડું ઓઢીને ચૈત્યમાં જવું નહિં. એમાં એક શંકા છે તે એ કે શું ચોલપટ્ટ એ રાખવા તે લખ્યા નથી. એ દસ ઉપકરણો સૂર્યોદય પેહલાં પડિલેહીને ઓઘો પડિલેહવો. તેમાં પ્રથમ પાટો પછી ડસિયા, દંડી, સૂત્ર, નિસઘા, કંબલની નિસઘા, ક્રમશઃ પડિલેહવી પછી બે ખમાસમણા દઇ ઇચ્છા૦ "પડિલેહણ પડિલેહાવો" એમ કહીને ઓઘાથી કાયને પડિલેહીને સ્થાપનાચાર્યની પડિલેહણા કરવી પછી બે ખમાસમણાં દઇને ઉ૦ સં૦ ઉપધિ૦ કહીને ઉપધિ મુહપત્તિ પડિલેહવી. વળી સૂર્યોદય વખતે મુહપત્તિ મુખપર બાંધી વસતિ પુંજે. કચરા જુવે તેમાં જીવ દેખાય તો ગુરૂથી તેનો દંડ લે પછી તેને છાયામાં પરેઠે ખેલમાત્રાની રાખ પરડે નવી રાખ તેમાં ઘાલે પછી ઇરિયા વહિયા કરે. સજ્ઝાય પ્રસ્થાપન કરીને સજ્ઝાય કરે પ્રથમ સૂત્ર પોરિસી છ ઘડીની જાણવી. તે કરી ઉગ્ઘાડા પોરેસીમાં મુહપત્તિને પડિલેહી બે પોહોર સુધી અર્થ પોરિસી કરે.

सोकिंगच्छोभणइजत्थण विज्जन्ति पंचत्रपुरिसा आयरिय १ उवज्झाया २ पवित्ति ३ थेरा ४ यगणवच्छा. ५

અર્થ—તે શું ગચ્છ અર્થાત્ તેને ગચ્છન માનવો જેમાં આચાર્ય (અર્થના દાતા છત્રીસ ગુણધારી) નથી. ઉપાધ્યાય (જેની પાસે ભણવામાં આવે છે તે) નથી. પ્રવર્તક એટલે સર્વ શિષ્યોની ચિંતા કરનાર નથી. થવિર એટલે પ્રવર્ત કે પ્રવર્તાવેલા સાધુંઓને સંયમમાં સીદતા થિર કરે તે નથી. ગચ્છ યોગ્ય ક્ષેત્ર કરવું અને નવાં નવાં ક્ષેત્રમાં વિચારવું એ જેનું કાર્ય છે તે ગણાવચ્છેદક પણ નથી. ત્યારે પીતાંબર ધારણ કરનાર સાધુઓ કહે છે કે અમો તપાગચ્છમાં છીએ. પરંતુ તેનો ગચ્છ એ પાંચ વિનાનો છે અને તે કોની આજ્ઞા માને છે, માટે આચાર્ય વિનાનો ગચ્છ હોયજ નહીં. જે રહે તે ગચ્છ તરીકે ન સમજવો અહિંઆ ઘણું લખવું હતું પરંતુ બુદ્ધિવાનોને આટલુંજ બસ જાણી લખતો નથી.

પોરિસી પ્રમાણ જોઇ પડિલેહણા સમય જાણવો જે આચાર્ય ગચ્છમાં સારણાદિન કરે તે સાધુઓનાં મસ્તક છેદે છે પછી

ભૂમી પુજી ઇરિયાવહિ પડિકકમણુ ભણી પ્રાદપ્રુંછન ઉપર બેસીને મુહપત્તિ પડિલેહવી પછી પાત્રાપડિલેહવા. પાત્ર ઉપકરણુ સાત પૂર્વે કહ્યા તે પડિલેહવા. આઠેમ ચૌદસને દીવસે સર્વ ચૈત્ય વાંદવા. બીજે દીવસે એક ચૈત્ય વાંદવું તે પ્રમાદ મૂકી ચૈત્યમાં કરે ત્યાં જઘન્ય મધ્યમ અથવા ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરે પણુ ચૈત્યવંદનમાં જયવીયરાયની બેજ ગાથાઓ કહી છે હમણાં પાંચ કહે છે. અને ચૈત્યમાં ઉત્કૃષ્ટ વંદના સદા કોઇ કરતું નથી પછી પૂર્ણ પોરિસીમાં મુહપત્તિ પડિ લેહવી તેની વિધિ પછી જે ગામમાં જે અવસરે ભિક્ષા મળે તે વખતે ઝોળી પડલા સહિત લઇને ગુરૂ આજ્ઞાથી સંઘાડા સહિત જાવું ત્યા આંવસહી કહીને પિંડ ૧, સજ્જાં ૨, વસ્ત્ર ૩, પાત્ર એ ચાર લેવાં ત્યાં બેતાળીસ દોષ ટાળવા તે શાસ્ત્રમાં લખ્યા છે. હમણાં વસ્ત્ર સજ્જા સામાં લાવ્યા લે છે સામાચારીમાં બેતાળીસ દોષ ટાળીને લેવા વર્ણવ્યા છે. દોષને જે ન ટાળે તેને ચારિત્રી માનવા નહિં. દોષરહિત આહાર લઇને ઉપાસરામાં આવે ત્યારે નિસ્સહિ પ્રમુખ કહી બેસે. ગુરૂ પાસે ઇરિયાવહિ પ્રમુખ આલોઇ મંડળી નહીં હોય તો નિમંત્રણાં કરી ગ્રાસેસણા દોષ ટાળી ખાય. પછી સામાન્ય ચૈત્યવંદન કરી મુહપત્તિ પડિલેહી વંદન દઇ પચ્ચખાણ કરવું.

થંડલ જવાની વિધિ.

અણાવાયમ સંલોય ઇત્યાદિ થંડિલના એક હજાર ચોવીસ પ્રકાર શાસ્ત્રમાં લખ્યા છે તે પ્રમાણે હાલમાં ઘણાખરા જતા નથી. કિંતુવાડામાં જાય છે જે શાસ્ત્રમાં અતિ નિષિદ્ધ છે, તે પ્રકારોમાં પ્રથમ ન મળે તો યથાયોગ્ય લઇ થંડિલ બેસરાઇ ઉપાસરે દ્વારે ઉંચે સ્વરે નિસ્સહિ કહીને ઉપાસરામાં પેસી ઇરિયા વહિયા. આગમનાદિ આલોવી સ્વાધ્યાય સમયે સ્વાધ્યાય કરવો, અને સંધ્યા પ્રતિ લેખન સમયે ગુરૂ પાસે આવીને ખમાસમણુ દઇ "પડિલેહણુ સમય" એમ કહી ખમા. ભગવંન બહુ પડિપુણ્ણા પોરિસી એમ કેહવું ગુરૂ કહે તથેતિ એમ ભણી સર્વ સાધુ મળી ભેગા થઇ ઇરિયાવહિયા કહી આ દેશ પ્રથમે પડિલેહણુ કરૂં. ગુરૂ કહે કરેહ બીજે વસતિ પ્રમાર્જન કરૂં ગુરૂ કહે કરેહ ખમા૦ મુહપત્તિ ૫૦ અત્રે પૂર્વે સામાચારી જે હતી તેથી હમણાં બીજે પ્રકારે ચાલે છે. પછી બેસી સર્વ ચોલપટ્ટાદિની પડિલેહણા. કરવી ઉપવાસ હોય તો ઉપધિ પડિલેહવી ચોલપટો

પડિલેહવો પછી ખમા૦ થાપના પડિલેહવી ઉપધી મુહપત્તિ પડિલેહવી દોષ સાવદ્ય ઉપાધિ પડિલેહણ ક્રમ લખીએ છીએ. ઉપગરણ ૧૪માં માત્રક લઘુ નિત્ય ભાજન કહ્યું છે તેને પડિલેહીને શેષ દીવસે સજ્ઝાય તથા ઘડી શેષ દીવસે ચોવીસ મંડળ અને ૩ કાલ મંડળ કરી પ્રતિક્રમણ કરવું દેવસિય પડિકકમણ વિધિમાં છેલ્લે શાંતિ કરવી કહી નથી તથા પાક્ષિક પ્રતિક્રમણમાં બાર લોગસ્સનો કાઉસગ્ગ કરી પછી મુહપત્તિ પડિલેહવી વાંદણાં કહ્યાં છે **પિયંચમે** ઇત્યાદિ કહે છે પણ સમાપ્ત ખામણાં લખી નથી વાઘા ઇમકાલ ગ્રહણ વિના અંગ વાંચવા કહ્યાં નથી.

શ્રાવક પ્રતિક્રમણ વિધિ, સાધુને જે પ્રમાણે કહી છે તેજ પ્રમાણે જાણવી પરંતુ દેવેન્દ્રસૂરિકૃત વૃંદારક વૃત્તિમાં લખ્યું છે કે પ્રતિક્રમણ અધ્યયને વંદિતુ કહેવું અને ત્રણ સાધુ ખમાવવા. તે લખ્યું નથી. તથા અર્દ્ધ ચૈત્યવંદન જયવીયરાય સુધી છે તે હમણાં કોઇ કરતા નથી તેનો મુદ્દો એમ છે કે પ્રથમ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન દેહરામાં કરતા હતા હમણાં તેમ કરતાં નથી.

એ પ્રકારે બહુ લખવાને થોડાંમાં સામાચારીનો સંક્ષેપ અમે દેખડાવીએ છીએ. તપગચ્છના શાસ્ત્રોમાં શ્રી વિનયવિજય કૃત સુખબોધિકામાં શ્વેતજ વસ્ત્ર ધારણ કરવાની સામાચારી લખી છે તથા જયવીયરાય સેવણાભવમખંડા સુધી એમ દેવેન્દ્રસૂરિકૃત વૃંદારક વૃન્તિમાં લખ્યું છે. તથા પ્રથમ ઇરિયાવહિયા પછી કરેમિભન્તે શ્રાદ્ધદિનકૃત્ય વૃતિમાં લખ્યું છે. પણ તેમ કરતા નથી. તથા દેવસૂરિકૃત સામાચારીમાં શાંતિ કહેવી કહી નથી. હીરપટ્ટમાં સાબુથી વસ્ત્ર ધોવાનીના કહી છે. પણ કરે છે. દેહરે સદા આઠથુઇનું દેવવંદન કરવું એમ કહ્યું છે. પરંતુ તેમ નથી કરતા. અભ્યાહૃત એટલે સાંમા લાવેલા વસ્ત્ર,પિંડ, પાત્ર, વસતિ, ભોગવવાની ના કહી છે તેને કોઇ પાળતા નથી. પીળાં કપડાં પેહરવાની તપાગચ્છીય સૂરિકૃત ગચ્છાચાર પઇન્નય ટીકામાં મના કરી છે. પણુ તેને માન્ય કરતાં નથી. નાંનાં મોટાં સાત પાત્રો ઉપરાંત રાખવાની મના કરેલી છે છતાં રાખે છે તેનું શું ? એટલા તો તપા ગચ્છ સામાચારી શાસ્ત્ર માંહેનું લખ્યું હવે સૂત્ર પંચાંગી પ્રમાણે લખુ છું ગૃહસ્થ પાસે પગચંપી કરાવે, મસળાવે, માણસ પાસે જલનો ઘડો ઉપડાવે નિત્ય એકજ ઘરનું પાણી લે, કારણ વિના કમાડ ઉઘાડે અને જડે, હજામ પાસે વાળ મુંડાવે, કક્ષોપસ્થના વાળ ઉખેડે, અને ગુહ્યેન્દ્રિયને તેલ વિગેરે મસળીને ધુવે, નવ રૂપીયા ઉપરાંતનું વસ્ત્ર રાખે, ક્રીતકૃત એટલે

ગૃહસ્થે ખરીદી આપેલી વસ્તુ લે, પરગામથી સાધુને માટે લાવેલા કંબલ પાત્ર વીગેરે લે, જુંડું પાત્ર ભલું કરે ભલાંને જુડું કરે એમ વસ્ત્ર સુધારે, એવાં અનાચારો નિશીથાધ્યયનમાં વર્જ્યાં છે. અને તેનું મોટું પ્રાયશ્ચિત ત્યાં લખ્યું છે જ્યાં એકવાર માસ કલ્પ કરે ત્યાં વળી બે માસની વચ્ચે આવી રહે. એક ગામમાં તળે ઉપર બે વર્ષ ચોમાસું રહે વૃહત્‌કલ્પમાં એકજ ગામમાં બે વરસ ચોમાસું કરેવાની તદન મના કરી છે. જ્યાં ચોમાસું થઇ ચુકયું છે ત્યાં ચોમાસા પછી વસ્ત્ર પાત્ર લે, એટલાં આચારાંગમાં વર્જ્યાં છે. વળી પાત્રપોથી ગૃહસ્થને ઘેર મૂકે ગૃહસ્થના પાત્રો વિના કારણે વાપરે તેની દશવૈકાલિકમાં સાફ મના કરેલી છે. બારીનાં કમાડ ઉઘાડીને આહાર લે, અને કોઇપણ જાતનો પરિગ્રહ રાખવો આવસ્યકમાં વર્જ્યો છે. પણ હાલમાં કીંમતી ચસ્મા વીગેરે રાખે છે તેનું કેમ? ઇત્યાદિ સામાચારી વિપરીત છે. તથા આચાર્યની આજ્ઞા વિના વિચરે અને એકલો વિચરે, જે ગચ્છનો કેહવાતો હોય તે ગચ્છના આચાર્યની નિંદા કરે. પરિગ્રહ ધારી પાસે યોગ ઉપધાન વહે આમલમાં સ્વાદ લે, વિગઇ પચ્ચખાણુમાં નિવિયાતા અને જોગમાં કારણુ વિના વિગઇ લે એવા અનાચારો નિશીથમાં ઘણી ઠેકાણે વર્જ્યાં છે, ગૃહસ્થને સુખશાતા પુછવી એને દશવૈકાલિકમાં અનાચારમાન્યો છે. ગૃહસ્થને આવો જાઓ કહે, એને પણ અનાચારમાં ગણ્યું છે. દેહરે ત્રણ થુઇ કરવી એમ બૃહત્‌કલ્પ, અને વ્યવહાર કલ્પમાં લખ્યું છે, તેમ કરતાં નથી તેનું કેમ? પ્રાતઃસંધ્યાએ ચૈત્ય જે ન વાંદે તેને માથે દંડ મહાભાષ્યમાં લખ્યોછે.

કુસમિણુ કાઉસગ્ગ પારણુ અંતે લોગસ્સ લખ્યો નથી. જગચિંતામણીનો નિયમ નથી અને તે કયાં સુધી કરવો તે પણુ નથી લખ્યો ચાર ખમાસમણો આચાર્ય ઉપાધ્યાય સાધુને છે પણુ ભગવાનહં ભગવાન મિશ્ર ભણુવાનું લખ્યું નથી. સજ્જાયની આજ્ઞા લેવાનું પણ લખ્યું નથી. પ્રાદપ્રોંછનપર બેસીને અભિગ્રહ ધારવા, પણુ હમણાં કામળી ઉપર બેસીને કરે તેનું શું? બેકાળ સજ્જાયને માટે લેવા જોઇએ તે કેમ નથી લેતા? સકલ તીર્થ૦ અને [illegible]ર શુદ્ધનું ચૈત્યવંદન સામાચારી શાસ્ત્રમાં લખ્યું નથી, પણ હાલમાં તેમ કરે છે તે શા આધારે, તેને કોઇ પણુ પુછતાં નથી. પાદ પુંછન ઓઘામાં લપેટવુંજ જોઇએ પણુ તેને હાલમાં બાંધેછે દેવહરમા આઠ થુઇ કરી દેવ વંદન કરવું કહેલું છે. પણુ તેમ કરતા નથી. **જયવીયરાય** ને આભવમખંડા સુધી ભણુવું જોઇએ. શાંતિ કેહવી કહી નથી. પખ્ખિય સમન્તખામણું લખી નથી.

શાંતિ કરો એ પણ લખ્યું નથી.

સઘળા આચાર્યોને માનવા તથા તેમના રચેલા બધા શાસ્ત્રો પ્રમાણ માનવા ઉચિત છે પરંતુ તે આચાર્યોના ગ્રંથોના નામ લઇને પોતાની મતલબની વાત માનીને તે ગ્રંથોની સર્વ વાત તથાં તે આચાર્યોની સામાચારી ન માનવી એ તદન ભૂલભરેલું છે. એવું અમો દેખાડીએ છીએ, જુઓ કે જે ભદ્રબાહુસ્વામિ ચતુર્દશ પૂર્વધારી હતા. અને જેમના રચેલાં સૂત્રો પિસતાળીસમાં ગણવામાં આવે છે, તેમની નિર્યુકતીમાં ત્રણુજ થુઇનું ચૈત્યવંદન લખ્યું છે તો તેમ ન કરવાનું શું? તથા મહાનિશીથ સૂત્રમાં ત્રણ થુઇએ ઉપધાન કરવાનું સૂત્ર લખ્યું છે તે તો માનવુંજ જોઇએ! અને ઇરિયાવહિયા પ્રતિક્રમણ કર્યાવિના ચૈત્યવંદનાદિક કરવું નથી કલ્પતું. અત્રે આદિશબ્દ ગ્રહણથી પ્રથમ ઇરિયાવહિયા કરી પછી કરેમિભન્તે કરવું એમ સામાયિકની વિધિમાં લખ્યું છે, તે કેમ મનાય? મતલબનું મનાય. ટીકાચૂર્ણિમાં પ્રથમ કરેમિભન્તે કરીને પછી ઇરિયાવહિયા કહી છે તેને ન માનીને સૂત્રનું શરણ લેવામાં આવે છે અર્થાત મહાનિશીથસૂત્રમાં ઇરિયા વહિયા પ્રતિક્રમણ વિના ચૈત્યવંદનાદિક કરવાનો નિષેધ છે, તેમાં ચૈત્યવંદનાદિ સામાન્યરૂપે કહ્યું છે, આવસ્યક ચૂર્ણિ વૃત્તિમાંતો, વિશેષરૂપે સામાયિકનું વિધાન છે, તે સામાન્યસૂત્રોકત વિધાનનો બાધક થઇ શકે છે. એ ઉપર પન્યાસજી રૂપવિજયજીનું કહેવું છે કે સુત્રની અપેક્ષાએ ટીકા,ચૂર્ણિનું મત હમને માન્ય નથી. એમ કહીને પન્યાસજી તેનો પરિહાસ કરતા હતા, અને આત્મારામજી તેના અનુસારે મમત્વ પકડી તેમજ માનતા હતા. યદ્યપિ યથાર્થરૂપે તે જાણુત. હતા પરંતુ દાદાગુરૂએ માન્ય કરેલાને ફેરવી શકતા નહોતા, સુત્રને સામાન્ય કહેવાવાળાનું મત ઠીકજ હતું, કેમકે **बहुव्यापकं सामान्यं** એ ન્યાયે કરીને સૂત્ર સામાન્ય છે કેમકે તેમાં ચૈત્યવંદના આદિ બધી ક્રિયાઓનો સમાવેશ થાય છે, અને ચૂર્ણિ વૃત્તિમાં તો કેવલ સામાયિકનો ઉલ્લેખ છે. નહિં તો ચૂર્ણિ વૃત્તિની ઉપેક્ષા કરીને જો સુત્ર માનવામાં આવે તો પ્રતિ આવસ્યક ઇરિયાવહિયા પડિક્રમણ કરવું જોઇએ. એમ જાણીને ચૂર્ણિકરિ જે ચૂર્ણિમાં લખ્યું છે તે વિશેષ છે, અને તેજ માન્ય છે, અને અમે પણ તેમજ કરીએ છઇએ.

વ્યવહાર ભાષ્ય અને કલ્પભાષ્યમા ત્રણ થુઇ કહી છે તે શામાટે માનવામાં નથી આવતી? અને તેમની ટીકાઓમાં લખ્યા પ્રમાણે ચૌદ

ઉપકરણ ઉપરાંત ટોપરા પ્રમુખ ઉપકરણું અને ત્રણ પાત્ર ઉપરાંત તર્પણી પ્રમુખ રાખવામાં આવે છે તેનું કેમ? તથા આચારાંગાદિમાં વસ્ત્ર રંગવા ધોવાનો નિષેધ ચોખ્ખી રીતે કરેલો છે છતાં તેને કેમ માન્ય નથી કરતા? અને નિશીથમાં કોઇ કારણે કહેલાં વસ્ત્ર ધાવનરંજન માનવા માટે કુદી પડો છો. તથા દશ વૈકાલિકમાં ગૃહસ્થને સુખશાતા પુછવા અનાચાર કહયો છે પણ તે પ્રમાણે કેમ વર્તન રાખો છો? નિશીથાધ્યયનમાં ગૃહસ્થને કામની ભલામણનો નિષેધ કર્યો છે તો તે તમે શા માટે કરો છો?

કયા કયા આચાર્યને કઇ કઇ રીતે માનવા.

હરિભદ્ર સુરિજીએ લલિત વિસ્તરામાં ચોથી થુઇ લખી છે, તેને કરવા માટે કુદી રહ્યા છો અને તેજ હરિભદ્રસૂરિજીએ રચેલી આવસ્યક ટીકામાં ત્રણ થુઇનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન લખ્યું છે અને શાંતિ નિમિત્તે **અજિત સંતો**૦ એ કહ્યું છે પણ ચાર થુઇ કહી નથી. અને તેજ હરિભદ્ર સુરિએ પંચાશકમાં ત્રણ થુઇનું ઉત્કૃષ્ટ દેવવંદન કહ્યું છે. આવસ્યક ટીકામાં પ્રથમ કરેમિભન્તે પછી ઇરિયા વહિયા તે નથી કેમ કરતા? જે કોઇ ગચ્છવાળા માને છે તેઓ પણ ત્રણ કરેમિભન્તે કરીને ઇરિયાવહિયા કરે છે તેમની સામાચારીમાં પખ્ખિય પડિક્કમણની વિધિ જેમ લખી છે તેમ ન કરીએ તો તે આચાર્યો માન્ય કેમ ગણાય? તપાગચ્છનું નામ ધરાવી હીરસૂરિજીને માનવામાં આવે છે તો તેણે કહેલા પચમીદાને આચામામ્લાદિ કરવું અને ચોથની સંવત્સરી કરવી પણ જોઇએ, તથા તેમની સામાચારી પ્રમાણે શ્વેતવસ્ત્ર ધારવું પણ જોઇએ. અને તેમ ન માનતા તે આચાર્યોના માનનાર છો એ કેમ બની શકે? પોતાની મતલબનું માનવું અને વિના મતલબનું જોઇ ન માનવું એ તદન સ્વેચ્છા ચારિ પણું બતાવે છે. અહીંઆ કોઇ કહે કે જે બધાનો અભિપ્રાય લઇને કરે છે તેનો દોષ શો!

ત્યારે તો શામાટે વૃથા વિવાદ કરો છો એમ તો બધાએ માને છે કોણ નથી માનતો! કોઇ સૂત્રમાથી લઇ વર્તે છે કોઇ ટીકા, કોઇ ગચ્છ, કોઇ આચાર્યને લઇ વર્તે છે, પણ સાવદ્યન જોયએ બધાંજ સાચા છે. ત્યારે તો આચાર્યથી શું મતલબ? જો આચાર્ય ન હોય તો ગચ્છપણ નથી ગચ્છ વિના પ્રાયઃસાધુ પણ નથી માટે આચાર્ય તો અવસ્ય જોઇએ.

એમ જે જે સૂત્રોમાં વિધિઓ લખી છે તેને પાળવા સારૂ અને તેમાં લખેલાં નિષેધને ટાળવા માટે પ્રયત્ન કરવોજ એ શુદ્ધ સામાચારી ગણાય છે. તેના પાળવાવાળા સાધુઓજ માન્ય પામવા યોગ્ય છે.

इत्यलं ॥ सुज्ञेषु किंबहुना ॥

॥ संपूर्ण ॥

-પૂર્તિ-

પ્રિયતમ જૈનબંધુઓ સાદ્યંત આ લેખ આપે વાંચ્યો હશે જેથી આપના અંતઃકરણમાં સત્ય વાર્તા ઉતરી હશે કે મહારાજ શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી પીસતાળીસ આગમો અને સઘળા આચાર્યોએ કરેલ સામાચારી શાસ્ત્રથી મુખ્યાંશે અવિરૂદ્ધ વિશુદ્ધ વીર તીર્થીય સાધુ આચરણ કરે છે એમ અમો ને તમો સઘળા માનીએ છઇએ તેમાં કાંઇ પણ વિવાદ નથી. છેતો માત્ર ત્રણ અને ચાર થુઇમાંજ છે. તે પણ વિચારવંત જ્ઞાની પુરૂષોની આગળ કાંઇ નથી. છેતો અંજાણ હઠી આગ્રહી લોકોનેજ. સૂરિજી મૂલ આગમોના અભિપ્રાયથી ત્રણજ થુઈ નિત્ય કરે છે અને કેટલાક આચાર્યોના લેખ પ્રમાણે કારણે ચોથી પણ કરે છે, તે ઉપર કાંઇ દ્વેષબુદ્ધિ રાખતા નથી જેમ ચતુઃ સ્તુતિક નામ ધરાવનારો ત્રણ ઉપર દ્વેષ રાખે છે તેમ ! જેનો ચોથી થુઇ કરવાનો મોટો આગ્રહ છે તે ભલે પોતે ચોથી થુઇ કરે તેને કાંઇ અટકાવ નથી. હજારો શ્રાવક શ્રાવિકાઓ ધર્મ ક્રિયા કરવા સારૂ નિત્ય આવે છે.

શા૦ ભગવાનજી વરદુજી	સુરતવાળા
શા૦ કલ્યાણજી અખાજી	,, ,,
શા૦ નવાજી તોગાજી	,, ,,
શા૦ પદ્માજી તોગાજી	,, ,,
શા૦ શાકરચંદ તેજમલ	,, ,,
શા૦ પુનેમચંદ કૃષ્ણાજી	,, ,,
શા૦ કેવળચંદ ગમનાજી	,, ,,

શા૦ પ્રેમચંદ સ્વરૂપજી	,,	,,
શા૦ ગમના પરસોતમ	,,	,,
શા૦ માધુ ફુત્તાજી	,,	,,
શા૦ દીપચંદ જીતાજી પરમાર	,,	,,
શા૦ લખમીચંદ જેઠાભાઇ	અમદાવાદ	
શા૦ લલ્લુભાઈ કેવળદાસ	,,	,,
શા૦ મોહનલાલ લખમીચંદ	,,	,,
સરાફ ગુલાબચંદજી	રતલામવાળા	
હજારીજી સરાફ	,,	,,
શા૦ જમ્મુજી ચત્રુભુજ	,,	,,
શા૦ રૂપચંદ રખભદાસ	,,	,,
શા૦ કપુરચંદ ચુનીલાલ	,,	,,
શા૦ નીહાલચંદજી અગરવાળ	,,	,,
શા૦ ચંદમલ વાગડયા	,,	,,
શા૦ માનાજી વાયડા	,,	,,
શા૦ છબાજી ગુગરીયા	,,	,,
શા૦ હીરાચંદ પોરવાડ	,,	,,
શા૦ રામાજી જયચંદ	ખાચરોદવાળા	
શા૦ ભગવતી ચુનીલાલ	,,	,,
ચૌહાણ રખભચંદ ભુલચંદ	,,	,,
સુરાણા પન્નાલાલ	,,	,,
શા૦ દૌલતરામ ઋષભાજી	,,	,,
શા૦ વાગરેચા ભેરાજી	,,	,,
શા૦ ભંડારી મયાચંદ	,,	,,
શા૦ દેવાજી કારટીંગ એજંટ	,,	,,
ભંડારી પુનાજી ચંપકલાલ	,,	,,
શા૦ કાલુજી નાગદા	,,	,,

પારેખ છોટમલ જુહારમલજી જાવરાવાળા
ચુનીલાલજી સમદરીયા ,, ,,
શા. ટેકાજી રૂંડવાલ ,, ,,
શા. જડાવચંદજી લોઢા ,, ,,
શા. જવેરચંદ કન્નાવટ ,, ,,
શા. રતીચંદ લલવાણી ,, ,,
શા. ચુનીલાલ પગારીયા ,, ,,
શા. સ્વરૂપચંદ લોઢા ,, ,,
શા. ધાડીવાલ પ્રથીરાજ કેસરીમલ,, ,,
શા. રામાજી ડફૂર્યા ,, ,,
શા. ચીમનલાલજી હીંગડ મંદસોરવાળા
શા. હજારીમલજી લોઢા ,, ,,
શા. મોતીલાલજી સંગવી ,, ,,
શા. ફુલચંદજી ગાંગ ,, ,,
શા. ધુરાજી ગાંધી ,, ,,
શા. રખમાજી પોરવાડ વડનગરવાળા (માળવા)
શા. હજારીજી મોદી ,, ,,
શા. નંદરામ બરબોટા ,, ,,
શા. ભટેરા ઇન્દ્રમલજી ,, ,,
શા. ખેતાજી વરધાજી કડોદ (માલવા)
શા. વન્નાજી સીયાણુવાળા ,, ,,
શા. ગેનાજી ,, ,,
શા. જયસાજી ,, ,,
શા. ડાયાજી ,, ,,
શા. નરસીંગજી ,, ,,
શા. નરસીંગજી વાગરાવાળા
શા. હુકમાજી ,, ,,
શા. દેવરાજજી ,, ,,

શા૦ ગેનાજી	,, ,,
શા૦ કસ્તુરજી	,, ,,
શા૦ ખુમાજી	ગામ સાંથુવાળા
શા૦ ચેનાજી	,, ,,
શા૦ રામાજી	તખતગઢવાળા
શા૦ હંસરાજજી	,, ,,
શા૦ જેઠાજી	કુશીલાવાળા
શા૦ નથાજી	,, ,,
શા૦ બન્નાજી	,, ,,
શા. વીરચંદજી	શીવગંજવાળા
શા૦ જીતમલજી	,, ,,
શા૦ ગાડુમલજી	,, ,,
શા. મુતા જીતમલજી	આહોરવાળા
શેઠ વાગમલજી	,, ,,
કોઠારી સવરાજજી	,, ,,
મુતા જુવાનમલજી	,, ,,
મેતા મેઘરાજજી	,, ,,
શા. કપુરચંદજી	,, ,,
શા. હરખચંદજી	,, ,,
શા. અખ્ખાજી	,, ,,
શા. ગેનાજી	,, ,,
સંગવી હેમરાજજી	,, ,,
મુતા જામતરાજજી	જાલોરવાળા
મુતા પન્નાલાલ	,, ,,
સોલંકી પ્રથિરાજજી	,, ,,
મોદી કુશલરાજજી	,, ,,
શા૦ રૂપચંદજી	,, ,,

શા૦ પુસાજી ,, ,,
શા૦ મૂળચંદજી ,, ,,
શા૦ ચુનીલાલ ખચાનજી રાજઘઢવાળા
સંઘવી લુણાજી ,, ,,
રૂપાજી રાયચંદ કુકસીવાળા

આ ઉપરાંત ઘણા ગામના ગ્રહસ્થો તરફથી સહીઓ થઇ છે. તે એકંદરે લગભગ હજાર થવા થાય છે સ્થળ સંકોચને લીધે લખી શકતા નથી.